

પેજ-08
અક્ષય સાથે ડાન્સ કરતા-કરતા અચાનક ભૂમિ પેડનેકર ઢળી પડી...

અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
રોહિત મુંબઈ માટે કમબેક કરી શકે છે



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 42.00 | 27.00 |
| વડોદરા | 40.00 | 27.00 |
| સુરત | 33.00 | 28.00 |

પેજ 5



રૂપી ડેપ્રિસિયેશન અસરો ખાળવા SBI દ્વારા માળખાગત સુધારાની હાકલ

30 APRIL-2026 WEDNESDAY

પુતિનનો ખરાબ સમય, રશિયામાં પલટાઈ શકે છે સત્તા



પેજ 10

| શેરબજાર | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77496.36 | ▲ | 609.45 |
| નિફ્ટી | 24177.65 | ▲ | 181.95 |
| સોનું | 148996.0 | ▼ | 1031.0 |
| ચાંદી | 232702.0 | ▼ | 4643.0 |

વર્ષ-15 । અંક-168 । વિક્રમ સંવત-2082 । વૈશાખ સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મોદીએ યુપીના સૌથી લાંબા એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું

(એજન્સી) વારાણસી | તા.29

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે હરદોઈથી યુપીના સૌથી લાંબા ગંગા એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું. જાહેર સભાને સંબોધતા પીએમએ જાહેરાત કરી કે ગંગા એક્સપ્રેસ-વેને હરિદ્વાર સાથે પણ જોડવામાં આવશે. તેમણે કહ્યું કે મહિલા વિરોધી સપા ક્યારેય સુધરવાની નથી, તેથી તેમનાથી સાવધાન રહો. આ પહેલા, પીએમએ એક્સપ્રેસ-વેના કિનારે વૃક્ષારોપણ કર્યું. સીએમ યોગી સાથે એક્સપ્રેસ-વે પર પગપાળા પણ ચાલ્યા. 594 કિલોમીટર લાંબો આ એક્સપ્રેસ-વે મેરઠને પ્રયાગરાજ સાથે જોડશે. આનાથી મેરઠથી પ્રયાગરાજનું અંતર માત્ર 6 કલાકમાં પૂરું થશે. અત્યાર સુધી 11-12 કલાક લાગતા હતા. 12 જિલ્લાઓમાંથી પસાર થતો આ એક્સપ્રેસ-વે અનેક રીતે ખાસ છે. અહીં પબ્લિક કન્વીનિયન્સ સેન્ટર બનાવવામાં આવ્યા છે, જેમાં રહેવાની સુવિધા, સારવાર માટે ટ્રોમા સેન્ટર અને ફૂડ કોર્ટનો સમાવેશ થાય છે.





### યુપીનો નવો લાઈફલાઈન: મેરઠથી પ્રયાગરાજ ૬ કલાકમાં

૫૯૪ કિલોમીટર લાંબો આ એક્સપ્રેસ-વે પશ્ચિમ ઉત્તર પ્રદેશના મેરઠને પૂર્વી ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ સાથે જોડશે. આ હાઈવેના નિર્માણ બાદ હવે ૧૧-૧૨ કલાકની મુસાફરી માત્ર ૬ કલાકમાં પૂરી થઈ શકશે. આ યુપીનો સૌથી લાંબો એક્સપ્રેસ-વે છે, જે અગાઉના ૩૪૦ કિમી લાંબા પૂર્વાંચલ એક્સપ્રેસ-વેનો રેકોર્ડ તોડે છે. અંદાજે ૩૭,૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થયેલો આ હાઈવે રાજ્યનો છઠ્ઠો કાર્યરત એક્સપ્રેસ-વે બની ગયો છે.

### પીએમ મોદીના વિપક્ષ પર પ્રહાર અને બંગાળનો ઉલ્લેખ

સંમેલનને સંબોધતા પીએમ મોદીએ પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા મતદાનનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'બંગાળમાં જેવું બમ્પર મતદાન થઈ રહ્યું છે, તેવું દાયકાઓમાં જોયું નથી. જનતા પરિવર્તન માટે તલપાપડ છે.' સાથે જ તેમણે સમાજવાદી પાર્ટી પર પ્રહાર કરતા તેમને 'મહિલા વિરોધી' ગણાવ્યા અને જનતાને તેમનાથી સાવધાન રહેવા અપીલ કરી હતી.

## બંગાળમાં બીજા તબક્કામાં 92% મતદાન

(એજન્સી) નવી દિલ્હી | તા.29

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાની 142 બેઠકો પર મતદાન પૂર્ણ થઈ ગયું છે. સાંજે 7 વાગ્યા સુધી 91.79% મતદાન થયું છે. આ આંકડો હજુ વધી શકે છે. મતદાન દરમિયાન ઘણી જગ્યાએ હિંસા, અથડામણ, લાઠીચાર્જ અને EVM સાથે છેડછાડની ઘટનાઓ સામે આવી છે. નોર્થ 24 પરગણાના અરવિંદ રેલીમાં TMC અને ભાજપના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. બંને પક્ષના કાર્યકરોએ એકબીજા પર લાકડીઓ વડે હુમલા કર્યા હતા. સુરક્ષા દળોની મોટી સંખ્યામાં હાજરી હોવા છતાં સ્થિતિ બેકાબૂ જોવા મળી હતી.CM મમતાએ CRPF પર TMC સમર્થકો અને મતદારો સાથે

### ઉત્તર 24 પરગણામાં TMC-ભાજપના કાર્યકરો વચ્ચે હિંસા; દાવો- હાવડામાં CRPFએ માર મારતા વૃદ્ધનું મોત



મારપીટ કરવાનો આરોપ લગાવ્યો છે. મમતાએ કહ્યું કે CRPF એ અમારા અનેક લોકોની ધરપકડ કરી છે. તેઓ મતદારો અને સેન્ટ્રલ ઓબ્ઝર્વર લોકોને મારી રહ્યા છે. તેમણે મહિલાઓ અને બાળકોને પણ છોડ્યા નથી.TMC એ આરોપ લગાવ્યો છે કે CRPF ના હુમલાને કારણે હાવડાના ઉદયનારાયણપુરમાં એક વૃદ્ધનું મોત નીપજ્યું છે.

## UPના ગાઝિયાબાદના એપાર્ટમેન્ટમાં ભીષણ આગ: 9મા માળે લાગેલી આગ 15મા માળ સુધી પહોંચી

લોકો ભાગ્યા; ઘર સળગતું જોઈ મહિલાઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડી

(એજન્સી) ગાઝિયાબાદ | તા.29

ઉત્તર પ્રદેશના શહેર ગાઝિયાબાદમાં બુધવારે સવારે 8.30 વાગ્યે 15 માળના એપાર્ટમેન્ટમાં ભીષણ આગ લાગી હતી. આગ ગૌર ગ્રીન એવન્યુ સોસાયટીના ટાવર-ડીમાં 9મા માળે લાગી હતી. જોતજોતામાં આગે 7 માળને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. આગની ઊંચી-ઊંચી જ્વાળાઓ ઉઠવા લાગી હતી. આગ એટલી ભીષણ છે કે ધુમાડાના ગોટા લગભગ 5 કિમી દૂરથી દેખાતા હતા. સદનસીબે ફ્લેટમાં રહેતા લોકો કોઈક રીતે પોતાનો જીવ બચાવીને બહાર નીકળી આવ્યા. સીડીઓથી નીચેની તરફ ભાગ્યા. પોતાનું ઘર સળગતું જોઈને મહિલાઓ ધ્રુસકે ધ્રુસકે રડી પડી. સોસાયટીમાં અફરાતફરી મચી ગઈ. ધુમાડાને કારણે કેટલાક લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી. તેમને તરત જ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા.

માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની 14 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી અને આગ બુઝાવવાના પ્રયાસમાં લાગી ગઈ.

6 મેના રોજ અવધિ પૂરી થઈ રહી હતી

## હાઈકોર્ટે આસારામના જામીન 25 મે સુધી લંબાવ્યા: મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન અરજીનો સમય વધાર્યો

(એજન્સી) જયપુર | તા.29

રાજસ્થાન હાઈકોર્ટ જોધપુરે આસારામની વચગાળાની જામીન અવધિ 25 મે સુધી લંબાવી દીધી છે. આસારામની જામીન અવધિ 6 મેના રોજ પૂરી થઈ રહી હતી. આસારામે જામીન અવધિ વધારવા માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી. તે અરજી પર સુનાવણી કરતા કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ એસપી શર્મા અને જસ્ટિસ સંગીતા શર્માની બેન્ચે બુધવારે આસારામની જામીન અવધિને મેડિકલ ગ્રાઉન્ડ પર 25 મે સુધી લંબાવવાનો નિર્દેશ આપ્યો.

### રાજસ્થાન હાઈકોર્ટમાંથી ગયા વર્ષે મળ્યા હતા જામીન

રાજસ્થાન હાઈકોર્ટ (જોધપુર) એ આસારામને 29 ઓક્ટોબર 2025ના રોજ જામીન આપ્યા હતા. કાર્યકારી ચીફ જસ્ટિસ સંજીવ પ્રકાશ શર્મા અને જસ્ટિસ સંગીતા શર્માની ડિવિઝન બેન્ચે જામીન અરજી પર સુનાવણી કરતા આ નિર્ણય સંભળાવ્યો હતો.અરજી મેડિકલ આધાર પર દાખલ કરવામાં આવી હતી. રાજસ્થાન હાઈકોર્ટમાંથી આસારામને ત્યારે પહેલીવાર જામીન મળ્યા હતા.

### 6 મહિનાના મળ્યા હતા જામીન

રાજસ્થાન હાઈકોર્ટમાં 29 ઓક્ટોબર 2025ના રોજ આસારામની સજા સ્થગિત કરવા અને મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન અરજી પર સુનાવણી થઈ હતી. આસારામ વતી દિલ્હીથી આવેલા સિનિયર એડવોકેટ દેવદત્ત કામતે દલીલો કરી હતી. રાજસ્થાન સરકાર વતી એડિશનલ એડવોકેટ જનરલ (AAG) દીપક ચૌધરીએ દલીલો રજૂ કરી હતી. પીડિતા વતી એડવોકેટ પીસી સોલંકીએ દલીલો કરી હતી.

યુપી-એમપી, બિહાર, રાજસ્થાનમાં બદલાશે હવામાન

## રાજસ્થાનમાં ગરમીના કારણે ટ્રેનની બ્રેકમાં આગ: 17 રાજ્યોમાં 60kmphની ઝડપે વાવાઝોડાની ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.29

દેશના ઘણા શહેરો હીટવેવની ઝપેટમાં છે. મોટાભાગના વિસ્તારોમાં તાપમાન 40-46C ની વચ્ચે ચાલી રહ્યું છે. મંગળવારે પણ યુપીનું બાંદા દેશનું સૌથી ગરમ શહેર રહ્યું. અહીં પારો 45.6C નોંધાયો હતો. આ ઉપરાંત, ઓડિશાના ઝારસુગુડામાં 45.3C, મહારાષ્ટ્રના અકોલા, વર્ધા અને અમરાવતીમાં 45 થી વધુ તાપમાન રહ્યું.ભીષણ ગરમી અને લૂથી બચાવવા માટે પ્રયાગરાજમાં ઠેર ઠેર વોટર ATM લગાવવામાં આવ્યા છે. ઓડિશામાં લૂ સેન્ટર બનાવવામાં આવી રહ્યા છે. આ સેન્ટરો પર મુસાફરોને ઠંડુ પાણી



અને ગ્લુકોઝ આપવામાં આવશે.આ તરફ, રાજસ્થાનના ધૌલપુર રેલવે સ્ટેશન પર ટ્રેનના એક જનરલ કોચના નીચેના ભાગમાં આગ લાગી હતી. રેલવેના સૂત્રો અનુસાર, ગરમીના કારણે બ્રેક પેડલવાળા ભાગમાં આગ લાગી હતી.IMD અનુસાર, આજે 17 રાજ્યોમાં પણ વાવાઝોડા સાથે વરસાદ થઈ શકે છે. યુપી, રાજસ્થાન, બિહાર, મધ્ય પ્રદેશ, દિલ્હી, પંજાબ અને હરિયાણામાં 60kmphની ઝડપે વાવાઝોડું પણ ફૂંકાઈ શકે છે.

જસ્ટિસ નાગરત્નાએ કહ્યું હતું - ધાર્મિક પ્રથાઓના નામે રસ્તાઓ બ્લોક કરી શકાય નહીં

## સબરીમાલા કેસ, સુપ્રીમ કોર્ટમાં 10મા દિવસે સુનાવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.29

કેરળના સબરીમાલા મંદિર સહિત અન્ય સંપ્રદાયોના ધાર્મિક સ્થળોમાં મહિલાઓ સાથે થતા ભેદભાવ સંબંધિત અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં બુધવારે 10મા દિવસે સુનાવણી ચાલી રહી છે. મંગળવારે સુનાવણી દરમિયાન જસ્ટિસ બી વી નાગરત્નાએ કહ્યું કે ધાર્મિક કાર્યોના નામે રસ્તાઓ બ્લોક કરી શકાય નહીં.હિંદુ ધર્મ આચાર્ય સભા વતી હાજર રહેલા વકીલ અક્ષય નાગરાજને દલીલ કરી કે સરકાર આર્ટિકલ 25(2)(a)નો આધાર આપીને કોઈપણ ધાર્મિક સંપ્રદાયના અધિકારોમાં દખલ કરી શકે નહીં. રાજ્યને ધાર્મિક રીતિ-રિવાજો સાથે સંકળાયેલી આર્થિક, નાણાકીય, રાજકીય કે અન્ય બિનસાંપ્રદાયિક પ્રવૃત્તિઓને નિયંત્રિત કરવાનો કે રોકવાનો અધિકાર છે.આર્ટિકલ 25 હેઠળ સુરક્ષા માત્ર ધાર્મિક વિશ્વાસ સુધી મર્યાદિત નથી, પરંતુ આસ્થાના બાહ્ય સ્વરૂપો, જેમ કે કોઈ ખાસ દેવતાની પૂજા સાથે સંકળાયેલા રીતિ-રિવાજો, સમારોહો અને પ્રથાઓ સુધી પણ વિસ્તરેલી છે.

## સોનમ રઘુવંશી જેલમાંથી છૂટ્યા પછી પણ ઈન્દોર આવી શકશે નહીં

(એજન્સી) ભોપાલ | તા.29

ઈન્દોરના ટ્રાન્સપોર્ટ કારોબારી રાજા રઘુવંશી હત્યાકાંડમાં મોટો વળાંક આવ્યો છે. મેઘાલયની રાજધાની શિલોંગમાં હનીમૂન દરમિયાન પતિ રાજાના મર્ડરની મુખ્ય આરોપી સોનમ રઘુવંશીને ધરપકડના લગભગ 320 દિવસ પછી જામીન મળી ગયા છે.જોકે, અદાલતે શરત રાખી છે કે ટ્રાયલ દરમિયાન સોનમને શિલોંગમાં જ રહેવું પડશે. શિલોંગ કોર્ટે સોમવારે તેના જામીન મંજૂર કર્યા. મંગળવારે સોનમના પિતા દેવી સિંહ શિલોંગ પહોંચ્યા અને જામીન ભર્યા.ત્યારબાદ મંગળવારે સાંજે સોનમ જેલમાંથી મુક્ત થઈ.

## મહાકાલ મંદિરના અન્નક્ષેત્રમાં હવે ઓનલાઈન દાન: ભોગ લગાવી શકશે, આરતીમાં પોતાના હાથે પ્રસાદ ચઢાવી શકશે

(એજન્સી) ઉજ્જૈન | તા.29

શ્રી મહાકાલેશ્વર મંદિરમાં શ્રદ્ધાળુઓ માટે નવી સુવિધા શરૂ થવા જઈ રહી છે. મંદિરના અન્નક્ષેત્રમાં દાન હવે ઓનલાઈન કરવામાં આવી રહ્યું છે. દાન આપનાર ભક્તોને ભોગ આરતીમાં ભગવાન મહાકાલને ભોગ ધરાવવાનો અવસર મળશે. આ વ્યવસ્થા સંભવતઃ આવતા સોમવારથી શરૂ થઈ શકે છે.મંદિર સમિતિના સહાયક પ્રશાસક સિમ્મી યાદવના જણાવ્યા અનુસાર, અન્નક્ષેત્ર સંપૂર્ણપણે દાનથી સંચાલિત થાય છે. અહીં દરરોજ બે શિફ્ટમાં લગભગ 9 હજાર શ્રદ્ધાળુઓ ભોજન પ્રસાદી ગ્રહણ કરે છે. વધુને વધુ ભક્તોને જોડવા માટે દાન પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી રહી છે.

### કોઈપણ તારીખ માટે અગાઉથી બુકિંગ કરી શકાશે

અત્યાર સુધી આ સુવિધા ઓફલાઈન હતી, જેમાં શ્રદ્ધાળુઓને અન્નક્ષેત્ર પહોંચીને દાન કરવું પડતું હતું. નવી વ્યવસ્થામાં ભક્તો વર્ષના 365 દિવસ કોઈપણ તારીખ માટે અગાઉથી બુકિંગ કરી શકશે.




# ગુજરાતની જનતાએ આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીને એક મજબૂત રાજકીય વિકલ્પ તરીકે સ્વીકાર્યો : ગોપાલ ઈટાલિયા

અમદાવાદ : આમ આદમી પાર્ટી વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું હતુ કે ખૂબ જ ખુશી સાથે જણાવવાનું બને છે કે ગુજરાતના ઈતિહાસમાં અત્યાર સુધી જેટલી સીટો ભાજપ અને કોંગ્રેસ સિવાયના પક્ષને મળી નથી, એટલી સીટો આ વખતે આમ આદમી પાર્ટીને ગુજરાતની જનતાએ આપી છે. એ બદલ સૌથી પહેલા હું ગુજરાતભરના તમામ મતદારોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું. આ ચૂંટણીમાં આશરે સાડા ત્રણસો કરતાં વધુ તાલુકા પંચાયતની સીટો મળેલી છે. આશરે 13 જેટલી તાલુકા પંચાયતોમાં પૂરી બહુમતીથી આમ આદમી પાર્ટીની સરકાર બની છે. આશરે 60 જેટલી જિલ્લા પંચાયતની સીટો મળી છે. નર્મદા જિલ્લા પંચાયતમાં પૂરી બહુમતીથી આમ આદમી પાર્ટી છે. જુનાગઢ જિલ્લામાં મુખ્ય વિપક્ષ તરીકે આમ આદમી પાર્ટી ઉભરી આવી છે અને અન્ય અનેક જિલ્લાઓમાં પણ જિલ્લા પંચાયતની સીટો સાથે પાર્ટી આગળ વધી છે. ઉપરાંત, નગરપાલિકા અને



મહાનગરપાલિકામાં મળીને આશરે 35 થી 40 જેટલી સીટો સાથે આમ આદમી પાર્ટીએ જબરદસ્ત પરફોર્મન્સ કર્યું છે.આ બદલ ફરી એક વખત ગુજરાતભરની જનતાનો આભાર વ્યક્ત કરું છું. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતુ કે 2021ની ચૂંટણીમાં આખા ગુજરાતમાં આમ આદમી પાર્ટીને માત્ર તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગર-મહાનગરપાલિકાઓ મળી કુલ 72 સીટો મળી હતી, જ્યારે આ વખતે સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ છે. આ વખતે એક જિલ્લા પંચાયતમાં બહુમતી મળી છે. જુનાગઢ જિલ્લા પંચાયતમાં મુખ્ય વિપક્ષ તરીકે આમ આદમી પાર્ટી ઉભરી છે. વિસાવદર તાલુકા પંચાયતમાં પૂરી બહુમતીથી જીત મળી છે. ભેસાણ તાલુકા પંચાયતમાં પણ પૂરી બહુમતીથી સરકાર બની છે. તેમજ જુનાગઢ તાલુકામાં ટાઈની સ્થિતિ રહી છે, જ્યાં નિકટની સ્પર્ધામાં સીટો સમાન રહી છે. વિસાવદર વિધાનસભા ક્ષેત્રમાં કુલ 8 જિલ્લા પંચાયતની સીટો આવે છે, જેમાંથી 6 જિલ્લા પંચાયતની સીટો આમ આદમી પાર્ટીને મળી છે. આ પરિણામ ખૂબ ઉત્સાહવર્ધક છે.

# લાલપુર તાલુકા પંચાયત પર આમ આદમી પાર્ટીનો કબજો

અમદાવાદ : સ્થાનિક સ્વરાજની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં જામજોધપુર અને લાલપુર તાલુકાના મતદારોએ પરિવર્તન પર મહોર મારી છે. આમ આદમી પાર્ટીએ જનતાના આશીર્વાદથી ભવ્ય વિજય મેળવ્યો છે, જેમાં AAP ધારાસભ્ય હેમંત ખવાની લોકપ્રિયતા અને સેવાકીય કાર્યોનો ફરી એકવાર વિજય થયો છે.ધારાસભ્ય હેમંત ખવા માટે ચૂંટણી એ સત્તા મેળવવાનું સાધન નહીં પરંતુ જનસેવાનો માર્ગ રહ્યો છે. છેલ્લા ૧૧ વર્ષમાં તેઓ માર્કેટિંગ યાર્ડ, તાલુકા સંગઠન, જામનગર ડિસ્ટ્રિક્ટ બેંક અને વિધાનસભા જેવી તમામ પ્રતિષ્ઠિત ચૂંટણીઓ લડ્યા અને દરેક વખતે જનતાએ તેમને ખોબલે-ખોબલે મત આપી વિજેતા બનાવ્યા છે. આ ચૂંટણીમાં પણ મતદારોએ તેમના પર વિશ્વાસ મૂકીને આ અજય પરંપરા જાળવી રાખી છે. જામજોધપુર અને લાલપુર વિધાનસભાની જિલ્લા પંચાયતની ૮ પૈકી ૩ બેઠકો પર 'આપ'નો વિજય થયો છે. જેમાં મોટી ગોપ બેઠક પર સત્તા સામે જનશક્તિનો વિજય થયો છે. આ જીત ઐતિહાસિક છે કેમ કે આ બેઠક પર એકબાજુ હેમંત ખવા અને બીજી બાજુ આખા જિલ્લાનું ભાજપ મશીનરી હતું. પરંતુ લોકોની લાગણી અને અતૂટ વિશ્વાસને કારણે ધારાસભ્યના પરિવારે આ બેઠક પર પાંચમી વખત ભવ્ય વિજય મેળવ્યો છે. અહીં તેમના માતૃશ્રી સાજીબેન હરદાસભાઈ ખવા વિજેતા બન્યા છે.આ ઉપરાંત ભણગોર બેઠક પર પરબત ધના ગાંગિયા અને પીપરટોડા બેઠક પર રમેશભાઈ સુતરીયાએ પણ મતદારોનો વિશ્વાસ જીતીને જીત મેળવી છે. જામજોધપુર લાલપુર વિધાનસભામાં સમાવિષ્ટ કુલ ૩૬ બેઠકોમાંથી ૧૭ બેઠકો પર 'આપ'ના ઉમેદવારો વિજયી બન્યા છે.

# કંપનીની બેદરકારીથી થયેલ દુર્ઘટનામાં બે કામદારોના મૃત્યુ થયા, અનેક હજુ પણ ગંભીર હાલતમાં છે: ઈસુદાન

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક ગંભીર મુદ્દા પર વીડિયોના માધ્યમથી પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા ઝઘડિયામાં કેમિકલ ફેક્ટરીની બેદરકારીના કારણે એક બ્લાસ્ટ થયો અને પૂરતી સેફ્ટી ન હોવાના કારણે 16 જેટલા કામદારો ગંભીર રીતે દાજી ગયા હતા. આ કામદારો સ્થાનિક આદિવાસીઓ છે અને તેમના વ્હારે ધારાસભ્ય ચૈતર વસાવા આવ્યા હતા. ધારાસભ્ય ચૈતર વસાવા પોતાની ટીમ સાથે એ ફેક્ટરીએ પહોંચ્યા હતા પરંતુ એ ફેક્ટરીના લોકોએ ધારાસભ્ય ચૈતરભાઈ સાથે ખરાબ વર્તન કર્યું. 16 દાઝી ગયેલા કામદારોમાંથી બે કામદારોના મૃત્યુ થઈ ગયા છે અને હજુ ઘણા કામદારો વેન્ટિલેટર પર છે. તો આ લોકોને ન્યાય મળવો જોઈએ અને વળતર મળવું જોઈએ, પરંતુ એ બાબતથી ભાજપ અને પોલીસ તંત્રને કોઈ ફેર નથી પડતો. પરંતુ હાલ સાંભળ્યું છે કે ધારાસભ્ય ચૈતર વસાવા પર એક કે બે નહીં પરંતુ ત્રણ ફરિયાદ દાખલ કરીને તેમને જેલમાં નાખવાનું ષડયંત્ર કરવામાં આવી રહ્યું છે. ધારાસભ્ય ચૈતર વસાવા આદિવાસી વિસ્તારના એક મજબૂત નેતા છે અને તેઓ આદિવાસી લોકો માટે લડત લડે છે અને તેઓ પોતાના શ્રમિક ભાઈઓને ન્યાય અપાવવા માટે અને વળતર માંગવા કંપની પાસે જાય તો શું એ કોઈ ગુનો બની ગયો છે? વધુમાં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, ખરેખર તો પોલીસ તંત્રએ કંપની પર માનવવધનો ગુનો દાખલ કરવો જોઈએ. મેં સાંભળ્યું છે કે જીપીસીબીએ નોટિસ પાઠવીને કહ્યું છે કે "પૂરતા સેફ્ટીના સાધનો નથી" તો જો હકીકતમાં કંપની પાસે સેફ્ટી ન સાધનો નથી અને હવે કર્મચારીઓના મૃત્યુ થયા છે તો કંપની પર માનવવધનો ગુનો દાખલ થવો જોઈએ, પરંતુ એવો કોઈ ગુનો દાખલ કરવામાં આવ્યો નથી, એનાથી ઉલટ ધારાસભ્ય ચૈતર વસાવાને ફરીથી જેલમાં નાખવાનું ષડયંત્ર કરવામાં આવી રહ્યું છે. આ ભાજપ અને પોલીસની નિમ્નકક્ષાની રાજનીતિ ચાલી રહી છે. સમગ્ર આદિવાસી પટ્ટામાં આમ આદમી પાર્ટીને ખૂબ જ મોટું વિજય મળ્યો. નર્મદામાં જિલ્લા પંચાયત અને 12 તાલુકા પંચાયત બની તેનાથી હકીકતમાં ભાજપ ડરી ગયું છે. હકીકતમાં પોલીસે કંપની વિરુદ્ધ કાર્યવાહી કરવાની હતી પરંતુ ધારાસભ્ય વિરુદ્ધ કાર્યવાહી કરવાના રસ્તે ચાલી રહી છે તેનાથી મને લાગે છે કે ગુજરાતની જનતામાં રોષ જાગશે.

# ગુજરાતમાંથી 73 લાખથી વધુ મુસાફરોએ વંદે ભારત ટ્રેનોમાં કરી મુસાફરી



ભારતીય રેલવેની પ્રીમિયમ સેમી-હાઈસ્પીડ સેવા વંદે ભારત એક્સપ્રેસે દેશમાં આધુનિક રેલવે યાત્રાની નવી ઓળખ સ્થાપિત કરી છે. ફેબ્રુઆરી 2019 માં એક સેવાથી શરૂ થઈને આજે આ નેટવર્ક દેશભરમાં 162 થી વધુ ટ્રેનો સુધી વિસ્તરી ચુક્યું છે, જે મુખ્ય શહેરોને ઝડપી, સુરક્ષિત અને આરામદાયક યાત્રાથી જોડી રહ્યું છે. ગુજરાતથી સંચાલિત વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોએ યાત્રીઓ વચ્ચે વિશેષ લોકપ્રિયતા પ્રાપ્ત કરી છે. 1 ઓક્ટોબર 2022 થી 31 માર્ચ 2026 સુધીના સમયગાળામાં રાજ્યથી સંચાલિત 6 જોડી વંદે ભારત ટ્રેનોમાં લગભગ 73 લાખ યાત્રીઓએ યાત્રા કરી, જ્યારે એનાથી કુલ રૂ. 722 કરોડની આવક પ્રાપ્ત થઈ છે. ગુજરાતથી સંચાલિત 6 વંદે ભારત ટ્રેનોની વિગતો (આરંભની તારીખ સહિત) : મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 01 ઓક્ટોબર 2022 , સાબરમતી - જોધપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 09 જુલાઈ 2023, અમદાવાદ - ઓખા વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 25 સપ્ટેમ્બર 2023, મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 13 માર્ચ 2024, સાબરમતી - વેરાવળ વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 27 મે 2025,અસારવા - ઉદયપુર વંદે ભારત એક્સપ્રેસ : સેવા આરંભ 18 ફેબ્રુઆરી 2026, અમદાવાદ-મુંબઈ માર્ગ પર બંને વંદે ભારત યાત્રીઓની પહેલી પસંદ બની ગઈ છે. ધંધાદારીઓ, વ્યવસાયિકો તથા નિયમિત યાત્રી આ સેવાનો વ્યાપકરૂપે ઉપયોગ કરી રહ્યા છે. આ સેવાઓમાં ફક્ત યાત્રીઓની સંખ્યામાં સતત વૃદ્ધિ જ નોંધવામાં નથી આવી, પરંતુ કેટલાક માર્ગો પર માંગ ક્ષમતાથી કેટલીય વધારે, 140% સુધીની ઓક્યુપેન્સી નોંધવામાં આવી છે, આ લોકપ્રિયતાને દર્શાવે છે. કેટલાક માર્ગો પર ઓક્યુપેન્સી 100% થી વધુ રહી છે, જ્યારે કેટલીક ટ્રેનોની ઓક્યુપેન્સી 90% થી વધુ રહી છે. આધુનિક સુવિધાઓથી સુસજ્જિત ટ્રેનો : 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ નિર્મિત વંદે ભારત ટ્રેનો અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે, જેમાં સામેલ છે :ઓટોમેટિક દરવાજાઓ અને જીપીએસ આધારિત યાત્રી સૂચના સિસ્ટમ, આરામદાયક રિક્લાઈનીંગ સીટો અને પૂરતો લેગરૂમ, મોબાઈલ ચાર્જિંગ પોઈન્ટ અને ઓનબોર્ડ ઈન્ફોટેનમેન્ટ, સંપૂર્ણ સીસીટીવી કવરેજ અને બાયો-વેક્યુમ ટોઈલેટ, દિવ્યાંગો માટે અલગથી શૌચાલય, ટ્રેનમાં અગ્નિશામક યંત્ર અને ફાયર એલાર્મની વ્યવસ્થા, ઉત્કૃષ્ટ ખાણી-પીણી અને સેવાઓ યાત્રીઓને ઉચ્ચ ગુણવત્તાની ઓનબોર્ડ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે, જેમાં :સ્વચ્છ અને તાજું ભોજન, ક્ષેત્રીય સ્વાદ પર આધારિત વિવિધ મેનૂ, પ્રી-પેક્ડ હાઈજિનિક સેવા, પ્રશિક્ષિત સ્ટાફ દ્વારા સમયબદ્ધ સેવા, ઉચ્ચ સમયપાલન, ઉત્તમ સુરક્ષા માનક અને ઉત્કૃષ્ટ સ્વચ્છતાને કારણે યાત્રીઓને વિશ્વાસ સતત મજબૂત થયો છે. ઝડપી ગતિ અને ઓછા યાત્રા સમયને કારણે આ ટ્રેનો વ્યવસાયિક અને નિયમિત યાત્રીઓ માટે અત્યંત ઉપયોગી સિદ્ધ થઈ રહી છે.

## હવે ઘર બેઠા શહેરીજનો આયુષ્યમાન કાર્ડ રીન્યુ કરાવી શકશે

નરેન્દ્ર દવે જૂનાગઢ : જૂનાગઢ તા.૨૯ આયુષ્યમાન કાર્ડ બંધ થયેલ હોય તેવા શહેરીજનોએ તેનું કાર્ડ રીન્યુ કરાવવા મહાનગરપાલિકા,જુનાગઢ દ્વારા શહેરી વિસ્તારના નાગરીકોને જણાવવામાં આવે છે કે જે લોકો પાસે હાલમાં.મા- વાસ્તલ્ય કાર્ડ કે આયુષ્માન કાર્ડ છે પરંતુ જે આવકના દાખલાની અવધિ પૂર્ણ થઇ ગયેલ હોય અને તે કાર્ડ રીન્યુ કરાવેલ ન હોય તેઓના કાર્ડ બંધ થઇ ગયેલ હશે. તો આવા કોઈપણ વ્યક્તિને/કોઈપણ કુટુંબમાં અચાનક કોઈ બીમારી આવે અને જો આયુષ્માન કાર્ડ બંધ હોય તેવી પરીસ્થીતીમાં કાર્ડ અંતર્ગત લાભ લેવામાં મુશ્કેલી પડી શકે. આપના કુટુંબમાં કોઈપણ વ્યક્તિ બીમારીની હાલતમાં કાર્ડ બંધ હોવાના લીધે હેરાન ન થાય અને આપને હોસ્પિટલમાં મોટું ખર્ચ ભોગવવું ન પડે તે હેતુ થી તમામ વ્યક્તિઓ ને નમ્ર વિનંતી કે સરકારશ્રી દ્વારા આયુષ્યમાન કાર્ડ રીન્યુ કરવાની ફેસીલીટી Beneficiary ના ઓપ્શનમાં ચાલુ કરવામાં આવેલ છે. હવે કોઈ લાભાર્થીને કાર્ડ રીન્યુ માટે નજીકના હેલ્થ સેન્ટર ખાતે જવાની જરૂરિયાત નથી ઘરે બેઠા જ કાર્ડ રીન્યુ કરી શકે છે માટે તાત્કાલિક આવકનો નવો દાખલો કઢાવી ઓનલાઈન લિંક https://beneficiary.nha.gov.in/ પર થી લાભાર્થી પોતાની જાતે કાર્ડ રીન્યુ/અપડેટ કરી શકે છે આથી લાયકાત ધરાવતા તમામ પરિવાર ને આયુષ્માન કાર્ડ રીન્યુ કરાવી લેવા આરોગ્ય શાખા જુનાગઢ મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. વધુમાં આયુષ્યમાન કાર્ડ હેઠળ સંલગ્ન હોસ્પિટલમાં સારવાર, કાર્ડ રીન્યુ કાર્ડ ની મંજુરી કે અન્ય કોઈપણ ફરિયાદ માટે આયુષ્યમાન યોજના અંગેના ટોલ ફ્રી નંબર ૦૭૯૬૬૪૪૦૧૦૪ પર સંપર્ક કરી શકે છે.

# ઝઘડિયાની પોલીસ લાજવાને બદલે ગાજી રહી છે: ચૈતર વસાવા

અમદાવાદ : આમ આદમી પાર્ટી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે ઝઘડિયા GIDCની મેટ્રોપોલિટિકલ કેમિકલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં 30મી તારીખના રોજ તેમની બેદરકારીના લીધે આગ લાગી હતી. જેમાં 16 જેટલા કર્મચારીઓ ગંભીર રીતે દાઝી ગયા હતા અને 2 કર્મચારીઓના મૃત્યુ થયા હતા. પીડિત પરિવારજનોને સાથે લઈને અમે ઘટનાસ્થળે ગયા હતા અને કંપનીને કહ્યું હતું કે માનવતાના ધોરણે આપને મદદરૂપ બનવું જોઈએ અને તેમની પોલિસી કે અન્ય કોઈ પણ વ્યવસ્થા હેઠળ પીડિતોને સહાય આપવી જોઈએ. પરંતુ પોલીસે 5 દિવસ સુધી કોઈપણ જાતની એફઆઈઆર નોંધવાની કાર્યવાહી કરી નથી. અમારા ગયા બાદ પ્રશાસન દ્વારા આ કંપનીને બંધ કરવા માટે નોટિસ આપવામાં આવી છે, જેને અમે સંતુષ્ટ માનીએ છીએ. પરંતુ સવાલ એ થાય છે કે કોઈપણ ઘટના બને, કોઈનું મૃત્યુ થાય તો પ્રાથમિક તારણ મુજબ કંપની પર તાત્કાલિક એફઆઈઆર થવી જોઈએ અને જે પણ જવાબદાર હોય તેની સામે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી થવી જોઈએ. પરંતુ પોલીસ પ્રશાસન દ્વારા આવી કાર્યવાહી કરવામાં આવી નથી. ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતુ કે ઝઘડિયા પોલીસ લાજવાના બદલે ગાજી રહી છે અને ગુનાહિતોની સામે કાર્યવાહી કરવાના બદલે મારા સહિતના આગેવાનો પર ત્રણ-ત્રણ એફઆઈઆર કરી છે. ગઈકાલે ચૂંટણીના પરિણામ આવ્યા બાદ આજે એફઆઈઆર કરવામાં આવી છે. પોલીસનું માનવું છે કે પહેલા ચૈતરભાઈ પર કાર્યવાહી કરો, તે ડરશે અને આગળની કાર્યવાહી ઠપ થઈ જશે અને પછી કંપનીવાળાને બચાવી લઈશું. ત્યારે અમે પોલીસના અધિકારીઓને કહેવા માંગીએ છીએ કે તમારી ખોટી એફઆઈઆરોથી કે જેલોથી અમે ડરનારા લોકો નથી. અમે અંકલેશ્વર, પાનોલી, દહેજ, ઝઘડિયા, વાલિયા સહિતના તમામ કામદારો માટે લડ્યા છીએ, આજે પણ લડી રહ્યા છીએ અને ભવિષ્યમાં પણ લડતા રહીશું. જનતા ખૂબ સારી રીતે જાણે છે અને જાગૃત છે. તમામ કામદારોને પણ ખબર છે કે અહીં શું ઘટના ઘટી છે. જ્યારે પણ અમારે જેલમાં જવાનું થશે ત્યારે આજે એકલા ચૈતર વસાવા નથી, આજે હજારો ચૈતર વસાવા અહીં ઉભા થઈ ગયા છે. હજારો ચૈતર વસાવા જેલમાં જવા માટે તૈયાર છે. આવનારા દિવસોમાં તમામ કામદારોને પણ અપીલ કરીશું અને જ્યારે પણ અમારે જેલમાં જવું પડશે ત્યારે પૂરી તૈયારી સાથે જેલમાં જઈશું, જેલમાં વેઠીશું પણ અમારું કામ જે કામદારોને અહીં ન્યાય અપાવવાનું છે તે કરીને જ રહીશું. 16 પરિવારજનોને ન્યાય અપાવવાનું કામ અમારું છે અને એ ન્યાય અપાવીને જ રહીશું. તેમજ પીડિત પરિવારજનોની સાથે અડગ રીતે ઉભા રહીશું.

# News Brief

## સરકારી નોકરીની સુવર્ણ તક! ગુજરાતમાં આરોગ્ય વિભાગમાં 2500થી વધુ હોદ્દા પર ભરતી જાહેર

અમદાવાદ | સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ (GPSSB) દ્વારા પંચાયત સેવા વર્ગ-3 હેઠળ આરોગ્ય અને વહીવટી વિભાગમાં 2,500થી વધુ હોદ્દા પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરાઈ છે.

આ ભરતી પ્રક્રિયા હેઠળ કુલ 4 મુખ્ય સંવર્ગોમાં નિમણૂક કરાશે. ફિમેલ હેલ્થ વર્કરની 1948 જગ્યા, મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) ના હોદ્દા માટે 420 જગ્યા, જુનિયર ક્લાર્ક-કમ-એકાઉન્ટ ક્લાર્કની 164 જગ્યા, લેબોરેટરી ટેકનિશિયન 61 જગ્યા પર ભરતી કરાશે. આ ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો માટે પણ અનામત બેઠકોની વિશેષ જોગવાઈ કરાઈ છે.

વર્ષ 2025ના સત્તાવાર આંકડા મુજબ, ગુજરાતના આરોગ્ય વિભાગમાં સ્ટાફની ભારે અછત જોવા મળી રહી છે. રાજ્યમાં તબીબોની 23% અને નર્સોની 6% જગ્યા ખાલી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પેરા-મેડિકલ સ્ટાફની અછતને કારણે આરોગ્ય સેવાઓ ખોરવાય નહીં તે હેતુથી આ બમ્પર ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે.

ઉમેદવારોએ મંડળની અધિકૃત વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. પરીક્ષા ફીની ચુકવણી SBI E-Pay મારફતે કરવાની સુવિધા અપાઈ છે. ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે પૂર્ણ કરાશે. આ ભરતીથી રાજ્યના તમામ જિલ્લાઓમાં, ખાસ કરીને જ્યાં 25%થી વધુ સ્ટાફની અછત છે, ત્યાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનશે તેવી આશા છે.

## જૂનાગઢ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર દ્વારા 'મહિલા દિવસ'ની ભવ્ય ઉજવણી

નરેન્દ્ર દવે જૂનાગઢ : જૂનાગઢ તા.૨૮. જૂનાગઢ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે તાજેતરમાં એક ભવ્ય 'મહિલા દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સમાજની આધારશિલા એવી નારીશક્તિના મહત્વ અને પારિવારિક શાંતિમાં તેમના પ્રદાન પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમની મુખ્ય વિગતો: પ્રારંભ: કાર્યક્રમની શરૂઆત ધૂન અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મંદિરની સ્મૃતિઓનો એક સુંદર વીડિયો રજૂ કરાયો હતો. સાંસ્કૃતિક પ્રસ્તુતિ: નાની બાળાઓ દ્વારા સ્વાગત નૃત્ય અને યુવતીઓ દ્વારા 'સંવાદ લક્ષ્મણ રેખા' નાટક રજૂ કરવામાં આવ્યું હતું, જેણે દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. વક્તવ્ય: કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો અને સંયોજક ઉર્મિલાબેન સાગર દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે મહિલાઓ દ્વારા ધર્મના માર્ગે ચાલવાથી પરિવારમાં સુખ, શાંતિ અને સંપનું વાતાવરણ નિર્માણ થાય છે. ઉપસ્થિત મહાનુભાવો: આ અવસરે શહેરના વિવિધ ક્ષેત્રના અગ્રણી મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમાં:ડો.શ્રુતિ ગૌસ્વામી (ઓન્કોલોજીસ્ટ)ડો.આર.વી બુચ (કોસ્મેટોલોજીસ્ટ),ગીતાબેન પરમાર (પૂર્વ મેયર)પલ્લવીબેન ઠાકર, ભાવનાબેન ટીલવા અને અન્ય પ્રતિષ્ઠિત તબીબો તથા એડવોકેટ્સે હાજરી આપી હતી.આ સમગ્ર કાર્યક્રમ દ્વારા સમાજ અને પરિવારમાં સંસ્કારોનું સિંચન કરવા માટે મહિલાઓને પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી.

## ધોલેરા રોડ પર કાર દિવાલ સાથે અથડાતા યુવાનનું મોત : વલસાડ જતા અકસ્માત સર્જાયો



ભાવનગર : ધોલેરા મામલતદાર કચેરી સામે રોડ પર અચાનક કાર ચાલકે પોતાના વાહન પર કાબુ ગુમાવી દેતા કાર રોડની નીચે ઊતરી દિવાલ સાથે અથડાઈ જતા કાર ચાલક યુવાનનું મોત નિપજ્યું હતું.જ્યારે બે મહિલાને ઈજા થઈ હતી.

અમરેલીના ખીજડીયા ગામે રહેતા ભરતભાઈ નનુંભાઈ દેસાઈના પિતરાઈ ભાઈ પ્રકાશભાઈ પોપટભાઈ દેસાઈ અને ભાભી રેખાબેન અને ભત્રીજી રાજવીબેન કાર નંબર જીજે ૧૫ સિડી ૫૧૧૭ લઈને ખીજડીયાથી વલસાડ જવા માટે નિકળ્યા હતા.દરમિયાનમાં ધોલેરા મામલતદાર કચેરી સામે રોડ પર અચાનક કાર પર કાબુ ગુમાવી દેતા કાર રોડ પરથી નીચે ઉતરી અને દીવાલ સાથે અથડાઈ હતી.અને અકસ્માત સર્જાયો હતો.કારમાં સવાર ત્રણેયને ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં પ્રકાશભાઈ મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે મૃતકના ભાઈ ભરતભાઈએ ધોલેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં મુકેલ વૃદ્ધાનો મૃતદેહ ડીકમ્પોઝ થઈ જતા હોબાળો

વડોદરા | વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં બે દિવસ પહેલા એક વૃદ્ધાનો મૃતદેહ કોલ્ડરૂમમાં મૂક્યો હતો. બે દિવસ બાદ આજે પરિવારજનો મૃતદેહ લેવા આવ્યા ત્યારે વૃદ્ધાની લાશ ડીકમ્પોઝ હાલતમાં જણાતા અમેરિકાથી આવેલા પુત્ર પુત્રવધુ સહિતના પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

શહેરના સરદાર ભવન વિસ્તારમાં રહેતા 70 વર્ષના રંજનબેન હેતકુમાર વ્યાસની તા.27ના રોજ તબિયત બગડતા તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમનું મોત નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. તેમનો પુત્ર અને પુત્રવધુ અમેરિકા રહેતા હોવાથી બંનેના વડોદરા પરત આવ્યા પછી માતાની અંતિમ ક્રિયા કરવાનું નક્કી કર્યું હતું અને પરિવારજનોએ રંજનબેનના મૃતદેહને સયાજી હોસ્પિટલમાં કોલ્ડરૂમમાં મૂક્યો હતો. અમેરિકાથી પુત્ર, પુત્રવધુ પરત આવ્યા બાદ આજે સવારે 8:30 વાગે રંજનબેનનો મૃતદેહ લેવા માટે પરિવારજનો સયાજી હોસ્પિટલના કોલ્ડ રૂમમાં પહોંચ્યા ત્યારે તેમનો મૃતદેહ જોઈને ચોંકી ગયા હતા. આખી બોડી ડીકમ્પોઝ થઈ ગઈ હતી જેના કારણે પરિવારજનોએ અમોને ન્યાય જોઈએ તેમ બોલીને હોબાળો મચાવ્યો હતો. પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે એક નંબરના ડ્રોવરના બદલે ત્રણ નંબરના ડ્રોવરમાં મૃતદેહ મૂક્યો હતો જેના કારણે તે બોડી ડીકમ્પોઝ થઈ ગઈ હતી. જે ડ્રોવરમાં મૃતદેહ મૂક્યો હતો ત્યાં અન્ય કોઈની બોડી જણાઈ હતી.

ભારે શોધખોળ બાદ અન્ય ડ્રોવરમાંથી મૃતદેહ મળ્યો હતો. પરિવારજનોએ આક્ષેપ કર્યા હતા કે હવે આ મૃતદેહ હોસ્પિટલના સ્ટાફની બેદરકારીના કારણે ઘેર પણ લઈ જઈ શકાય.

# અમૃત ભારત સ્ટેશનને બદલી ભારતીય રેલવેની છબી,ઈન્ફ્રાના કામોએ વધારી રેલવેની ગતિ



અમદાવાદ : પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકેના કુશળ માર્ગદર્શન હેઠળ, વડોદરા મંડળના નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન એન્જિનિયરિંગ, ટ્રેક જાળવણી, માળખાગત સુવિધાઓ મજબૂતીકરણ અને મુસાફરોની સુવિધાઓના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રગતિ નોંધાવી છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે વડોદરા મંડળના 5 સ્ટેશનોનું ઉદઘાટન કરવામાં આવ્યું. મંડળ દ્વારા કરવામાં આવેલા વિવિધ કામોથી ફક્ત રેલવે સંચાલનમાં સંરક્ષા અને વિશ્વસનીયતામાં વધારો જ નથી થયો, પરંતુ યાત્રીઓને વધુ ઉત્તમ અને આધુનિક સુવિધાઓ પણ મળી છે. સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સંકલન) શ્રી સુમિત ઠાકુરે જણાવ્યું કે માનનીય વડાપ્રધાન દ્વારા 22 મે, 2025 ના રોજ 18 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના 86 જિલ્લાઓમાં 1,100 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે 103 અમૃત ભારત સ્ટેશનોનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું હતું, જેમાં વડોદરા મંડળના 5 સ્ટેશન ઉત્રાણ, કોસંબા, ડેરોલ, ડાકોર અને કરમસદ સ્ટેશન સામેલ હતા. આ સ્ટેશનો પર ભવ્ય પ્રવેશદ્વાર, આકર્ષક રવેશ, હાઈ માસ્ટ લાઈટિંગ, આધુનિક વેઈટિંગ રૂમ, ટિકિટ કાઉન્ટર, આધુનિક શૌચાલય અને દિવ્યાંગો માટે સુલભ રેમ્પ જેવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે. પ્રતાપનગર અને ગોધરા સ્ટેશન પણ અમૃત ભારત સ્ટેશન માટે તૈયાર છે. વર્ષ 2025-26 માં વડોદરા મંડળ પર સંરક્ષાને મજબૂતી આપતાં લેવલ ક્રોસિંગને સમાપ્ત કરીને 5 રોડ ઓવર બ્રિજ (ROB) તથા 3 રોડ અંડર બ્રિજ (RUB) નું નિર્માણ કરવામાં આવ્યું.

## જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં ઉછીના પૈસાની ઉઘરાણીના મુદ્દે મારામારી : ચાર સામે ગુનો નોંધાયો

જામનગર | જામનગર તાલુકાના મોટી ખાવડી વિસ્તારમાં ઉછીના આપેલા રૂપિયાની ઉઘરાણીના મુદ્દે થયેલી બોલાચાલી મારામારીમાં ફેરવાતાં પોલીસે ચાર આરોપીઓ સામે હુમલા અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.પોલીસ ફરિયાદ મુજબ, મોટીખાવડી વિસ્તારમાં વિનાયક પેટ્રોલ પંપ પાછળ રહેતા જયવંતસિંહ અજીતસિંહ ચુડાસમાએ અગાઉ આરોપી અશોક ઉર્ફે સાગર આયરને રૂ.10,000 હાથ ઉછીના આપ્યા હતા. આ રકમ પરત માંગતા આરોપી સાથે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન તેના અન્ય ત્રણ સાગરીતો પણ ત્યાં આવી પહોંચતાં તમામે મળીને ફરીયાદીને ગાળાગાળી કરી મારામારી કરી હતી.

આ બનાવમાં ફરીયાદીને ગળાના ભાગે ઈજા તેમજ ડાબા હાથની આંગળીમાં સોજો આવ્યાની નોંધ છે. બનાવ બાદ આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. જે બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 115(2), 352, 296(બી), 351(3), 54 તથા જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સની 'સરપ્રાઈઝ વિઝિટ': કેન્સર સામે લડતા દર્દીઓની હિંમત વધારી

અમદાવાદ | આઈપીએલની ધમાચકડી વચ્ચે ગુજરાત ટાઈટન્સના ખેલાડીઓએ રમતમાંથી સમય કાઢીને એક એવી લડાઈમાં ભાગ લીધો જે જીવન બચાવવા માટેની છે. પ્રસિદ્ધ કૃષ્ણ, લ્યુક વુડ, શાહરૂખ ખાન અને સાઈ કિશોર જેવા સ્ટાર ખેલાડીઓએ અમદાવાદની એક ખાનગી હોસ્પિટલની સરપ્રાઈઝ વિઝિટ લઈને કેન્સરના દર્દીઓના ચહેરા પર સ્મિત લહેરાવ્યું હતું.

સારવાર લઈ રહેલા દર્દીઓ માટે આ એક સામાન્ય દિવસ હતો, પણ જ્યારે અચાનક તેમના વોર્ડમાં ગુજરાત ટાઈટન્સના ખેલાડીઓ પહોંચ્યા ત્યારે વાતાવરણ ઉત્સાહથી ભરાઈ ગયું. ખેલાડીઓએ કેન્સર સામે લડી રહેલા અને આ જંગ જીતી ચૂકેલા સર્વાઈવર્સ સાથે સમય વિતાવ્યો, તેમની સંઘર્ષગાથા સાંભળી અને તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું.



હોસ્પિટલના ડોક્ટર્સના અનુસાર કેન્સરમાં રિકવરી માત્ર ક્લિનિકલ નથી હોતી, પણ ભાવનાત્મક પણ હોય છે. ગુજરાત ટાઈટન્સના ખેલાડીઓની હાજરીએ દર્દીઓમાં નવી ઉર્જા ભરી દીધી છે. યુવાન દર્દીઓ માટે તેમના મનપસંદ ખેલાડીઓને મળવું એ માનસિક તણાવ અને ચિંતા દૂર કરવાની એક શ્રેષ્ઠ થેરાપી સાબિત થઈ છે. આ મુલાકાત માત્ર એક ફોટો-શૂટ નહોતી, પરંતુ એક અર્થપૂર્ણ માનવ જોડાણ હતું. ખેલાડીઓ ખૂબ જ સહાનુભૂતિ સાથે દર્દીઓ સાથે વાતો કરતા જોવા મળ્યા હતા. ગુજરાત ટાઈટન્સના આ અનોખા સહયોગે સાબિત કર્યું છે કે રમતગમતમાં માત્ર સ્પર્ધા જ નહીં, પણ સમાજને બેઠો કરવાની હીલિંગ પાવર પણ હોય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# સયાજી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં મુકેલ વૃદ્ધાનો મૃતદેહ ડીકમ્પોઝ થઈ જતા હોબાળો



વડોદરા : વડોદરા શહેરની સયાજી હોસ્પિટલમાં બે દિવસ પહેલા એક વૃદ્ધાનો મૃતદેહ કોલ્ડરૂમમાં મૂક્યો હતો. બે દિવસ બાદ આજે પરિવારજનો મૃતદેહ લેવા આવ્યા ત્યારે વૃદ્ધાની લાશ ડીકમ્પોઝ હાલતમાં જણાતા અમેરિકાથી આવેલા પુત્ર પુત્રવધુ સહિતના પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો.

શહેરના સરદાર ભવન વિસ્તારમાં રહેતા 70 વર્ષના રંજનબેન હેતકુમાર વ્યાસની તા.27ના રોજ તબિયત બગડતા તેમને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમનું મોત નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું. તેમનો પુત્ર અને પુત્રવધુ અમેરિકા રહેતા હોવાથી બંનેના વડોદરા પરત આવ્યા પછી માતાની અંતિમ ક્રિયા કરવાનું નક્કી કર્યું હતું અને પરિવારજનોએ રંજનબેનના મૃતદેહને સયાજી હોસ્પિટલમાં કોલ્ડરૂમમાં મૂક્યો હતો.

અમેરિકાથી પુત્ર, પુત્રવધુ પરત આવ્યા બાદ આજે સવારે 8:30 વાગે રંજનબેનનો મૃતદેહ લેવા માટે પરિવારજનો સયાજી હોસ્પિટલના કોલ્ડ રૂમમાં પહોંચ્યા ત્યારે તેમનો મૃતદેહ જોઈને ચોંકી ગયા હતા. આખી બોડી ડીકમ્પોઝ થઈ ગઈ હતી જેના કારણે પરિવારજનોએ અમોને ન્યાય જોઈએ તેમ બોલીને હોબાળો મચાવ્યો હતો. પરિવારના સભ્યોએ જણાવ્યું હતું કે એક નંબરના ડ્રોવરના બદલે ત્રણ નંબરના ડ્રોવરમાં મૃતદેહ મૂક્યો હતો જેના કારણે તે બોડી ડીકમ્પોઝ થઈ ગઈ હતી. જે ડ્રોવરમાં મૃતદેહ મૂક્યો હતો ત્યાં અન્ય કોઈની બોડી જણાઈ હતી. ભારે શોધખોળ બાદ અન્ય ડ્રોવરમાંથી મૃતદેહ મળ્યો હતો. પરિવારજનોએ આક્ષેપ કર્યા હતા કે હવે આ મૃતદેહ હોસ્પિટલના સ્ટાફની બેદરકારીના કારણે ઘેર પણ લઈ જઈ શકાય તેમ નથી અમારે મૃતદેહ સીધો સ્મશાનમાં લઈ જવો પડશે.

# જામનગરના ચાંદીબજારના ચોકમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય વિજય વિશ્વાસ સંમેલન યોજાયું




જામનગર : જામનગર શહેરના ઐતિહાસિક ચાંદીબજારના ચોક ખાતે ભારતીય જનતા પાર્ટીના વિજેતા કોર્પોરેટરો દ્વારા સતત સાતમી વખત ભવ્ય "વિજય વિશ્વાસ સમારોહ" યોજાયો હતો, જેમાં શહેર અને જિલ્લા ભાજપના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સમગ્ર શહેરની જનતાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ વિજય સમારોહમાં જામનગર જિલ્લાના સાંસદ પૂનમબેન માડમ, ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી રિવાબા જાડેજા, જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારી, જામનગર મહાનગર ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ રાજકોટના અગ્રણી ધનસુખભાઈ ભંડેરી, સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ જિલ્લાના અને શહેરના ભાજપના હોદેદારો, પૂર્વ મંત્રી વસુબેન ત્રિવેદી, પૂર્વ ધારાસભ્યો લાલજીભાઈ સોલંકી, મનહરભાઈ ઝાલા, જામનગર ડિસ્ટ્રિક્ટ કો ઓપરેટિવ બેન્કના ચેરમેન તેમજ શહેર ભાજપના પૂર્વ પ્રમુખઓ, પૂર્વ મેયરઓ સહિતના આગેવાનો તથા મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

સમારોહ દરમિયાન મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિજયી બનેલા તમામ વોર્ડના 60 કોર્પોરેટરોનું સન્માન કરવામાં આવ્યું હતું, અને તમામની ઓળખ અને ફોટોસેશન કરવામાં આવ્યું હતું. ચાંદીબજાર ચોક કાર્યકરો અને સમર્થકોની ભારે ભીડથી છલકાઈ ઉઠ્યો હતો, જ્યાં તમામ વિજેતા ઉમેદવારો વતી ભાજપના અગ્રણીઓએ જનતા જનાર્દનનો આભાર માનતા ઉર્જાસભર સંબોધન આપ્યું હતું.

આ પ્રસંગે ચૂંટણીમાં પરાજિત થયેલા પરંતુ હિંમતપૂર્વક મુકાબલો આપનાર ઉમેદવારોને પણ મંચ પર સ્થાન આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું, જે કાર્યક્રમની વિશેષતા રહી હતી.

સમારોહ દરમિયાન તમામ આગેવાનોએ જામનગર શહેરના મતદારોનો વિશ્વાસ માટે આભાર વ્યક્ત કર્યો હતો અને વિકાસના કાર્યને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. અંતમાં રાષ્ટ્રગાન સાથે વિજય વિશ્વાસ સમારોહનું સમાપન કરવામાં આવ્યું હતું.

# જામનગર-રાજકોટ રોડ પર કારની હડફેટે રોડ ક્રોસ કરી રહેલા યુવાનને ગંભીર ઈજા



જામનગર : જામનગર-રાજકોટ રોડ પર શેખપાટ ગામના પાટિયા નજીક માર્ગ ક્રોસ કરતા એક ભરવાડ યુવાનને કાર ચાલકે હડફેટમાં લઈ લેતાં અકસ્માત સર્જાયો હતો. પ્રાથમિક માહિતી મુજબ, યુવાન રસ્તો ઓળંગી રહ્યો હતો, ત્યારે અચાનક આવી પહોંચેલી કાર સાથે અથડામણ થતા તે ઈજાગ્રસ્ત બન્યો હતો. સ્થાનિક લોકોની મદદથી ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે સામતભાઈ વાઘેલા દ્વારા પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા જરૂરી નોંધ લઈને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના લાલપુરમાં 5 વર્ષના બાળકને લાકડીથી માર મારતા ઈજા : હુમલાખોર સામે ગુનો નોંધાયો




જામનગર : જામનગર જિલ્લાના લાલપુર વિસ્તારમાં પાંચ વર્ષના બાળકને લાકડીથી માર મારતા ઈજા પહોંચાડવાના બનાવે ચકચાર મચાવી છે. આ મામલે પોલીસે એક આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, લાલપુર 66 કે.વી. નજીક સરકારી હોસ્પિટલનું કામ ચાલી રહ્યું હતું, જ્યાં ફરીયાદી લાલપુરના વતની પંકજ રામાભાઈ ખરાનો પાંચ વર્ષનો પુત્ર આર્યન રમતો હતો. તે દરમિયાન ત્યાં કામ કરતા આરોપી ભીમાભાઈ ખરાની મોટરસાઈકલ નજીક બાળક રમતો હોવાથી આરોપીએ તેને ત્યાંથી દૂર રહેવા માટે કહ્યું હતું. છતાં બાળક ત્યાં રમતો રહેતા આરોપી ઉશ્કેરાઈ ગયો અને લાકડી વડે બાળકના ડાબા કાન પાસે માર માર્યો હતો, જેના કારણે બાળકને ઈજા પહોંચી હતી.

ઈજાગ્રસ્ત બાળકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે લાલપુર પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 118(1) તથા જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર નજીક મોટી ખાવડી વિસ્તારમાં ઉછીના પૈસાની ઉઘરાણીના મુદ્દે મારામારી

જામનગર : જામનગર તાલુકાના મોટી ખાવડી વિસ્તારમાં ઉછીના આપેલા રૂપિયાની ઉઘરાણીના મુદ્દે થયેલી બોલાચાલી મારામારીમાં ફેરવાતાં પોલીસે ચાર આરોપીઓ સામે હુમલા અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદ મુજબ, મોટીખાવડી વિસ્તારમાં વિનાયક પેટ્રોલ પંપ પાછળ રહેતા જયવંતસિંહ અજીતસિંહ ચુડાસમાએ અગાઉ આરોપી અશોક ઉર્ફે સાગર આયરને રૂ.10,000 હાથ ઉછીના આપ્યા હતા. આ રકમ પરત માંગતા આરોપી સાથે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન તેના અન્ય ત્રણ સાગરીતો પણ ત્યાં આવી પહોંચતાં તમામે મળીને ફરીયાદીને ગાળાગાળી કરી મારામારી કરી હતી.

આ બનાવમાં ફરીયાદીને ગળાના ભાગે ઈજા તેમજ ડાબા હાથની આંગળીમાં સોજો આવ્યાની નોંધ છે. બનાવ બાદ આરોપીઓ સ્થળ પરથી નાસી છૂટ્યા હતા. જે બનાવ અંગે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 115(2), 352, 296(બી), 351(3), 54 તથા જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોળ માર્કેટિંગ યાર્ડ પાસે 'હિટ એન્ડ રન' ના બનાવમાં બે વ્યક્તિના અંતરિયાળ કરુણ મૃત્યુ

જામનગર : જામનગર-રાજકોટ હાઈવે પર ભયાનક હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો, જેમાં ટ્રકની જોરદાર ટક્કર લાગતાં બાઈક પર સવાર બે સાધુઓનાં કરુણ મૃત્યુ નિપજ્યાં છે. આ અંગે સીંધાતભાઈ રમેશભાઈ ડાંગર (ઉ.વ.34, રહે. ઉમાપાર્ક, જામજોધપુર) દ્વારા ટ્રક ચાલક સામે પોલીસ ફરિયાદ કરી છે.

ધ્રોળ પોલીસ મથકમાં જાહેર થયેલી ફરિયાદ મુજબ, ગઈકાલે મોડી રાત્રે આશરે અઢી વાગ્યાના આસપાસ ઉપલેટા તાલુકાના હરિયાસણ ગામે આવેલા ચૈતન્ય હનુમાનજી મંદિરમાં સેવા પૂજા કરતા સાધુ બ્રિજેન્દ્રમુની સુખસમુનીજી પોતાનો મોટરસાયકલ નંબર જી.જે.36 કે.2482 લઈને પોતાની સાથે જ સેવાપૂજા કરતા ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુની ધર્મસિંહ સાથે ધ્રોળ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ધ્રોળ માર્કેટિંગ યાર્ડ નજીક જી.જે.12 સી. ટી.1254 નંબરના ટ્રકના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી હંકારતા બાઈકને જોરદાર ઠોકર મારી હતી. આ અકસ્માતમાં બંને સાધુઓને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક ધ્રોલ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુનીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે બ્રિજેન્દ્રમુનીને વધુ સારવાર માટે જામનગર રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં તેમનું પણ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ બનાવ અંગે ધ્રોળ પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક સામે ભારતીય દંડ સંહિતાની કલમ 279 (બેફીકરાઈથી વાહન હંકારવું), 304(અ) (બેદરકારીથી મોત નિપજાવવું), 337 અને 338 (ઈજા અને ગંભીર ઈજા પહોંચાડવી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ 134(અ)(બ) હેઠળ ગુનો નોંધી લેવામાં આવ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી પુરાવા એકત્રિત કર્યા છે, અને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે સઘન તપાસ હાથ ધરી છે તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

# ખાનગી બસે કારને કચડી, 6 લોકોના કમકમાટીભર્યા મોત

સાબરકાંઠા : સાબરકાંઠા જિલ્લામાં આજે સવારના સમયે મોતના તાંડવ જેવી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. હિંમતનગર નજીક જસવંતગઢ પાટિયા પાસે એક પુરપાટ ઝડપે આવતી ખાનગી બસે કારને પાછળથી એટલી જોરદાર ટક્કર મારી કે, કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ ભીષણ અકસ્માતમાં 6 લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા છે. શામળાજીથી અમદાવાદ તરફ જતાં નેશનલ હાઈવે પર આ દુર્ઘટના સર્જાઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, ટક્કર એટલી પ્રચંડ હતી કે, કારનો પાછળનો અને ઉપરનો ભાગ સાવ દબાઈ ગયો હતો. કારમાં સવાર મુસાફરો લોહીલુહાણ હાલતમાં અંદર જ ફસાઈ ગયા હતા. આ અકસ્માતમાં અન્ય 6 લોકો પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મળતી પ્રાથમિક માહિતી અનુસાર, ખાનગી લક્ઝરી બસના ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબૂ ગુમાવતા આગળ જઈ રહેલી કારને પાછળના ભાગેથી જોરદાર ટક્કર મારી હતી. હાઈવે પર વાહનોની અવરજવર વચ્ચે બનેલી આ ઘટનાને પગલે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા અને સ્થાનિક લોકો મદદે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. કારમાં ફસાયેલા મૃતદેહોને બહાર કાઢવા માટે ભારે જહેમત ઉઠાવવી પડી હતી. હાલ પોલીસે મૃતકોના પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી છે.

# જામનગર શહેરમાં વાહન ચોર ટોળકીનો તરખાટ : એક જ દિવસમાં ચાર વાહનોની ઉઠાંતરી કરતા પોલીસ તંત્રમાં દોડધામ



જામનગર : જામનગર શહેરમાં વાહન ચોર ટોળકી ફરી સક્રિય બની છે, અને તરખાટ મચાવ્યો છે. શહેરના અલગ અલગ વિસ્તારોમાંથી ચાર ટુ-વ્હીલર વાહનોની ઉઠાંતરી થવાના બનાવોને લઈને પોલીસ તંત્ર સક્રિય બન્યું છે.

આ બનાવોમાં ખાસ કરીને જી.જી.હોસ્પિટલ વિસ્તાર ચોરો માટે હોટસ્પોટ બની રહ્યો હોય તેવું સામે આવ્યું છે. અહીંથી અલગ અલગ સ્થળોએ પાર્ક કરાયેલા ત્રણ એક્ટિવા સ્કૂટરની ચોરી નોંધાઈ છે. જેમાં અમીતભાઈ રાજેશભાઈ કટારમલનું જીજે-10-સીકે-8844 નંબરનું હોન્ડા એક્ટિવા (કિંમત અંદાજે રૂ.30,000) જી.જી. હોસ્પિટલના મેઈન ગેટ પાસે પાર્ક કરેલ સ્થિતિમાંથી ચોરી થયું હોવાથી સીટી બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

તે ઉપરાંત વિક્રમસિંહ કનકસિંહ જાડેજાનું જીજે-10-ડીપી-8219 નંબરનું એક્ટિવા (કિંમત રૂ.35,000) જી.જી.હોસ્પિટલના ગાયનેક વિભાગ નજીકથી અને રિયાઝ મહમદભાઈનું જીજે-37-એ-4949 નંબરનું એક્ટિવા (કિંમત રૂ.20,000) હોસ્પિટલ પાર્કિંગ વિસ્તાર સામેથી અજાણ્યા ચોરો ઉઠાવી ગયા હોવાનું સામે આવ્યું છે. આ સિવાય બેડીનાકા વિસ્તારમાં ખાદીભંડાર રોડ પર આવેલી ફરસાણની દુકાન પાસે પાર્ક કરાયેલ હરેશભાઈ કાંતિલાલ ઠકરાર નામના વેપારીનું જીજે-10-સીસી-6353 નંબરનું જ્યુપીટર સ્કૂટર (કિંમત રૂ.20,000) પણ ચોરી થવા પામ્યું છે.

ચારેય બનાવોમાં અજાણ્યા શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનાઓ નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે. શહેરમાં વધતી જતી વાહન ચોરીની ઘટનાઓને પગલે પોલીસ દ્વારા પેટ્રોલિંગ વધારવામાં આવ્યું છે અને સીસીટીવી ફૂટેજના આધારે ચોરોની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

# ગુજરાતમાં આરોગ્ય વિભાગમાં 2500થી વધુ હોદ્દા પર ભરતી જાહેર

સરકારી નોકરીની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ (GPSSB) દ્વારા પંચાયત સેવા વર્ગ-3 હેઠળ આરોગ્ય અને વહીવટી વિભાગમાં 2,500થી વધુ હોદ્દા પર ભરતી પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરાઈ છે. આ ભરતી પ્રક્રિયા હેઠળ કુલ 4 મુખ્ય સંવર્ગોમાં નિમણૂક કરાશે. ફિમેલ હેલ્થ વર્કરની 1948 જગ્યા, મલ્ટી-પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ)ના હોદ્દા માટે 420 જગ્યા, જુનિયર ક્લાર્ક-કમ-એકાઉન્ટ ક્લાર્કની 164 જગ્યા, લેબોરેટરી ટેકનિશિયન 61 જગ્યા પર ભરતી કરાશે. આ ભરતીમાં દિવ્યાંગ ઉમેદવારો માટે પણ અનામત બેઠકોની વિશેષ જોગવાઈ કરાઈ છે. વર્ષ 2025ના સત્તાવાર આંકડા મુજબ, ગુજરાતના આરોગ્ય વિભાગમાં સ્ટાફની ભારે અછત જોવા મળી રહી છે. રાજ્યમાં તબીબોની 23% અને નર્સોની 6% જગ્યા ખાલી છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પેરા-મેડિકલ સ્ટાફની અછતને કારણે આરોગ્ય સેવાઓ ખોરવાય નહીં તે હેતુથી આ બમ્પર ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ છે. ઉમેદવારોએ મંડળની અધિકૃત વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે. પરીક્ષા ફીની ચુકવણી SBI E-Pay મારફતે કરવાની સુવિધા અપાઈ છે. ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ સમગ્ર પ્રક્રિયા સંપૂર્ણ પારદર્શક રીતે પૂર્ણ કરાશે. આ ભરતીથી રાજ્યના તમામ જિલ્લાઓમાં, ખાસ કરીને જ્યાં 25%થી વધુ સ્ટાફની અછત છે, ત્યાં આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનશે તેવી આશા છે.

# વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ પર શૌચાલય સુવિધા વધારવા DRMને રજૂઆત



વડોદરા : વડોદરા વિભાગ, પશ્ચિમ રેલવેના ડીઆરયુસીસી (DRUCC) સભ્ય મોહમ્મદ હબીબ લોખંડવાળાએ 28 એપ્રિલ 2026ના રોજ ડિવિઝનલ રેલવે મેનેજર (DRM)ને રજૂઆત કરી વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 2/3 અને 4/5 પર શૌચાલય તથા યુરિનલ સુવિધા વધારવા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે.

એમની રજૂઆત મુજબ, વડોદરાએ એક અત્યંત મહત્વનું અને વ્યસ્ત સ્ટેશન છે, જ્યાં 24 કલાક ટ્રેનો અને મુસાફરોની અવરજવર રહે છે. પરંતુ હાલમાં પ્લેટફોર્મ પર શૌચાલય સુવિધાનું વિતરણ અસંતુલિત હોવાના કારણે મુસાફરોને ભારે મુશ્કેલી પડી રહી છે.

પ્લેટફોર્મ નં.2 અને 3 પર શૌચાલય સુવિધા માત્ર અમદાવાદ છેડે (નોર્થ સાઈડ) ઉપલબ્ધ છે, જ્યારે મુંબઈ/સુરત છેડે કોઈ સુવિધા નથી. પ્લેટફોર્મ નં.4 અને 5 પર સુવિધા માત્ર સુરત છેડે (સાઉથ સાઈડ) છે, જ્યારે અમદાવાદ છેડે મુસાફરો આ સુવિધાથી વંચિત છે.

વડોદરા સ્ટેશનના પ્લેટફોર્મ ઘણા લાંબા હોવાથી એક છેડેથી બીજા છેડે જવું વૃદ્ધ મુસાફરો, મહિલાઓ અને નાનાં બાળકો સાથે પ્રવાસ કરતાં પરિવારો માટે ઘણું કષ્ટદાયક બની જાય છે. ટ્રેન આવવાના સમયે ઉતાવળ હોવાના કારણે પ્લેટફોર્મના બીજા છેડે સુધી જવું વ્યવહારિક રીતે શક્ય બનતું નથી.

પ્લેટફોર્મ 2/3ના મુંબઈ છેડે નવા યુરિનલ અને શૌચાલય બ્લોકનું તાત્કાલિક નિર્માણ કરવામાં આવે. પ્લેટફોર્મ 4/5ના અમદાવાદ છેડે પણ નવી શૌચાલય સુવિધા ઊભી કરવામાં આવે.

# સુરતમાં ભાજપને રેકર્ડ બ્રેક 115 બેઠક મળી પણ બોર્ડ બનાવવા માટે 10 થી 15 દિવસ રાહ જોવી પડશે

સુરત : સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે રેકોર્ડબ્રેક 115 બેઠકો જીતી ઐતિહાસિક વિજય મેળવ્યો છે. મતગણતરીમાં એકતરફી પરિણામ આવ્યા બાદ હવે પાલિકામાં ફરી કમળનું શાસન નિશ્ચિત બન્યું છે, પરંતુ સત્તાવાર રીતે બોર્ડ રચાય તે માટે ભાજપને હજી 10 થી 15 દિવસ સુધી રાહ જોવી પડી શકે છે. સરકાર ગેઝેટની પ્રક્રિયા કેટલા દિવસમાં પુરી કરે છે તેના પર સુરતની બોર્ડની સમય મર્યાદા નક્કી થશે. સુરત પાલિકાની ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ હવે સમગ્ર પ્રક્રિયાનો અગત્યનો તબક્કો ગેઝેટ પ્રકાશનનો છે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગ દ્વારા સત્તાવાર ગેઝેટ બહાર પાડવામાં આવશે, ત્યારબાદ તે મ્યુનિસિપલ કમિશ્નર કચેરી સુધી મોકલાશે. કમિશનર કચેરીની ગેઝેટ સેક્રેટરીને મોકલાશે અને ત્યારબાદ સેક્રેટરી ભાજપ પ્રમુખને જાણ કરશે. ભાજપ પ્રમુખ મુર્હુત જોઈને પાલિકાને બોર્ડ માટેની તારીખ આપશે અને ત્યાર પછી બોર્ડ રચવાની તારીખ નક્કી કરવામાં આવશે. આ વર્ષે માત્ર મહાનગરપાલિકા જ નહીં, પરંતુ નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પરિણામો પણ એક સાથે જાહેર થયા હોવાથી ગેઝેટ પ્રક્રિયામાં થોડો સમય લાગી શકે છે. તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા માટે ગેઝેટ એક સાથે બહાર પાડવામાં આવે તેવી શક્યતા છે. ગત વર્ષે પણ પરિણામ જાહેર થયા બાદ અંદાજે દસ દિવસ પછી ગેઝેટ બહાર પડ્યું હતું.

# વડોદરા-આણંદ-ગોધરા રેલવે વિભાગના વિકાસ કાર્યોની સમીક્ષા : સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા અધિકારીઓને DRMની સૂચના




વડોદરા : વડોદરા વિભાગના DRM રાજુ ભડકે દ્વારા ગઈકાલે વડોદરા-આણંદ-ગોધરા રેલ વિભાગનું નિરીક્ષણ કરાયું હતું. આ દરમિયાન એમણે વિભાગના વિવિધ સ્ટેશનો પર ચાલી રહેલાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કાર્યોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓને કામ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી છે.

વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સાથે DRMએ કરચિયા યાર્ડનું સંરક્ષા નિરીક્ષણ કરી બીટીપીએન વેગનોની ટૉપ ફિટિંગમાં વપરાતી સામગ્રી અને કર્મચારીઓ દ્વારા ઉપયોગ થતા વ્યક્તિગત સુરક્ષા સાધનો (PPE)નું પણ અવલોકન કર્યું હતું. ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને કર્મચારીઓ માટે પૂરતી ઓઆરએસ સુવિધા ઉપલબ્ધ કરાવવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો.

આણંદ સ્ટેશન પર વરિષ્ઠ અધિકારીઓ સાથે સ્ટેશન અપગ્રેડેશન યોજનાની સમીક્ષા કરી હતી, સાથે આણંદ-ગોધરા રેલ વિભાગ પર ચાલી રહેલા યાર્ડ મોડિફિકેશન કાર્યનું નિરીક્ષણ પણ કર્યું હતું. ઓડ અને ડાકોર સ્ટેશનો પર નવી લૂપ લાઈનના કમિશનિંગ કાર્યની પ્રગતિ અંગે પણ અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા કરી હતી. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક સીટી કોર્પોરેશન લિમિટેડના વણકબોરી તાપ વિદ્યુત મથકના ટીએસપીડબ્લ્યુ સાઈડિંગની પણ મુલાકાત લીધી હતી. અહીં મુખ્ય ઈજનેર પી.બી.પટેલ દ્વારા વેગન ટિપ્લરના સંચાલન તથા કોલ હેન્ડ્લિંગ પ્લાન્ટમાં વેગન ટિપ્લર 1 થી 5ના ચાલી રહેલા નવીનીકરણ અને આધુનિકીકરણ કાર્ય અંગે વિગતવાર માહિતી આપવામાં આવી. રાખ (Ash)ના ઉપયોગ અને વ્યવસ્થાપન અંગે પણ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

આ દરમિયાન ગોધરા સ્ટેશનનું નિરીક્ષણ કરી અધિકારીઓને સ્વચ્છતા જાળવવા માટે સૂચના આપી છે. ચાંપાનેર રોડ સ્ટેશન પર લોડિંગ-અનલોડિંગ માટે નિર્માણ થઈ રહેલા ગુડ્સ પ્લેટફોર્મની કામગીરીની પ્રગતિ અંગે સંબંધિત અધિકારીઓ પાસેથી વિગતવાર જાણકારી મેળવી હતી. ભડકેએ તમામ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે સુરક્ષા, ગુણવત્તા અને સમયબદ્ધતા-આ ત્રણ બાબતોમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં નહીં આવે, જેથી રેલ સંચાલનને વધુ સુરક્ષિત અને અસરકારક બનાવી શકાય.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો.

**વૃષભ : બ. વ. ઉ.**

બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. આ રાશિ ના અમુક લોકો ને ભૂમિ સંબંધિત બાબતો માં ધન ખર્ચ કરવું પડી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**મિથુન : ક. છ. ઘ.**

વધુ પડતો ખોરાક લેવાથી દૂર રહો અને સ્વસ્થ રહેવા માટે હૅલ્થ ક્લબની નિયમિત મુલાકાત લો. પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો.

**કર્ક : ડ. હ.**

શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો.

**સિંહ : મ. ટ.**

કામનું દોડધામભર્યું સમયપત્રક તમને ગુસ્સાવાળા સ્વભાવના કરી શકે છે. પોતાના પૈસા બચાવવા માટે તમારે ઘર ના સભ્યો જોડે આજે વાત કરવાની જરૂર છે. તેમની સલાહ તમને આર્થિક સ્થિતિ સુધારવા માં મદદ કરશે.

**કન્યા : પ. ઠ. ણ.**

તમારી લાગણીઓ પર અંકુશ રાખવું તમને મુશ્કેલ લાગશે- તમારૂં અસામાન્ય વર્તન તમારી આસપાસના લોકોને મૂંઝવી નાખશે તથા તમને હતોત્સાહી કરી મુકશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

**તુલા : ર. ત.**

કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું.

**વૃશ્ચિક : ન. ય.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

**મકર : ખ. જ.**

ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે. ઘર ના કોઈપણ સભ્ય ના વર્તન ને કારણે તમે પરેશાન થઈ શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

યોગની મદદ લો- જે તમને માનસિક, શારીરિક તથા આધ્યાત્મિક સ્વસ્થતાની જીવન કળા શીખવે છે જેથી તમે તમારી પ્રકૃતિ સુધારી શકો. આખા દિવસ માં ભલે તમે ધન માટે સંઘર્ષ કર્યા હોય પરંતુ સાંજ ની સમયે તમને ધન લાભ થયી શકે છે.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારે તમારી લાગણીઓ પર અંકુશ મુકવો પડશે તથા તમારા ભયથી બને એટલી જલ્દી મુક્તિ મેળવવી પડશે, કેમ કે તમારા સ્વાસ્થ્ય પર તેના પર તરત અસર પડવાની શક્યતા છે તથા સારા સ્વાસ્થ્યનો આનંદ લેવાના તમારા માર્ગમાં તે અંતરાય બની શકે એવી શક્યતા જોવાય છે.

## ઠંડા પાણી ની સેવા

### ચાણસ્મા સેંધા ત્રણ રસ્તા પાસે હરગોવિંદભાઈ રાવળ દ્વારા નિશુલ્ક મિનરલ વોટર્સની પરબ શરૂ કરાઇ




| નિતીન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકા મંડલોપ ગામના મૂળ વતની અને ઘણા વર્ષોથી ધંધાર્થે ચાણસ્મા સ્થાયી થયેલ સામાજિક સેવા સાથે સેવાકીય કાર્યો સાથે જોડાયેલા હરગોવનભાઈ ગણપતભાઈ રાવળ દ્વારા છેલ્લા 12વર્ષથી સેંધા ત્રણ રસ્તા પાસે ઉનાળાની ગરમીમાં રોડ પર પસાર થતા લોકોને શિતળ ઠંડુ જળ પીવા માટે મળી રહે તેવા શુભ હેતુસર પોતાના ખર્ચે ઉનાળામાં ઠંડા પાણીની પરબ થકી લોક સેવાનું કાર્ય કરાઈ રહ્યું છે ઉલ્લેખનીય છે કે હરગોવનભાઈ ચાણસ્માના સેંઘા ત્રણ રસ્તા પાસે. ટાયર પંચર ના વ્યવસાય સાથે સંકળાયેલ છે અને દર ઉનાળામાં ઠંડા પાણીની પરબ મંડાવી લોકસેવાનું કાર્ય કરી ધન્યતા અનુભવી રહ્યા છે હાલમાં ગરમી નો પારો આસમાને પહોંચ્યો હોવાથી ઠંડા પાણીની વપરાશ પણ વધી રહી છે રોજના 10 થી 15 ઠંડા પાણીના જગ લોકસેવામાં વપરાય છે અને પોતે જાતે જ ઠંડા પાણીના જગ લઈ આવી ઉનાળાની ગરમીમાં લોકો ને ઠંડા પાણી થકી તરસ છીપાવી સેવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે.

## ધામાય ગામે પવન ચક્કીની લાઈનમાં શોર્ટસર્કિટથી આગ

# ગ્રામજનોની હિંમતથી કાબૂ, કંપનીની બેદરકારી સામે રોષ

### ગ્રામજનોની બહાદુરી: ધામાયમાં આગ પર પ્રાથમિક કાબૂ, બાદમાં ફાયર બ્રિગેડ મદદે આવી

જગદીશ દવે |દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના ધામાય ગામે પવન ચક્કીની વીજ લાઈનમાં શોર્ટસર્કિટ થતાં બે અલગ-અલગ સ્થળોએ આગ લાગવાની ઘટના સામે આવી હતી. આ બનાવને કારણે ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, પરંતુ ગ્રામજનોની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. મળતી માહિતી મુજબ પવન ચક્કીની લાઈનમાં અચાનક શોર્ટસર્કિટ થતાં ચિંગારીઓ સાથે આગ ભભૂકી ઊઠી હતી અને સુકા ઘાસ તથા પવનના કારણે આગ ઝડપથી ફેલાતી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ ગામના આગેવાનો અને યુવાનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગઢવી આનંદદાન હિંમતદાન, ગઢવી રાજેશદાન વાઘજીભાઈ, ગઢવી હેતુદાન



હિંમતદાન અને આહિર મોહન ભુરાભાઈ સહિતના ગ્રામજનોએ લોડર ટ્રેક્ટરની મદદથી આગને કાબૂમાં લેવા બહાદુરીપૂર્વક પ્રયત્નો કર્યા હતા. શરૂઆતમાં આગને આંશિક રીતે નિયંત્રિત કરવામાં સફળતા મળી હતી. પરંતુ પવનના જોરને કારણે આગ





વિકરાળ સ્વરૂપ ધારણ કરતી જતાં ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી ભારે જહેમત બાદ આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.માહિતી આપતા ગામના સામાજિક આગેવાન ગઢવી આનંદદાન હિંમતદાન રોષ વ્યક્ત કરતા જણાવ્યું કે, પવન ચક્કીની વીજ લાઈનો અંગે અગાઉ પણ અનેક વખત કંપનીને રજૂઆત કરવામાં આવી હતી, છતાં કંપની દ્વારા યોગ્ય ધ્યાન આપવામાં આવ્યું નથી. તેમની આ ગોર બેદરકારીના કારણે ગામલોકોના જીવ અને સંપત્તિ જોખમમાં મુકાઈ રહ્યા છે, જે અત્યંત નિંદનીય છે. તેમણે વધુમાં જણાવ્યું કે ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે તાત્કાલિક જાળવણી અને સુરક્ષા અંગે કડક પગલાં લેવામાં આવે.સ્થાનિકોમાં કંપની સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે અને જવાબદારી નક્કી કરી કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે.

# ચાણસ્મા તાલુકા પંચાયતની ખારી ધારીયાલ બેઠક કોંગ્રેસે ભાજપ પાસેથી છીનવી લીધી

| નિતીન ઠાકર | ચાણસ્મા

સેવાળા ગામની દિકરી અને સેંધા ગામની મહિલા ઉમેદવાર વચ્ચે યોજાયેલ ચૂંટણી માં સેવાળા ગામની નાની વયની ગ્રેજ્યુએટ યુવતી નિલમબેન રાજુભાઈ દેસાઈ કોંગ્રેસના મેન્ડેડ પર ચૂંટણી મેદાનમાં ઉત્તરી તેમના નજીકના હરીફ ઉમેદવાર ને 400 મતે પરાજિત કરી ખારી ધારીયાલ તા.પં બેઠક ભાજપ પાસેથી આંચકી કોંગ્રેશદ્વારા પોતાનો વિજય પ્રસ્થાપિત



કરતાં ખારી ધારીયાલ સેવાળા સહિતના મતદારો માં આનંદની લાગણી વ્યાપી જવા પામી છે ઉલ્લેખનીય છે કે ગત ટર્મમાં ખારી ધારીયાલ તા.પં ની પર ભાજપના ગિરીશભાઈ દેસાઈ ચુંટાઇ આવ્યા હતા. જે આ વખતે સેવાળા ગામની યુવા ગ્રેજ્યુએટ યુવતિ નિલમબેન દિનેશભાઈ દેસાઈએ ભાજપ પાસેથી ખારી ધારીયાલ બેઠક છીનવી .કોંગ્રેશની વિજ્ય પતાકા લહેરાયા હતા

## હુમલાખોર સામે ગુનો

# જામનગર જિલ્લાના લાલપુરમાં 5 વર્ષના બાળકને લાકડીથી માર મારતા ઈજા

જામનગર : જામનગર જિલ્લાના લાલપુર વિસ્તારમાં પાંચ વર્ષના બાળકને લાકડીથી માર મારતા ઈજા પહોંચાડવાના બનાવે ચકચાર મચાવી છે. આ મામલે પોલીસે એક આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, લાલપુર 66 કે.વી. નજીક સરકારી હોસ્પિટલનું કામ ચાલી રહ્યું હતું, જ્યાં ફરીયાદી લાલપુરના વતની પંકજ રામાભાઈ ખરાનો પાંચ વર્ષનો પુત્ર આર્યન રમતો હતો. તે દરમિયાન ત્યાં કામ કરતા આરોપી ભીમાભાઈ ખરાની મોટરસાઈકલ નજીક બાળક રમતો હોવાથી આરોપીએ તેને ત્યાંથી દૂર રહેવા માટે કહ્યું હતું. છતાં બાળક ત્યાં રમતો રહેતા આરોપી ઉશ્કેરાઈ ગયો અને લાકડી વડે બાળકના ડાબા કાન પાસે માર માર્યો હતો, જેના કારણે બાળકને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે લાલપુર પોલીસ સ્ટેશને ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 118(1) તથા જી.પી. એક્ટ કલમ 135(1) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ધોલેરા રોડ પર કાર દિવાલ સાથે અથડાતા યુવાનનું મોત

ભાવનગર : ધોલેરા મામલતદાર કચેરી સામે રોડ પર અચાનક કાર ચાલકે પોતાના વાહન પર કાબુ ગુમાવી દેતા કાર રોડની નીચે ઊતરી દિવાલ સાથે અથડાઈ જતા કાર ચાલક યુવાનનું મોત નિપજ્યું હતું.જ્યારે બે મહિલાને ઈજા થઈ હતી. અમરેલીના ખીજડીયા ગામે રહેતા ભરતભાઈ નનુંભાઈ દેસાઈના પિતરાઈ ભાઈ પ્રકાશભાઈ પોપટભાઈ દેસાઈ અને ભાભી રેખાબેન અને ભત્રીજી રાજવીબેન કાર નંબર જીજે ૧૫ સિડી ૫૧૧૭ લઈને ખીજડીયાથી વલસાડ જવા માટે નિકળ્યા હતા.દરમિયાનમાં ધોલેરા મામલતદાર કચેરી સામે રોડ પર અચાનક કાર પર કાબુ ગુમાવી દેતા કાર રોડ પરથી નીચે ઉતરી અને દીવાલ સાથે અથડાઈ હતી.

## હરીપુર આવ્યા ત્યારે બનાવ બન્યો

# ચૂંટણીનું વેરઝેર, બે યુવાનોને લાકડી ફટકારી 4 ઈસમે જાસા ધમકી આપી

ભાવનગર - ચૂંટણીના અનુસંધાને બે યુવાનો કાર્યકર્તાઓને મળવા માટે હરીપુર ગામે ખોડીયાર માતાના મંદીર પાસે ગયા હતા ત્યારે કારમાં ધસી આવેલા શખ્સોએ ગાળો આપી દંડા વડે માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધોલેરા તાલુકાના ખસ્તા ગામે રહેતા પૃથ્વીરાજસિંહ અજીતસિંહ ગોહિલે ધંધુકા પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, પૃથ્વીરાજસિંહ જયરાજસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલને પચ્છમ તાલુકા પંચાયત સીટની ચુટણીની જવાબદારી સોપેલ હોય જેથી ગત તા ૨૫ એપ્રિલ ૨૦૨૬ ના રોજ રાત્રિના ૧૧- ૩૦ કલાકે પૃથ્વીરાજસિંહ જયરાજસિંહ રાજેન્દ્રસિંહ ગોહિલ હરીપુર ગામે ખોડીયાર માતાના મંદીર પાસે પોતાના કાર્યકરતાઓને ચુંટણી અનુસંધાને મળવા ગયા હતા. ભાજપ વાળાઓને તથા તમારા ઉમેદવારને ચૂંટણી પુરી થાય પછી મુકવાના નથી તેમ કહી ગાળો આપી પૃથ્વીરાજસિંહને અગાઉ જમણા હાથના અંગુઠા ઉપર ઈજા થયેલ હતી ત્યા ઉપેન્દ્રસિંહએ દંડો મારી મુંઢ ઈજા કરી સીધા રહેજો નહિતર હાથ પગ ભાગી નાખવાના છે.

## કાર્યકરો અને સમર્થકોએ વિજયનો આનંદ વ્યક્ત કર્યો

# કમળ ખીલ્યું નખત્રાણામાં : ધારાસભ્ય શ્રી પી.એમ. જાડેજાએ વ્યક્ત કર્યો નાગરિકોનો આભાર



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા નગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ બહુમતી સાથે ભવ્ય વિજય મેળવતા સમગ્ર શહેરમાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. આ ઐતિહાસિક વિજયને લઈને કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહ ફેલાયો છે. વિજય બાદ ધારાસભ્યશ્રી પી.એમ. જાડેજા નખત્રાણા શહેરમાં પહોંચ્યા હતા અને નાગરિકો સાથે સીધો સંપર્ક સાધી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "લોકોએ આપેલો આ વિશ્વાસ અને પ્રેમ વિકાસની યાત્રાને વધુ મજબૂત બનાવશે. આ જીત નખત્રાણાના વિકાસ માટે નવી દિશા આપશે."નગરના વિવિધ વિસ્તારોમાં કાર્યકરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ઢોલ-નગારા સાથે કાર્યકરો અને સમર્થકોએ વિજયનો આનંદ વ્યક્ત કર્યો હતો. સમગ્ર શહેરમાં "કમળ ખીલ્યું - વિકાસ જીત્યો"



ના નારા ગુંજતા રહ્યા હતા. સ્થાનિક નાગરિકોએ પણ વિકાસલક્ષી કાર્ય માટે આશા વ્યક્ત કરી હતી કે નવી નગરપાલિકા ટીમ શહેરના આધારભૂત વિકાસ, સફાઈ, માર્ગ વ્યવસ્થા અને જનસેવા ક્ષેત્રે ઝડપી કામગીરી કરશે. આ ભવ્ય વિજયને લઈને ભાજપ કાર્યકરોમાં નવી ઉર્જા અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આગામી સમયમાં વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.

## નિરોણા જિલ્લા પંચાયત કોંગ્રેસ સીટ ના વિજેતા રાજેશભાઈ આહીરનો સંવેદનશીલ પગલું

# પાવરપટ્ટી નિરોણા વિસ્તાર ના કોંગ્રસ કાર્યકર સુનિલ માંતગની ખબર પૂછવા પહોંચ્યા

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

કચ્છ જિલ્લામાં આજે યોજાયેલ ચૂંટણી મતગણતરી દરમિયાન કોંગ્રેસના કાર્યકર ચૂંટણી મતગણતરી દરમિયાન સુનિલ માંતગની તબિયત અચાનક બગડી જતાં તેમને તાત્કાલિક નિવાસ્થાને લઈ જઈ આરામ અપાયો હતો. આ ઘટનાની જાણ થતાં સ્થાનિક સ્તરે ચિંતા વ્યાપી હતી અને નજીકના સહયોગીઓ દ્વારા તેમની તબિયત પર નજર રાખવામાં આવી રહી હતી. સુનિલ માંતગની તબિયત અંગે માહિતી મળતાં જ તાજેતરમાં વિજેતા બનેલ શ્રી રાજેશભાઈ મમુભાઈ આહીર તેમના નિવાસ્થાને પહોંચ્યા હતા. તેમની સાથે બીબર સીટના વિજેતા રમેશભાઈ આહીર, ગામના સરપંચ એન. ટી. આહીર તેમજ આહીર સમાજના અગ્રણી કાનજીભાઈ આહીર પણ હાજર રહ્યા હતા.આ ઉપરાંત ગ્રામ પંચાયતના સદસ્ય માવજીભાઈ ભાનુશાલી સહિત અન્ય આગેવાનો પણ હાજર રહી સુનિલ માંતગની તબિયત અંગે વિગતવાર માહિતી મેળવી અને તેમને જરૂરી સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી. આગેવાનો દ્વારા સુનિલ માંતગના પરિવારજનોને ધીરજ આપતા તેમની ત્વરિત સ્વસ્થતા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

સ્થાનિક લોકો અને કાર્યકરો દ્વારા પણ સુનિલ માંતગના આરોગ્ય માટે પ્રાર્થનાઓ કરવામાં આવી રહી છે. આ સમગ્ર ઘટનામાં વિજેતા આગેવાનો દ્વારા દર્શાવવામાં આવેલ સંવેદનશીલ અભિગમને લોકો દ્વારા પ્રશંસા મળી રહી છે.



વિજેતા આગેવાનોનો સંવેદનશીલ અભિગમ: સુનિલ માંતગની મત ગણતરી દરમિયાન તબિયત બગડતાં રાજેશભાઈ આહીર સહિત આગેવાનો નિવાસ્થાને

### સરવા ગામે 2 પડોશી વચ્ચે સામાન્ય બાબતે અથડામણ

ભાવનગર : બોટાદ તાલુકાના સરવા ગામે અમારા દીકરાને કેમ આશરો આપો છો તેમ કહી પડોશી પાસ હુમલો કરતા પડોશીઓએ વળતો પ્રહાર કર્યો હતો.આમ બન્ને પડોશી વચ્ચે જૂથ અથડામણ સર્જાઈ હતી.બોટાદ તાલુકાના સરવા ગામે રહેતા મિત્તલબેન રૂપાભાઈ પરમાર ધરે હતા ત્યારે મીણાબેન બધાભાઈ પરમાર અને બધાભાઈ છનાભાઈ પરમાર મણીબેન સાથે ઝગડો કરતા હોય જેથી રૂપાભાઈએ બધાઇ ને અલગ પાડયા હતા. દરમિયાનમાં મિત્તલબેન અને તેના પિતા રૂપાભાઈ તેના ધરે સમજાવવા ગયા તેવામાં ટીનાબેન વિનુભાઈ પરમાર તથા મીણાબેન અને બધાભાઈએ ધકકા મારી બહાર કાઢયા હતા.મીણાબેન બધાભાઇ પરમાર, બધા છનાભાઇ પરમાર,ટીનાબેન વિનુભાઇ પરમાર,વિનુભાઇ બધાભાઇ પરમાર,હર્ષદ ઉકાભાઇ પરમાર,સુરેશ માવજીભાઈ વાઘેલા,ભરત દાનાભાઈ વાઘેલાએ ઉશ્કેરાઈ મિત્તલબેનના વાળ પકડી ઢસડી માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# GEC ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં પીવાના પાણીનું ફીલ્ટર બંધ

(એજન્સી) ગાંધીનગર | તા.29

ગાંધીનગર ખાતે સેક્ટર 28 માં આવેલ GEC ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજની ગર્લ્સ હોસ્ટેલમાં ઘણા સમય થયા પીવાના પાણી ની ભયંકર તકલીફ છે. ફિલ્ટર બંધ છે. શરૂ કરાવવા અનેકવાર વિધાર્થીનીઓએ સંબંધિતોને રજુઆત કરી પરંતુ કોઈ ધ્યાન આપતું નથી. હાલમાં હોસ્ટેલમાં રહેતી દીકરીઓને બોયઝ હોસ્ટેલમાં પાણી ભરવા જવા માટે મજબૂર બનવું પડે છે. અથવા પાણીની બોટલ વેચાતી લેવી પડે છે. આવી સ્થિતિમાં કોઈ દીકરીઓ ફરિયાદ / વિરોધ કરે તો તેમને કાઢી મૂકવાની ધમકીઓ મળે છે. દીકરીઓને પોતાના પર એકશન લેવાય તો એવા ડરથી કોઈ કાંઈ બોલતું નથી અને સહન કરી રહી છે એટલે મેનેજમેન્ટ પોતાની મનમાની ચલાવે છે તેમ જાણવા મળ્યું છે આવી કાળઝાળ ઉનાળાની ગરમીમાં સ્વચ્છ શુધ્ધ પીવાનું પાણી ન મળે તો કેવી તકલીફ ઉભી થાય તે વિચારવું જોઈએ તેમજ જો રાત્રે પાણી ઘટે તો દીકરીઓ ક્યાં લેવા જાય ? શું મેનેજમેન્ટ કોઈ દુર્ઘટના બને તેની રાહ જોવે છે ?પાણીનું ફિલ્ટર ઘણા સમય થયા બંધ છે. સમયાંતરે ટાંકાની સાફસફાઈ ન થવાથી ટાંકાનું ગંદુ પાણી પીવા માટે દીકરીઓને મજબૂર બનવું પડે છે. જો અશુદ્ધ પાણી ને કારણે કોઈ રોગચાળો ફેલાશે તો તેને માટે કોણ જવાબદાર ? તેવા પ્રશ્નો પણ વાલીઓમાં ઉભા થઇ રહ્યા છે, તંત્ર તરફથી તુરંત જ ફીલ્ટર ચાલુ કરાવી આપવામાં આવે તેવી વાલીઓની લાગણી અને માંગણી છે.

## વિજય બાદ નવનિર્વાચિત સભ્ય ભાવિકાબેન પટેલે મતદારો અને કાર્યકરોનો આભાર માન્યો હતો

# બોરતલાવ તાલુકા પંચાયત સીટ પર ભાજપના ભાવિકાબેન પટેલનો વિજય, 1577 મતથી જીત

| કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાની બોરતલાવ તાલુકા પંચાયતની બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ભાવિકાબેન વિશાલભાઈ પટેલનો ભવ્ય વિજય થયો છે."સંખેડા તાલુકાના બોરતલાવ તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ થતાં તમામ ગામોના મતદાર ભાઈ બહેનો, વડીલો, યુવાન મિત્રો, કાર્યકરો, સરપંચશ્રીઓ, ડેપ્યુટી સરપંચશ્રીઓ સહિત સૌએ મને બોરતલાવ તાલુકા પંચાયત બેઠક પર વિજયી બનાવી જે વિશ્વાસ અને પ્રેમ દર્શાવ્યો તે બદલ હું અંતઃકરણપૂર્વક આપ સૌનો ખૂબ ખૂબ આભાર માનું છું."જનતાનો આભાર: તમામ મતદારો, વડીલો અને ગ્રામજનોએ જે સમર્થન આપ્યું તે બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરી. કાર્યકરોને બિરદાવ્યા: દિવસ રાત મહેનત કરનારા પક્ષના કાર્યકરો અને સ્થાનિક આગેવાનોનો ખાસ આભાર માન્યો.વિકાસનો સંકલ્પ: ચૂંટણી દરમિયાન આપેલા વચનો પૂરા કરવા અને બોરતલાવ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ રહેવાની ખાતરી આપી.ભાવિકાબેન પટેલે જણાવ્યું કે આ જીત પ્રજાની જીત છે અને પાયા ના કાર્યકરો ની જીત છે તો નરેન્દ્ર મોદી સાહેબ નો પારદર્શક વિકાસ સૌ સાથે મળીને ગામના પ્રશ્નો ઉકેલવા માટે કામ કરશે તેમ જણાવ્યું હતું.



## "શ્રી એમ પી શાહ સરકારી અંધશાળા"

# પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકો ને વિનામુલ્યે શિક્ષણ પૂરી પાડતી એક માત્ર સંસ્થા

| નરેન્દ્ર દવે | જૂનાગઢ

સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર સંચાલિત જૂનાગઢની શ્રી એમ.પી.શાહ સરકારી અંધ શાળામાં પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોને તેમના જીવનમાં પગભર થવા માટે જરૂરી સંગીત તેમજ ઉદ્યોગ જેવા વિષયોની સચોટ તાલીમ આપવામાં આવે છે. તેમજ સંગીત ની પ્રાથમિક પરીક્ષાથી લઈ ને વિશારદ સુધીની તમામ પરીક્ષાઓ અંગેની તૈયારી પણ તજજ્ઞ શિક્ષકો દ્વારા કરાવવામાં આવે છે. તેમજ સંસ્થામાં અભ્યાસ કરતાં પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોની પરીક્ષા ફી અંગે નો ખર્ચ પણ સંસ્થા ભોગવે છે. આ સંસ્થા માં બાળકોને વિનામૂલ્યે ગુણવતાસભર ભોજન, રહેવા માટે ઉતમ વ્યવસ્થા તેમજ બાળકોની શારીરિક તેમજ માનસિક સર્વાંગી વિકાસ માટે જરૂરી મેદાની રમતો માટે મેદાન, પીવાનાં પાણી માટે આર.ઓ પ્લાન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. અંતેવાસી બાળકો નાં કપડા ધોવા અંગેની ધોબીની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવે છે. તેમજ પ્રજ્ઞાચક્ષુ દિવ્યાંગ બાળકોની શાળા તરફથી ગણવેશ પુસ્તકો પણ વિનામૂલ્યે આપવામાં આવે છે. સાથે સાથે શિષ્યવૃતિનો લાભ તો ખરો જ. નવા સત્રમાં પ્રવેશ મેળવવા માટે શ્રી દિનેશભાઈ આર. સુથાર મો. ૯૯૨૪૯ ૬૭૧૮૩નો સંપર્ક કરવો અથવા તો મજેવડી દરવાજા પાસે આવેલ શાળાની રૂબરૂ મુલાકાત લેવા જણાવ્યું છે, સમય સવારે ૧૦:૦૦ થી સાંજ નાં ૦૬:૦૦ સુધી તેમ એક યાદીમાં જણાવ્યું છે.

## ક્રૂડનો ભાવવધારો નાણાકીય વર્ષ ૨૦૨૭ના આંકડાઓને અસર કરશે

# કોર્પોરેટ ક્ષેત્ર દ્વારા આવક વૃદ્ધિના અંદાજમાં ઘટાડો

### આગામી કેટલાક ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ્સના નાણાકીય પ્રદર્શન પર પશ્ચિમ એશિયામાં સંઘર્ષની નકારાત્મક અસર પડે તેવી શક્યતા

(એજન્સી) અમદાવાદ | તા.29

વિશ્લેષકોએ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારતીય કોર્પોરેટ ક્ષેત્ર માટે તેમના આવક વૃદ્ધિના અંદાજમાં ઘટાડો કરવાનું શરૂ કર્યું છે. આ ઘટાડો ક્રૂડ ઓઈલના સતત વધતા ભાવ વચ્ચે જોવા મળ્યો છે. પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે ક્રૂડ ઓઈલ અને ગેસના ભાવમાં વધારાનો પ્રભાવ હજુ સુધી સંપૂર્ણપણે પ્રગટ થયો નથી. જે આગામી કેટલાક ક્વાર્ટરમાં ભારતીય કોર્પોરેટ્સના નાણાકીય પ્રદર્શન પર નકારાત્મક અસર કરે તેવી શક્યતા છે. તેઓ માને છે કે આ પ્રતિકૂળતા નાણાકીય વર્ષ ૨૦૨૭ના આંકડાઓને અસર કરશે.યુદ્ધ પહેલાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે લગભગ ૧૦-૧૨% ની આવક વૃદ્ધિની અપેક્ષા રાખી હતી, જેમાં વધુ વૃદ્ધિની સંભાવના છે. જો પશ્ચિમ એશિયામાં પરિસ્થિતિ ઝડપથી સુધરે છે, તો એક ક્વાર્ટર માટે થોડો આંચકો લાગી શકે છે, પરંતુ આપણે એ જ ૧૦-૧૨% વૃદ્ધિ દર પર પાછા ફરવું જોઈએ. જો યુદ્ધ લંબાશે છે, તો આવક વૃદ્ધિની અપેક્ષાઓ લગભગ ૬-૧૦% સુધી ઘટી શકે છે તેમ વિશ્લેષકોએ જણાવ્યું હતું. આ દરમિયાન, ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૭ ડોલરની આસપાસ રહ્યા છે. યુએસ અને ઈરાન વચ્ચે શાંતિ વાટાઘાટોમાં મડાગાંઠને કારણે સોમવારે તેમાં ઉછળકૂદ ચાલુ છે. વિશ્લેષકોના મતે તેલના ભાવ ઊંચા રહી શકે છે,



સંભવત: ૯૦-૧૦૦ ડોલરપ્રતિ બેરલ, જે હોર્મુઝ સ્ટ્રેટ અવરોધિત રહે છે કે કેમ તેના પર આધાર રાખે છે. હાલમાં કોઈ ચોક્કસ જવાબ નથી કારણ કે તેમાં ઘણા બધા પરિબળો સામેલ છે. જો સ્ટ્રેટ ફરીથી ખુલે છે, તો તેલના ભાવમાં તીવ્ર ઘટાડો થઈ શકે છે. જેપી મોર્ગને પશ્ચિમ એશિયામાં સંઘર્ષને કારણે નાણાકીય વર્ષ ૨૦૨૭માં કોર્પોરેટ આવક વૃદ્ધિ માટે જોખમો પણ દર્શાવ્યા છે. તેમનો અંદાજ છે કે જો યુદ્ધવિરામ થાય તો પણ, પુરવઠામાં વિક્ષેપ અને ઊંચા ખર્ચ આગામી થોડા મહિનાઓ સુધી ચાલુ રહેશે. ઊર્જા પુરવઠાને સામાન્ય બનાવવામાં હજુ ત્રણથી ચાર મહિના લાગવાની શક્યતા છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં, જેપી મોર્ગને રિટેલ, ઓટો, નાણાકીય અને તેલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારિત સરેરાશ ધોરણે તેના નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે આવક અંદાજને ૨% થી ૧૦% ઘટાડી દીધા છે.વિશ્લેષકો કહે છે કે ક્રૂડ ઓઈલ અને કુદરતી ગેસના ભાવ ઉપરાંત, આગામી કેટલાક મહિનામાં ધ્યાન રાખવાનું બીજું પરિબળ રૂપિયા-ડોલર સમીકરણનું છે. ભારતની કમાણી આંશિક રીતે નિકાસ પર આધારિત છે. નબળા રૂપિયાથી ફાર્માસ્યુટિકલ્સ, ઈન્ફર્મેશન ટેકનોલોજી (આઈટી), ધાતુઓ અને ઓટો જેવા ક્ષેત્રોને ફાયદો થાય છે.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળતા પહેલા નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ૧૫% નિફ્ટી ઈપીએસ (શેર દીઠ કમાણી) વૃદ્ધિની અપેક્ષા હતી. જો યુદ્ધ ચાલુ રહે અને ક્રૂડના ભાવ થોડા વધુ મહિનાઓ સુધી ઊંચા રહે, તો તે ઘટીને ૭-૮% થઈ શકે છે. જે ઓટોમોબાઈલ્સથી લઈને તેલ અને ગેસ અને એરલાઈન્સ સુધીના ક્ષેત્રોને અસર કરી શકે છે.

## ગોદરેજ ડિજિટલ લોક દ્વારા ભારતનું પ્રથમ ફેસ રેકગ્નિશન સક્ષમ હોમ લોકર અને સ્માર્ટ કનેક્ટેડ સોલ્યુશન્સ લોન્ચ કરે છે

મુંબઈ : સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં ભારત ફિનિશ્ડ સ્ટીલનું નેટ નિકાસકાર બની રહ્યું છે. વિશ્વમાં ક્રુડ સ્ટીલના બીજા મોટા ઉત્પાદક દેશ ભારતે ગયા નાણાં વર્ષમાં ૬૬ લાખ ટન ફિનિશ્ડ સ્ટીલની નિકાસ કરી છે, જે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ની તુલનાએ ૩૫.૯૦ ટકા વધુ છે. ફિનિશ્ડ સ્ટીલનો વપરાશ ૮ ટકા વધી ૧૬.૪૨ કરોડ ટન રહ્યો હતો. ભારતના ફિનિશ્ડ સ્ટીલના મોટા ખરીદદારોમાં સ્પેન, યુએઈ, ઈટાલી, બેલ્જિયમ તથા વિયેતનામનો સમાવેશ થાય છે. ભારતની ફિનિશ્ડ સ્ટીલની આયાત ૩૧.૭૦ ટકા ઘટી ૬૫ લાખ ટન રહી હતી, એમ સ્ટીલ મંત્રાલયના ડેટા જણાવે છે. ચીન, જાપાન, રશિયા તથા દક્ષિણ કોરિઆ ભારત ખાતે સ્ટીલના મોટા નિકાસકાર દેશો છે. નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં દેશનું ક્રુડ સ્ટીલ ઉત્પાદન ૧૧.૨૦ ટકા વધી ૧૬.૯૨ કરોડ ટન રહ્યું હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે.સ્ટીલની આયાતને નિયંત્રણમાં રાખવા સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાંને પરિણામે આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે. ઘરઆંગણેના સ્ટીલ ઉત્પાદકોને રાહત પૂરી પાડવા સરકારે ૨૦૨૫ના અંતે કેટલાક સ્ટીલ પ્રોડકટસ પર ત્રણ વર્ષ માટે ૧૨ ટકા સુધી ટેરિફ લાગુ કરી હતી. ઘરઆંગણે સસ્તા સ્ટીલની થતી આયાત ખાસ કરીને ચીન ખાતેથી થતી આયાત પર અંકૂશ મૂકવાના ભાગરૂપ આ નિર્ણય આવી પડયો હતો. આ ડયૂટી ચીન, નેપાળ તથા વિયેતનામ ખાતેથી આયાત થતા સ્ટીલ પર વસૂલવામાં આવે છે.

## ધન ગોલ્ડ વૉલ્ટ લોન્ચ કરે છે: ભારતીયોને એક્સચેન્જમાંથી સીધા સોનું અને ચાંદી ખરીદવા સક્ષમ બનાવે છે

મુંબઈ : ભારતના સૌથી ઝડપથી વિકસતા ટ્રેડિંગ અને રોકાણ પ્લેટફોર્મ પૈકીના એક, ધન, એ 'ગોલ્ડ વૉલ્ટ' લોન્ચ કરવાની જાહેરાત કરી - એક પ્રકારની પ્રથમ રોકાણ પ્રોડક્ટ જે દરેક ભારતીય રોકાણકારને સ્ટોક એક્સચેન્જ પર ટ્રેડેડ લાઈવ ભાવે ભૌતિક સોના અને ચાંદી ખરીદવાની મંજૂરી આપે છે.ધન દ્વારા ગોલ્ડ વૉલ્ટ સંપૂર્ણપણે સેબીના મૂડી બજાર નિયમનકારી માળખામાં કાર્યરત છે, જે રોકાણકારોને લાઈવ MCX-લિંક્ડ ભાવે ભૌતિક સોના અને ચાંદીના સિક્કા અથવા સંપત્તિ ખરીદવાનો એક સુસંગત માર્ગ આપે છે. MCXCCL દ્વારા સંસ્થાકીય-ગ્રેડ સુરક્ષિત વૉલ્ટિંગ સાથે સમાધાનની ભૌતિક ડિલિવરી સુવિધા આપવામાં આવે છે, જેથી રોકાણકારો તેમની બુલિયન સંપત્તિઓને




સુરક્ષિત રીતે સંગ્રહિત કરી શકે. પરંપરાગત રીતે, ભારતમાં સોનું ખરીદવામાં વાજબી કિંમત, સુરક્ષિત માલિકી, સોના કે ચાંદીની પ્રામાણિકતા અને નિયમનકારી માળખાના અભાવ વચ્ચેના પોતાના સંબંધો રહ્યા છે. ધન દ્વારા ગોલ્ડ વૉલ્ટ આ બધાને તેના મૂળમાં બદલી નાખે છે, ભાવ શોધ સીધી એક્સચેન્જ પર થાય છે, દરેક ખરીદી વાસ્તવિક બજાર ભાવે પારદર્શક બનાવવામાં આવે છે, અને રોકાણકારો લાઈવ એક્સચેન્જ દરે સોના કે ચાંદીના ફ્યુચર્સ કોન્ટ્રાક્ટમાં વેપાર કરવાનું પસંદ કરી શકે છે, અને પછી આ બુલિયન એસેટ્સની ભૌતિક ડિલિવરીનો વિકલ્પ પસંદ કરી શકે છે. આ એક્સચેન્જ અને નિયમનકારી માળખા હેઠળ વિશ્વાસ, શુદ્ધતા અને સુરક્ષાને એકસાથે લાવે છે.દરેક ગ્રામ સોનું કે ચાંદી જે વપરાશકર્તા ખરીદે છે તે MCX / MCXCCL, ભારતના વિશ્વસનીય કોમોડિટી એક્સચેન્જ અને ક્લિયરિંગ કોર્પોરેશન દ્વારા સેટલ કરવામાં આવે છે. કિંમત સીધી MCX એક્સચેન્જમાંથી માર્કઅપ, છુપાયેલા સ્પ્રેડ અથવા આશ્ચર્ય વિના આવે છે.એકવાર સોના કે ચાંદીના કોન્ટ્રાક્ટ ભૌતિક રીતે સેટલ થઈ જાય, પછી તે વપરાશકર્તાઓ માટે ComRIS એકાઉન્ટ્સ દ્વારા નિયંત્રિત, MCX - ભાગીદારીવાળા વૉલ્ટ્સમાં ડિલિવર અને સંગ્રહિત કરવામાં આવે છે. આ તે જ સંસ્થાકીય-ગ્રેડ સુવિધાઓ છે જેનો ઉપયોગ મોટા નાણાકીય ખેલાડીઓ દ્વારા થાય છે અને હવે પ્રથમ વખત છૂટક રોકાણકારો માટે ઉપલબ્ધ છે.

## ભારતના પ્રથમ વૈશ્વિક સંગીત ઓડિશનને શક્તિ આપવા માટે કિયા ઈન્ડિયાએ હાઈબ ઈન્ડિયા સાથે ભાગીદારી કરી

નવી દિલ્હી : દેશની અગ્રગણ્ય માસ- પ્રીમિયમ વાહન ઉત્પાદકમાંથી એક કિયા ઈન્ડિયાએ હાઈબ ઈન્ડિયા સાથે તેની ભાગીદારીની જાહેરાત કરી, જે તેમના પ્રથમ મોટા પાયે ઓડિશન માટે વિશિષ્ટ ઓટોમોટિવ ભાગીદાર તરીકે છે અને તેનો ઉદ્દેશ ભારતના આગામી વૈશ્વિક ગર્લ ગ્રુપને શોધવા અને લોન્ચ કરવાનો છે. આ સહયોગ વૈશ્વિક મનોરંજન અને જમીન પર સાંસ્કૃતિક જોડાણને એકસાથે લાવે છે. તે એક એવું મંચ બનાવે છે જે યુવા ભારતીય પ્રતિભાને વિશાળ આંતરરાષ્ટ્રીય મંચ સાથે જોડે છે.કિયા ઈન્ડિયાની હાઈબ સાથે ભાગીદારી તેના મુખ્ય બ્રાન્ડ સિદ્ધાંતોમાંથી ઉદભવી છે, જે યુવા, પ્રગતિશીલ અને સાંસ્કૃતિક રીતે સુસંગત છે. નવા યુગના પ્રેક્ષકો સાથે સતત જોડાયેલી બ્રાન્ડ તરીકે આ સહયોગ કિયાના સર્જનાત્મકતા, સ્વ-અભિવ્યક્તિ અને વૈશ્વિક આકાંક્ષાઓને અપનાવવાની ખૂબીઓને પ્રતિબિંબિત કરે છે. ઊભરતી પ્રતિભાને પોષતા મંચ સાથે જોડાણ કરીને, કિયા ઈન્ડિયાનો ઉદ્દેશ ઓળખ, નવીનતા અને સાંસ્કૃતિક પ્રભાવને મહત્ત્વ આપતી પેઢી સાથે તેના જોડાણને મજબૂત બનાવવાનો છે.હાઈબની વૈશ્વિક સ્તરે સાબિત થયેલી 'મલ્ટી-હોમ, મલ્ટી-જેનર' વ્યૂહરચનાના ભાગરૂપે, હાઈ ઈન્ડિયા કલાકાર વિકાસ અભિગમને સ્થાનિક બનાવશે, જે ભારત માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સફળ કૃતિઓ શોધવા, તાલીમ આપવા અને બનાવવા માટે જાણીતો છે. સાંસ્કૃતિક રીતે પ્રભાવશાળી કલાકારોને આકાર આપવાના વારસા સાથે, કંપની હવે બીટીએસ અને વૈશ્વિક ગર્લ ગ્રુપ કેટસેયી જેવાં એક્ટ્સનો ફોલો કરતાં વૈશ્વિક સ્ટાર્સની આગામી પેઢીને શોધવા અને વિકસાવવા માટે ભારત પર તેની નજર રાખે છે.આ ભાગીદારી પર બોલતાં કરતાં, કિયા ઈન્ડિયાના માર્કેટિંગ અને સેલ્સ સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ શ્રી અતુલ સૂદે જણાવ્યું હતું કે, "કિયા ઈન્ડિયાનો હાઈબ ઈન્ડિયા સાથેનો સહયોગ આજે સંસ્કૃતિ, સર્જનાત્મકતા અને યુવા આકાંક્ષાઓ કેવી રીતે વિકસિત થઈ રહી છે તેની સહિયારી સમજને પ્રતિબિંબિત કરે છે.

## આઈટેલ 10K હેઠળની સૌથી ટકાઉ અને વિશ્વસનીય મોબાઈલ બ્રાન્ડ તરીકે ઊભરી આવ્યું:સીએમઆર

નવી દિલ્હી : તેના નવીનતમ સ્માર્ટફોન્સ અને અન્ય ગેજેટ્સ થકી ટેકનોલોજી પહોંચક્ષમબનાવવા માટે જ્ઞાત અગ્રગણ્ય ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ આઈટેલ ભારતની ઉપકરણ બજારમાં ટકાઉપણું, વિશ્વસનીયતા અને કિફાયતીપણાની વધતી ભૂમિકા પરના નવીનતમ સાઈબરમિડિયા રિસર્ચ (સીએમઆર) રિપોર્ટમાં ટોચની બ્રાન્ડ તરીકે ઊભરી આવી છે. ક્રોસ-સેગમેન્ટ ટકાઉપણાનું પ્રદર્શન સાથે પોર્ટફોલિયોની તાકાત અને વ્યાપ્તિને આધારે, Sub 10K સેગમેન્ટમાં 0.86ના પ્રભાવશાળી ટકાઉપણાના સૂચકાંક સાથે આઈટેલ ટોચની બ્રાન્ડ તરીકે ઊભરી આવી છે, જે પછી સેમસંગ (0.79) અને વિવો (0.72)નો ક્રમ આવે છે. 15 કરોડના વિશાળ ગ્રાહક આધાર સાથે, આઈટેલ હવે વૈશ્વિક સ્તરે 80થી વધુ દેશોમાં હાજર છે. સાઈબરમિડિયા રિસર્ચ (સીએમઆર)ના ઈન્ડસ્ટ્રી રિસર્ચ ગ્રુપ (આઈઆરજી)ના વીપી પ્રભુ રામના જણાવ્યા અનુસાર, "ભારતમાં Sub-INR 10,000 સેગમેન્ટમાં ગ્રાહક અગ્રતાઓમાં મૂળભૂત પરિવર્તન જોવા મળી રહ્યું છે, જેમાં ટકાઉપણું, વિશ્વસનીયતા અને કિફાયતીપણું (ડીઆરએ) ખરીદીના નિર્ણયોમાં કેન્દ્રસ્થાને રહ્યાં છે. આજે ગ્રાહકો સક્રિયપણે એવાં ઉપકરણો શોધી રહ્યા છે જે રોજબરોજ શક્તિ, સુસંગત કામગીરી, વ્યવહારુ ડિઝાઈન અને વિશ્વસનીય સેવા સપોર્ટને જોડે છે. સાઈબરમિડિયા રિસર્ચ (સીએમઆર) ખાતે, અમારો અભ્યાસ આ સ્કોર સાથે મજબૂત ગ્રાહક સહયોગને આલેખિત કરે છે, જેમાં બહુમતી પસંદગીની બ્રાન્ડ્સને લાંબા સમય સુધી ચાલતી બિલ્ડ ગુણવત્તા, વિશ્વસનીયતા અને ઉપયોગિતા સાથે જોડે છે. ફીચર ફોન અને સ્માર્ટફોનમાં ઉચ્ચ ટકાઉપણું દ્રષ્ટિકોણ સ્કોર, મજબૂત વિશ્વસનીયતા અને ઉપકરણ સુરક્ષા મેટ્રિક્સ સાથે, શહેરી અને મહત્ત્વાકાંક્ષી બજારોમાં ખરીદી વિચારણા અને ભાવિ ઉદ્દેશને વધુ ને વધુ આકાર આપી રહ્યા છે." આઈટેલ ટકાઉપણાના સૂચકાંકમાં એક મજબૂત પ્રદર્શનકારી તરીકે ઊભરી આવી છે. તેણે ફીચર ફોનમાં 0.65 અનેસ્માર્ટફોનમાં 0.86 સ્કોર સાથે સતત ઉચ્ચ વિશ્વસનીયતા અને સેવા સ્કોર પ્રાપ્ત કર્યા છે.

## ભારત ન્યુઝીલેન્ડ મુક્ત વ્યાપાર સમજૂતી થી નિકાસકારોને થશે મોટો ફાયદો

નવી દિલ્હી : ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના આર્થિક સંબંધોમાં એક નવો અધ્યાય શરૂ થયો છે. બંને દેશો વચ્ચે થયેલી મુક્ત વ્યાપાર સમજૂતી (FTA) થી ભારતીય નિકાસકારો માટે ન્યુઝીલેન્ડનું બજાર હવે સંપૂર્ણપણે ખુલ્લું મુકવામાં આવ્યું છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ઐતિહાસિક સમજૂતીથી ન્યુઝીલેન્ડમાં નિકાસ કરવામાં આવતા ભારતના ૧૦૦ ટકા માલસામાન પર હવે કોઈ પણ પ્રકારની ડ્યુટી લાગશે નહીં. આ નિર્ણયથી ભારતીય ઉદ્યોગો અને ખાસ કરીને લઘુ અને મધ્યમ ઉદ્યોગો (MSME) ને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનવામાં મોટી મદદ મળશે.આ સમજૂતી માત્ર વ્યાપાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે ભારતમાં મોટા પાયે વિદેશી મૂડીરોકાણ લાવવા માટેનું માધ્યમ પણ બનશે. મીડિયા અહેવાલ મુજબ, ન્યુઝીલેન્ડે અત્યાર સુધી ભારતમાં ખૂબ જ ઓછું રોકાણ કર્યું હતું, પરંતુ હવે આગામી ૨૫ વર્ષમાં અંદાજે ૨ લાખ કરોડ રૂપિયા (૨૦ અબજ ડોલર) ના વિદેશી પ્રત્યક્ષ રોકાણની પ્રતિબદ્ધતા દર્શાવી છે. આ જંગી મૂડીરોકાણથી દેશમાં રોજગારીની લાખો તકો ઉભી થશે અને ઉદ્યોગોના વિકાસને નવી ગતિ મળશે. અમૃત કાળ દરમિયાન દેશને વિકસિત રાષ્ટ્ર બનાવવાના લક્ષ્યમાં આ સમજૂતી એક મજબૂત પાયો સાબિત થશે. મુક્ત વ્યાપાર સમજૂતી અંતર્ગત માત્ર વસ્તુઓનો વેપાર જ નહીં, પરંતુ શિક્ષણ, ટેકનોલોજી, રમતગમત અને પરંપરાગત દવાઓના ક્ષેત્રમાં પણ સહકાર વધારવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી વિગતો મુજબ, ભારતની આયુષ પદ્ધતિ અને ન્યુઝીલેન્ડની 'માઓરી' પરંપરાગત ઔષધિઓ વચ્ચેના સહયોગ માટે પણ કરાર કરવામાં આવ્યા છે. બૌદ્ધિક સંપદા (IP) અને કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીના આદાનપ્રદાનથી બંને દેશોની ઉત્પાદકતામાં સુધારો થશે. આ સર્વાંગી સમજૂતીથી બંને દેશોની જનતાને સીધો આર્થિક લાભ થશે.ન્યુઝીલેન્ડમાં આ પ્રસ્તાવને ત્યાંના શાસક પક્ષ અને વિપક્ષ બંનેનું વ્યાપક સમર્થન મળ્યું છે. કેન્દ્રીય મંત્રીએ આશા વ્યક્ત કરી છે કે ચાલુ વર્ષના અંત સુધીમાં આ સમજૂતીનો અમલ શરૂ થઈ જશે. જોકે, તેમણે ભારતીય વિપક્ષોની ટીકા કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય હિતના મુદ્દાઓ પર જ્યાં ગરીબો, ખેડૂતો અને માછીમારોનો ફાયદો થતો હોય, ત્યાં રચનાત્મક સહકારની જરૂર હોય છે.

## BSE SME લિસ્ટેડ એપ્ટસ ફાર્મા લી.એ આવક બમણી કરી

## 250+ પ્રોડક્ટ પોર્ટફોલિયો બનાવ્યો અને મલ્ટી-વર્ટિકલ વિસ્તરણને વેગ આપ્યો

નવી દિલ્હી : વૃદ્ધિ અને અમલીકરણના મજબૂત તબક્કામાં, એપ્ટસ ફાર્મા લિમિટેડે આવક બમણી કરીને અને ચોખ્ખા નફામાં મજબૂત વૃદ્ધિ સાથે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે, જે કદ અને કામગીરીની તાકાત બન્નેને પ્રતિબિંબિત કરે છે. 2010 માં સ્થાપિત કંપની બ્રાન્ડ નિર્માણ, ઉત્પાદન વિસ્તરણ અને બજારમાં પ્રવેશ પર ધ્યાન કેન્દ્રિત કરતી ઝડપથી વિકસતી ફાર્માસ્યુટિકલ કંપની તરીકે વિકસિત થઈ છે. WHO-GMP પ્રમાણિત ઉત્પાદન ભાગીદારો દ્વારા એસેટ-લાઈટ મોડેલ પર કાર્યરત એપ્ટસ સ્પર્ધાત્મક બજારોમાં ચપળતા જાળવી રાખીને ગુણવત્તા, માપનીયતા અને મૂડી કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે.કંપનીનો પ્રોડક્ટ પોર્ટફોલિયો ક્રોનિક, એક્યુટ અને વેલનેસ સેગમેન્ટમાં 250+ ફોર્મ્યુલેશન સુધી નોંધપાત્ર રીતે વિસ્તરી ગયો છે, જે સતત નવીનતા અને આક્રમક લોન્ચ દ્વારા સમર્થિત છે. તેનો વ્યવસાય મુખ્ય વર્ટિકલ્સમાં વ્યૂહાત્મક રીતે રચાયેલ છે જેમાં આરએક્સ (પ્રિસ્ક્રિપ્શન) સેગમેન્ટનો સમાવેશ થાય છે, જે મજબૂત ડૉક્ટર જોડાણ દ્વારા મુખ્ય આવક ચલાવે છે; OTC વર્ટિકલ, ગ્રાહક આરોગ્યસંભાળ અને વેલનેસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે; વૈશ્વિક વર્ટિકલ, નિકાસ અને સંબંધિત સેવા આવક દ્વારા યોગદાન આપે છે; અને ORBIT ડિવિઝન, એક સ્કેલેબલ ફ્રેન્ચાઇઝ-આગેવાની હેઠળનું મોડેલ, બજારમાં પ્રવેશને વેગ આપે છે અને ઓછા પ્રવેશેલા પ્રદેશોમાં પહોંચનું વિસ્તરણ કરે છે.આ વૃદ્ધિને 25,000+ રિટેલ આઉટલેટ્સને આવરી લેતા મજબૂત વિતરણ નેટવર્ક દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે, જે 200+ વિતરકો અને પેટા-વિતરકો દ્વારા સમર્થિત છે, અને 10,000+ ડોકટરોના વિશ્વાસ દ્વારા મજબૂત બનાવવામાં આવ્યું છે, જે બહુવિધ રાજ્યોમાં ઊંડા અને સતત બજારમાં પ્રવેશને સક્ષમ બનાવે છે.

## ગોકુલા એજ્યુકેશન ફાઉન્ડેશન (મેડિકલ) દ્વારા AI, એરોસ્પેસ અને ભવિષ્યના કૌશલ્યો પર કેન્દ્રિત, વૈશ્વિક સ્તરે સંલગ્ન STEM અને મેનેજમેન્ટ યુનિવર્સિટી RISMનો પ્રારંભ કરાયો

(એજન્સી) અમદાવાદ | તા.29

શિક્ષણને વાસ્તવિક જગતની જરૂરિયાતો અને ભાવિ કૌશલ્ય સાથે સાંકળવા માટે, રામૈયાહ યુનિવર્સિટી ઓફ એપ્લાઈડ સાયન્સિસ, રામૈયાહ મેડિકલ કોલેજ તથા રામૈયાહ મેમોરિયલ હોસ્પિટલનું સંચાલન કરતાં ગોકુલા એજ્યુકેશન ફાઉન્ડેશન (મેડિકલ)એ, બેંગલોરમાં રામૈયાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાન્યસ એન્ડ મેનેજમેન્ટ (આરઆઈએસએમ), ડીમ્ડ-ટુ-બી-યુનિવર્સિટીના પ્રારંભ માટે સ્ટેટ યુનિવર્સિટી ઓફ ન્યૂયોર્કની જાહેર સંશોધન ક્ષેત્રની પ્રતિષ્ઠિત અને અગ્રણી, યુનિવર્સિટી ઓફ અલ્બાની સાથે ભાગીદારી કરી છે. નવી પેઢીની STEM અને મેનેજમેન્ટ સંસ્થા તરીકે કલ્પના કરવામાં આવેલ RISM, વૈશ્વિક ધોરણો મુજબનું અને ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ શિક્ષણ આપવાની સાથે જ, સંશોધન અને વાસ્તવિક વિશ્વના પ્રવર્તમાન પ્રેક્ટિકલ અનુભવ પર ભાર મૂકશે, જેથી વિદ્યાર્થીઓ ઝડપથી બદલાતી દુનિયા માટે તૈયાર થઈ શકે. યુનિવર્સિટીનું પ્રથમ શૈક્ષણિક સત્ર ઓગસ્ટ 2026માં શરૂ થશે.શિક્ષણ, સંશોધન

RAMAIAH INSTITUTE OF SCIENCE & MANAGEMENT



અને આરોગ્ય ક્ષેત્રે છ દાયકાથી વધુના ઉત્કૃષ્ટ અનુભવને આધારે, ગોકુલા એજ્યુકેશન ફાઉન્ડેશન (મેડિકલ) હવે RISM દ્વારા ઉચ્ચ શિક્ષણને એક નવા અને વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે રજૂ કરી રહ્યું છે. આ યુનિવર્સિટી એન્જિનિયરિંગ, બિઝનેસ અને સાયન્સમાં સ્નાતક, અનુસ્નાતક અને ડોક્ટરેટ પ્રોગ્રામ્સ ઓફર કરશે. શરૂઆતના કોર્સમાં કોમ્પ્યુટર સાયન્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, એરોસ્પેસ એન્જિનિયરિંગ અને ઈલેક્ટ્રિકલ સાયન્સમાં B.Tech તેમજ BBA અને MBAનો સમાવેશ થાય છે. તેમનું શૈક્ષણિક મોડેલ ઉદ્યોગ જગતના નિષ્ણાતો અને શૈક્ષણિક ભાગીદારો સાથે મળીને તૈયાર કરેલા અભ્યાસક્રમ પર આધારિત છે. જેમાં વિવિધ વિદ્યાશાખાઓના સંયુક્ત શિક્ષણ, ઉદ્યોગો દ્વારા પ્રાયોજિત 'સેન્ટર્સ ઓફ એક્સલન્સ', અને ઈન્ટર્નશિપ, લાઈવ પ્રોજેક્ટ્સ તેમજ કેપસ્ટોન એસાઈનમેન્ટ્સ દ્વારા પ્રાયોગિક અનુભવને સાંકળી લેવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓમાં વાસ્તવિક કાર્યક્ષમતા કેળવી શકાય. RISM ખાતે, તમામ કાર્યક્રમોમાં ઈન્ટીગ્રેટેડ બિઝનેસ અને મેનેજમેન્ટ-આધારિત અભિગમ દ્વારા શિક્ષણની 'પ્રાસંગિકતા'ને પાયામાંથી જ તૈયાર કરવામાં આવશે. દરેક અભ્યાસક્રમમાં શરૂઆતથી જ ઉદ્યોગ જગતનો વાસ્તવિક અનુભવ આવરી લેવામાં આવશે, જે શિક્ષણ પ્રાયોગિક અને પરિણામલક્ષી રહે તે બાબત સુનિશ્ચિત કરશે. વિદ્યાર્થીઓ 'મેન્ટર પ્રોફેસર્સ' અને ઉદ્યોગ જગતના વરિષ્ઠ નેતાઓ કે જેઓ દરેક વિભાગમાં 'પ્રોફેસર્સ ઓફ પ્રેક્ટિસ' તરીકે વિધિવત ફેકલ્ટીની ભૂમિકા ભજવશે, તેમની સાથે જોડાશે; જે આ પ્રકારનું પ્રથમ મોડેલ છે. તેને પૂરક બનાવતી, ટ્રાન્સલેશનલ રિસર્ચ યુનિવર્સિટીના શૈક્ષણિક માળખાને મજબૂત આધાર પૂરો પાડે છે, જે અભ્યાસક્રમની રચના અને તેના પ્રત્યક્ષ પ્રભાવને આકાર આપે છે. આ એકીકૃત અભિગમ સાથે, RISM એક એવી લર્નિંગ ઈકોસિસ્ટમનું નિર્માણ કરવાનું લક્ષ્ય ધરાવે છે કે જ્યાં ઉદ્યોગનો સંદર્ભ, શૈક્ષણિક ગહનતા અને વ્યવહારુ સંશોધન એકબીજા સાથે સહજતાથી ભળી જાય.ગોકુલા એજ્યુકેશન ફાઉન્ડેશન (મેડિકલ)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ સ્ટ્રેટેજી ઓફિસર ગુરુચરણ ગોલેરકેરીએ જણાવ્યું હતું કે, ' આપણે અત્યારે અત્યંત ઝડપથી બદલાતા અને આંતરિક રીતે જોડાયેલા વૈશ્વિક માહોલમાં કામ કરી રહ્યા છીએ, જ્યાં અલગ-અલગ વિષયો, ઉદ્યોગો અને ભૌગોલિક સીમાઓ વચ્ચેના તફાવતો ઝડપથી ભૂંસાઈ રહ્યા છે.

## અપ્રતિમ નિપુણતા, વિસ્તૃત પહોંચ: રેન્ટોકિલ પીસીઆઈ પેકોપને હસ્તગત કરે છે

નવી દિલ્હી : ભારતની અગ્રણી પેસ્ટ કંટ્રોલ અને હાઈજીન સેવા પ્રદાતા, રેન્ટોકિલ પીસીઆઈ, પેકોપ પેસ્ટ કંટ્રોલ સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ ("પેકોપ")ને સફળ રીતે હસ્તગત કર્યાની જાહેરાત કરતા આનંદ અનુભવે છે. આ ઍકિવઝિશન ખાસ કરીને પશ્ચિમ ભારતના ગ્રાહકોને સેવા આપવાની રેન્ટોકિલ પીસીઆઈની ક્ષમતાને વધુ મજબૂત બનાવે છે અને પેસ્ટ મેનેજમેન્ટ ઉદ્યોગમાં નવા બેન્ચમાર્ક સ્થાપિત કરવાની તેની પ્રતિબદ્ધતાને મજબૂત કરે છે. આ ઍકિવઝિશન પેકોપના ગ્રાહક પોર્ટફોલિયો, અનુભવી કાર્યબળ અને કાર્યકારી અસ્કયામતોને રેન્ટોકિલ પીસીઆઈના નેટવર્કમાં એકીકૃત કરે છે. આ જોડાણ નવીનતા, ઉત્કૃષ્ટ સેવા અને ટકાઉ વિકાસનું સમાન વિઝન ધરાવતી બે સંસ્થાઓને એકસાથે લાવે છે. મુંબઈમાં સ્થપાયેલી પેકોપ એ ઘણા દાયકાથી એક મજબૂત પ્રતિષ્ઠા ઊભી કરી છે, જે વ્યાવસાયિક સેવાઓ, લક્ઝરી હોસ્પિટાલિટી અને પ્રીમિયમ મનોરંજન ક્ષેત્રો સહિત અન્ય પ્રતિષ્ઠિત ગ્રાહકોને સેવા આપે છે. રેન્ટોકિલ પીસીઆઈ સાથે હાથ મિલાવીને, પેકોપ હવે ગ્રાહકો માટે તેના સેવા વિતરણને વધુ ઉન્નત બનાવવા માટે વૈશ્વિક સંસાધનો, અદ્યતન સંશોધન અને વિકાસ તથા વ્યાપક ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ લઈ શકશે."પેકોપને રેન્ટોકિલ પીસીઆઈ પરિવારમાં આવકારીને, અમે ભારતીય બજારમાં અપ્રતિમ સેવા પ્રદાન કરવા અને સેવામાં આધુનિક સુધારા લાવવાની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહ્યા છીએ. સાથે મળીને, અમે અમારા ગ્રાહકોને વિશ્વસ્તરીય અને ટેક્નોલોજી આધારિત ઉકેલો પૂરા પાડીશું." - ડેવિડ લુઈસ, મેનેજિંગ ડિરેક્ટર, રેન્ટોકિલ પીસીઆઈ. "પેકોપનો વર્ષોનો સ્થાનિક અનુભવ અને રેન્ટોકિલ પીસીઆઈનું વૈશ્વિક નેતૃત્વ, અમને અમારા વફાદાર ગ્રાહકોને અત્યાધુનિક નિષ્ણાત સેવાઓ આપવા માટે સક્ષમ બનાવે છે. જેમ જેમ અમે અમારી સેવાઓનો વ્યાપ વધારીશું, તેમ તેમ અમે વિશિષ્ટ ક્ષમતાઓની વિશાળ શ્રેણી સાથે અમારા ગ્રાહકોની અપેક્ષા મુજબની વ્યક્તિગત અને અગ્રણી સંભાળ આપવાનું ચાલુ રાખીશું.

Rentokil PCI
PECOPP

### દેશની ચુકવણી સંતુલન ખાધ ચિંતાજનક સ્તરે પહોંચી

## રૂપી ડેપ્રિસિયેશન અસરો ખાળવા SBI દ્વારા માળખાગત સુધારાની હાકલ

નવી દિલ્હી : ભારતીય રૂપિયાના મૂલ્યમાં સતત થઈ રહેલા ઘટાડા અને તેના કારણે ઉભા થયેલા આર્થિક જોખમો અંગે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) એ ગંભીર ચેતવણી આપી છે. એસબીઆઈના તાજેતરના અહેવાલ મુજબ, રૂપિયાનું અવમૂલ્યન ભારતના મૂળભૂત આર્થિક પરિમાણોને અનુરૂપ નથી. આ સ્થિતિમાં આયાતી ફુગાવો અને વધતી જતી ચુકવણી સંતુલન (BoP) ખાધને નિયંત્રિત કરવા માટે વ્યાપક અને માળખાગત નીતિ વિષયક પ્રતિસાદની તાતી જરૂર છે. અહેવાલમાં ખાસ કરીને 'સેકન્ડ-રાઉન્ડ ઈફેક્ટ' અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, જે લાંબાગાળે અર્થતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.

રૂપિયાના મૂલ્યમાં ઘટાડો થવાથી ક્રૂડ ઓઈલ અને કાચા માલની આયાત મોંઘી બને છે, જેને 'ફર્સ્ટ-રાઉન્ડ ઈફેક્ટ' કહેવામાં આવે છે. પરંતુ જ્યારે વેપારીઓ આ વધારાનો ખર્ચ ગ્રાહકો પર નાખે છે, ત્યારે તે સમગ્ર અર્થતંત્રમાં ભાવવધારો લાવે છે, જેને 'સેકન્ડ-રાઉન્ડ ઈફેક્ટ' તરીકે ઓળખવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, એપ્રિલ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે રૂપિયો




૬.૩૯ ટકા ઘસાઈ ચૂક્યો છે. પશ્ચિમ એશિયાના સંઘર્ષ બાદ તેમાં વધુ ૩.૬૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) દ્વારા કરવામાં આવેલી ૬.૪ અબજ ડોલરની નિકાસે ચલણ પર વધુ દબાણ સર્જ્યું છે. એસબીઆઈના અહેવાલ પ્રમાણે, નાણાકીય વર્ષ ૨૦૨૭માં ભારતની એકંદર ચુકવણી સંતુલન ખાધ ૨૮ અબજ ડોલર રહેવાની ધારણા છે. દેશની ચાલુ ખાતાની ખાધ (CAD) પણ નાણાકીય વર્ષ ૨૦૨૬ ના ૩૧.૫ અબજ ડોલરથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૭ માં ૫૪.૧ અબજ ડોલર સુધી પહોંચી શકે છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, મૂડી ખાતામાં અંદાજે ૨૬.૫ અબજ ડોલરનો સરપ્લસ હોવા છતાં, તે ચાલુ ખાતાની ખાધને સંપૂર્ણપણે ભરપાઈ કરવા માટે પૂરતો નથી. સતત ત્રીજા વર્ષે ચુકવણી સંતુલન નકારાત્મક રહેવાની ભીતિએ નીતિ નિર્ધારકો માટે ચિંતા વધારી છે.

અહેવાલમાં ભાર મૂકવામાં આવ્યો છે કે માત્ર વિનિમય દરના ફેરફારો પર નિર્ભર રહેવું એ કાયમી ઉકેલ નથી. વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં ફુગાવાની અપેક્ષાઓને અંકુશમાં રાખવા માટે મજબૂત માળખાગત પગલાં લેવા પડશે. જો રૂપિયાનું અવમૂલ્યન અટકાવવામાં નહીં આવે, તો તે આંતરિક અર્થતંત્રમાં મોંઘવારી ફેલાવવાનું માધ્યમ બની જશે. નાણાકીય સ્થિરતા જાળવી રાખવા માટે આયાત પર નિર્ભરતા ઘટાડવી અને નિકાસ પ્રોત્સાહનો વધારવા જેવા મૂળભૂત ફેરફારો જરૂરી છે. આર્થિક વિશ્લેષકો માને છે કે જો સમયસર પગલાં લેવામાં નહીં આવે, તો મોંઘવારી અંકુશ બહાર જઈ શકે છે અને નાણાકીય નીતિ ઘડવાનું કાર્ય વધુ જટિલ બનશે. ભારતની આર્થિક બુનિયાદ મજબૂત હોવા છતાં, બાહ્ય આંચકાઓ સામે રક્ષણ મેળવવા માટે સરકારે અને રિઝર્વ બેન્કે સંયુક્ત રીતે આક્રમક વ્યૂહરચના અપનાવવી પડશે. સ્થાનિક સ્તરે ઉત્પાદન વધારીને અને ડોલર પરની નિર્ભરતા ઘટાડીને જ આ વૈશ્વિક દબાણનો સામનો કરી શકાશે. અર્થતંત્રને પાટા પર રાખવા માટે આગામી સમયમાં જાહેર કરવામાં આવનારી નીતિઓ અત્યંત નિર્ણાયક સાબિત થશે.

## મોટા દીનારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ભાવનાત્મક સન્માન સમારોહ - ડો. સવાના મેડમને હજ યાત્રા માટે શુભેચ્છાઓ



જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

મોટા દીનારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે એક ભાવનાત્મક અને યાદગાર સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોગ્ય કેન્દ્રમાં આયુષ મેડિકલ ઓફિસર તરીકે સેવા આપતા તેમજ સ્ટાફ દ્વારા સૌના પ્રિય અને પરિવારના સભ્ય સમાન ગણાતા ડો. સવાના મેડમના પવિત્ર હજ યાત્રા પર જવાના પ્રસંગે તેમને સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન આરોગ્ય કેન્દ્રનું વાતાવરણ લાગણીસભર બની ગયું હતું. સ્ટાફ સભ્યો દ્વારા ડો. સવાના મેડમના આરોગ્ય સેવા ક્ષેત્રે આપેલ નિષ્ઠાપૂર્વકના યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. દર્દીઓ પ્રત્યેની તેમની સેવા ભાવના, મૃદુ સ્વભાવ અને સૌજન્યપૂર્ણ વ્યવહારને સ્ટાફ દ્વારા વખાણવામાં આવ્યા હતા.આ પ્રસંગે આયોજિત સન્માન સમારોહમાં સ્ટાફ દ્વારા ડો. સવાના મેડમને પુષ્પગુચ્છ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા તેમજ તેમની પવિત્ર હજ યાત્રા માટે દિલથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સૌએ એકમતથી પ્રાર્થના કરી કે અલ્લાહ પાક તેમની હજ યાત્રાને આસાન બનાવે, સુરક્ષિત રાખે અને તેમની હજ કબૂલ કરે.સમારોહ દરમિયાન અનેક સ્ટાફ સભ્યો ભાવુક થઈ ગયા હતા. લાંબા સમયથી સાથે કામ કરનાર સહકર્મી તરીકે ડો. સવાના મેડમ પ્રત્યેની લાગણી અને સન્માન સ્પષ્ટ રીતે જોવા મળ્યું હતું. કાર્યક્રમમાં સૌએ તેમના સુખદ યાત્રા માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.અંતમાં સમગ્ર સ્ટાફ દ્વારા ડો. સવાના મેડમને શુભ વિદાય આપવામાં આવી હતી અને તેમના સ્વસ્થ, સુરક્ષિત અને સફળ હજ પ્રવાસ માટે દિલથી દુઆ કરવામાં આવી હતી.

## ચાણસ્મા ખાતે અલખ ધણી ના ભક્ત દ્વારા 108 જ્યોતનો. સિદ્ધ રામદેવપીરજીની પાટ પૂજા યોજાઈ



નિતીન ઠાકર ચાણસ્મા

જ્યોત એ જ અલખધણી રામદેવપીરજી ના પ્રમાણની એંધાણી હોવાના સિદ્ધ રામદેવજીએ તેમની વાણીમાં જગતને બોધ આપેલો છે જેથી ભક્તજનો દ્વારા રામાપીરની પાટ પૂજા કરવાનું અનેરૂ મહાત્મ્ય રહેલું છે જે અન્વયે ચાણસ્મા ખાતે જીઆઈડીસીમાં આવેલ નવદુર્ગા ટ્રેડર્સ ખાતે રામાપીરના પરમ ભક્તી મિતેશભાઈ પરિવાર દ્વારા તેમની મનોસંકલ્પના પૂર્ણ થતાં 27મી એપ્રિલના રોજ 108 જ્યોતનો રામાપીરની પાટ પૂજા કરાઈ હતી તેમજ ભોજન પ્રસાદનું આયોજન કરાયું હતું ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત સ્નેહીજનો મિત્રો પાટ પૂજા અલખ ધણી ની જ્યોતના દર્શન કરી ધન્ય થયા ભક્તોજનો દ્વારા જ્યોત જ્યોત પ્રાગટ્યથી જ્યોત વિદાય સુધી રજુ કરાયેલ રામદેવજી માહિમા ના ભજનવાણી નો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

## રાજપીપલા ન.પા.માં પરિવારવાદનો દબદબો, ગોહિલ પરિવારની ત્રીજી પેઢીનો યુવાન પાલિકામાં વિજેતા

રાજપીપલા : રાજપીપલા નગરપાલિકા ની તાજેતર માં યોજાયેલી ચૂંટણી માં ભાજપ એ 28 પૈકી 25 બેઠકો પર વિજય પ્રાપ્ત કરી ઈતિહાસ સર્જ્યો છે ત્યારે જે સભ્યો ચૂંટાયા છે તેમના પરિવાર માંથી પણ અગાઉ પાલિકા માં ચૂંટાયા હોય તેવી રસપ્રદ વિગતો બહાર આવવા પામી છે . પ્રાપ્ત માહિતી મુજબ રાજપીપલા નગરપાલિકા ચૂંટણી ની જવાબદારી જેમની હતી અને કુનેહભર્યા સંકલન થી પાલિકા માં ભાજપ ને ભવ્ય વિજય અપાવ્યો તે કુલદીપસિંહ ગોહિલ પણ પુનઃ ચૂંટાયા પણ અગાઉ તેઓ પાલિકા પ્રમુખ પણ રહી ચુક્યા છે તો તેમના પિતાજી સ્વ. અલકેશિંહ ગોહિલ પણ પાલિકા પ્રમુખ હતા અને કુલદીપસિંહ ગોહિલ ના દાદા સ્વ. પ્રો. જશવંતસિંહ ગોહિલ પણ પાલિકા પ્રમુખ હતા આમ ગોહિલ પરિવાર માં ત્રીજી પેઢી પાલિકા ના વહીવટ માં છે . આ ઉપરાંત વોર્ડ -4 માં બિનહરીફ ચૂંટાયેલ ડો. નિધિ પંચાલ ના દાદા સસરા રમણ લાલ પંચાલ પણ પાલિકામાં ઉપપ્રમુખ હતા . આ ઉપરાંત વોર્ડ-3 માં અપક્ષ ચૂંટાયેલ દામિની વસાવા ના પિતા મહેશ વસાવા પણ પાલિકા પ્રમુખ હતા . તેમજ વોર્ડ -2 માં ચૂંટાયેલ રિયાબેન વસાવા ના પિતા. ભરત વસાવા પણ પાલિકા પૂર્વ પ્રમુખ છે . તો વોર્ડ-5 માં ચૂંટાયેલ ભાજપ ના પ્રજ્ઞેશ રામી ના પિતા સ્વ. મહેશ રામી પણ પાલિકા સદસ્ય હતા . આમ રાજપીપલા નગરપાલિકા માં પરિવારવાદ નો દબદબો રહ્યો છે .

## ઈરાન, ઇઝરાયેલ, અમેરિકાના ભિષણ યુદ્ધ દરમિયાન ઇંધણ ગેસ પેટ્રોલની વિકટ પરિસ્થિતિમાં પણ જાફરાબાદની મિતરાજ ગેસ એજન્સીએ ગ્રાહકો માટે માનવતા ભર્યું વલણ દાખવ્યું

કિશોર આર. સોલંકી જાફરાબાદ

તાજેતરમાં દુનિયામાં મહાસત્તા અમેરિકા, ઈરાન, ઇઝરાયેલ, વચ્ચે ફાટી નિકળેલ યુધ્ધ ના પ્રત્યાઘાત રૂપે જીવન જરૂરિયાત ની વસ્તુ ઓ જેવા કે ઈંધણ પેટ્રોલ ગેસ ની ભારી અછત થઈ રહી છે. અને મોંઘવારી અસહ્ય વધી રહી છે. જનતા જનાર્દન જીવન જરૂરિયાત વસ્તુઓના ભાવો આસમાને પહોંચ્યા હોય ખાસકરીને ઈંધણ ગેસના સિલિન્ડર ની ભારે અછત ના કારણે જનતા ત્રાહીમામ પામી રહી હોય ગેસના સિલિન્ડર લેવામાં માટે લાંબી લાંબી લાઈનો લગાવી અને કાળઝાળ ગરમી અને ધોમધખતા તાપમાન માં લાઈનમાં ઉભા રહી ને અસહ્ય ગરમી સહન કરી ને ગેસના સિલિન્ડર લેવા માટે વહેલી સવારથી સાંજ સુધી પોલીસ ના સખ્ત બંદોબસ્ત વચ્ચે લોકો લાંબી લાંબી કતારો માં રાંધણ ગેસના સિલિન્ડર મેળવવા માટે ધરમ ના ધક્કા ખાઈ રહ્યા હોય છતાં પણ રાંધણ ગેસ સિલિન્ડર ઉપલબ્ધ થતાં નથી તેવામાં જાફરાબાદ ખાતે આવેલ મિતરાજ ગેસ એજન્સી દ્વારા આજસુધીમાં લાંબી લાંબી લાઈનો




જોવા મળી નથી લોકોને સંતોષ કારણ જવાબો મળે છે. અને કોઈ પણ વ્યક્તિ રાંધણ ગેસ સિલિન્ડર વિના વંચિત રહેતા નથી ને લોકો ને એજન્સી દ્વારા પુરતાં પ્રમાણમાં નાગરિકો આસાનીથી ઉપલબ્ધ થયે રહ્યા છે. અને નાગરિકો એ માત્ર ગેસ એજન્સી ને આવી વિકટ પરિસ્થિતિ માં પણ લોકો ને રાંધણ ગેસ થી વંચિત રહેવા દીધા નથી ખરેખર આ મિતરાજ ગેસ એજન્સી ના સંચાલનના આવી વિકટ પરિસ્થિતિ માં પણ લોકો ને રાંધણ ગેસ સહેલાઈથી ઉપલબ્ધ થઈ રહ્યા છે. પરંતુ બીજી બાજુ મોટી લાઈનો લાગી છે. તેમાં પણ અમુક અમુક એજન્સી ઓમા સિલિન્ડરો ની ગેરરીતિ થઈ રહી છે. તેવામાં જાફરાબાદ ની મિતરાજ ગેસ એજન્સી નાગરિકો ને સારીએવી સુવિધાઓ આપવામાં અગ્રેસર રહી છે. તે બદલ જાફરાબાદ ની જનતા જનાર્દન તેમજ વિવિધ સંસ્થાઓ તેમજ સાગરખેડુ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી કિશોરભાઈ આર. સોલંકી તેમજ સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ ના નેશનલ ચેરમેન એચ.એમ.ધોરી સાહેબ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં અનુસ્નાતક ભવનનાં સેમેસ્ટર- ૨ અને ૪ ની પરીક્ષાનો પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ સંલગ્ન અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમથી જોડાયેલ કોલેજો અને યુનિ.નાં અનુસ્નાતક ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સેમેસ્ટર- ૨ અને સેમેસ્ટર-૪ની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે. ગુજરાતી, ઈતિહાસ, સંસ્કૃત, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, માઈક્રોબાયોલોજી બોટની, એન્વાયરમેન્ટ સાયન્સ, સમાજશાસ્ત્ર અને સમાજકાર્ય, કોમર્સ અને મેનેજમેન્ટ,અંગ્રેજી, સહિત વિવિધ અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં અભ્યાસક્રમોની સેમેસ્ટર -૨ અને ૪ ની પરીક્ષાઓ શરૂ થતાં યુનિ. ભવનમાં સેમેસ્ટર-૨માં ૨૯૮ અને સેમેસ્ટર-૪માં ૨૫૧ વિદ્યાર્થીઓ મળીને કુલ ૫૪૯ વિદ્યાર્થી પરીક્ષા આપી રહ્યા છે.યુનિ.નાં કુલપતિ પ્રો.પ્રતાપસિંહજી ચૌહાણે વિવિધ પરીક્ષા કક્ષની ઓચીંતી મુલાકાત લઈ પરીક્ષાની સમગ્ર પ્રક્રિયા નિયમિત અને પારદર્શક રીતે સંપન્ન થાય તે માટે જરૂરી વ્યવસ્થાઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષા કેન્દ્રોમાં બેઠક વ્યવસ્થા, પ્રશ્નપત્રોની સુરક્ષા, પરીક્ષા દરમિયાન શિસ્ત અને



પરીક્ષાર્થીઓને ઉપલબ્ધ સુવિધાઓ અંગે કેન્દ્રના સુપરવાઈઝર તથા નિરીક્ષકો સાથે ચર્ચા કરી પરીક્ષાઓ યુનિવર્સિટીના નિયમો અને માર્ગદર્શિકા મુજબ સુચારૂ રીતે યોજાય તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી. તેમજ પરીક્ષાર્થીઓને શાંતિપૂર્ણ અને અનુકૂળ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે કેન્દ્ર સંચાલકોને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનિય છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમોની યોજાઇ રહેલ તમામ પરીક્ષાઓ નિષ્પક્ષ, પારદર્શક અને શિસ્તબદ્ધ રીતે યોજાય તે માટે કુલપતિ પ્રો.(ડો.) પ્રતાપસિંહજી ચૌહાણનાં માર્ગદર્શનમાં પરિક્ષા નિયામકશ્રી અને ટીમ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. આ તકે કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે અનુસ્નાતક અભ્યાસક્રમમાં પરીક્ષા આપી રહેલ તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભાવીની શુભકામનાં પાઠવી જણાવ્યુ હતુ કે આત્મવિશ્વાસ, નિયમિત મહેનત અને સકારાત્મક વિચારસરણી સાથે તમે નિશ્ચિત સફળતા પ્રાપ્ત કરશો જ, મહેનતનો કોઈ વિકલ્પ નથી અને મહેનતનું પરિણામ પણ અનંદદાયક હોય છે ત્યારે સમયનું યોગ્ય આયોજન કરી અને શાંત ચિત્તે અભ્યાસ કરતા રહો અને પોતાની ક્ષમતામાં વિશ્વાસ રાખજો, દરેક પરીક્ષા સફળતા અને શ્રેષ્ઠ પરિણામો લઈને આવે તેવી શુભેચ્છાઓ.

## જાફરાબાદ ના સામાકાંઠા વિસ્તારોમાં પીજીવીસીએલ દ્વારા અવારનવાર વીજળી ગુલ : કાળઝાળ ગરમીમાં વીજ ધાંધિયાથી લોકો ગરમીમાં અકળાયા વીજ તંત્ર સામે રોષ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા વિસ્તારોમાં પીજીવીસીએલ દ્વારા અવારનવાર વીજળી ગુલ કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન થયા હતા ગત રાત્રીના ૧૨ વાગ્યાના સમયે લાઈટ ગુલ થઈ જતાં કાળઝાળ ગરમીમાં લોકો ઘરની બહાર નીકળી ગયા એક કલાક પછી લાઈટ આવી હતી ફરી ૨ :૦૦ વાગ્યાના સમયે લાઈટ ગુલ થઈ ગઈ હતી કાળઝાળ ગરમીમાં નાગરિકો હેરાનપરેશાન પરેશાન થઈ ગયા હતા એવા ફરી લાઈટ આવી જતા રાહતનો શ્વાસ લીધો હતો ફરી ૩ :૦૦ વાગ્યે લાઈટ ગુલ થઈ ગઈ હતી પીજીવીસીએલ સામે લોકો દ્વારા આક્રોશ



ઠાલવ્યો હતો મધરાત્રિના સમયે ત્રણ વખત લાઈટ ગુલ થતા નાના ભૂલકાઓ, સિનિયર સિટીઝન, મહિલાઓ, બિમાર દર્દીઓ, હેરાનપરેશાન થયા હતા રાત્રિ બાદ વહેલી સવારે ૭:૦૦ વાગ્યે ફરી લાઈટ ગુલ થઈ ગઈ હતી કલાકે કલાકે લાઈટ ગુલ થતા આખીરાત હેરાનગતિ વેઠવી પડી હતી એવામાં વહેલી સવારે ફરી લાઈટ જતા પીજીવીસીએલ ની કામગીરી સામે અને પ્રશ્નો ઉઠ્યા કલાકો ની મેન્ટેટની કામગીરી છતા કલાકે કલાકે વિજળી ગુલ થઈ રહી છે. ફરી સાંજ ના ૪:૦૦ વાગ્યાના સમયે લાઈટ જતી રહી હતી એક કલાક પછી લાઈટ આવી હતી સામાકાંઠા ની જનતા સમયસર લાઈટ બીલો ભરી દેતા હોય છે. તેવામાં પોતાના રોજિંદા કામકાજ પડતા મૂકીને પીજીવીસીએલ ની કચેરી એ લાઈનમાં ઉભા રહી ને પણ પૂરા લાઈટ બિલ ભરવા છતા પણ સુવિધા દેવાના બદલે ગમે ત્યારે રાત્રીના સમયે કે વહેલી સવારે કે પછી બપોરના સમયે લાઈટ ગુલ કરી દેવામાં આવે છે. આવી કાળઝાળ ગરમીમાં કલાકે કલાકે લાઈટ ગુલ થઈ જતા પીજીવીસીએલ સામે ગ્રાહકો નો આક્રોશ જોવા મળી રહ્યો છે. ઉનાળામાં પડતી હાલાકી બાદ ચોમાસા દરમ્યાન પણ લોકોને હેરાનગતિ થનાર હોવાથી કચવાટ ફેલાયો છે.

## જબુગામમાં આન બાન અને શાન સાથે રોશનીની ઝગમાગાટ વચ્ચે અલૌકિક, અવિસ્મરણીય સુવર્ણ જયંતી મહોત્સવ

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

શ્રી દ્વારકાધીશ પ્રભુની અપરંપાર કૃપાદ્રષ્ટિથી વિભૂષિત જબુગામ દ્વારકાધીશ મંદિરના જીર્ણોદ્ધારને 50 વર્ષ પૂર્ણ થતા સુવર્ણ જયંતી મહોત્સવના પાવન અવસરે અનંત વિભૂષિત જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીના પાવન આશીર્વાદથી તથા ડૉ. વાગીશકુમાર મહારાજશ્રીની ષષ્ઠિ પૂર્તિ મહોત્સવના પાવન પ્રસંગ સાથે ઉત્સવને દિવ્યતા અને આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત થઈ છે આ અલૌકિક અવસરમાં જેઓની વાણીમાં શાસ્ત્રજ્ઞાનની ગંગા વહે છે અને જેઓ વૈષ્ણવ હૃદયોના સમ્રાટ છે એવા અનંત વિભૂષિત જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી પરંપરાના શુદ્ધાદ્વૈત તૃતીય ગુરૂવરના આશીર્વાદરૂપ પરમ પૂજ્યપાદ ગોસ્વામી 108 શ્રી ડૉ. વાગીશકુમાર મહારાજશ્રી પરિવાર સહ પધારી જબુગામની સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિને ધન્ય બનાવશે. આ પાવન અવસર માત્ર મહોત્સવ નથીપરંતુ ભક્તિ, ભાવ અને કૃપાનો જીવંત અનુભવ છે આ ક્ષણોમાં પ્રભુપ્રેમનો અહેસાસ, અમૃતરસ અને વૈષ્ણવ એકતાનો દિવ્ય સ્પંદન અનુભવાશે આ મહોત્સવ જબુગામ માટે તીર્થ સમાન બની રહેશેજેમાં પધારનાર દરેક વૈષ્ણવ આત્મિક આનંદ અને પરમ શાંતિનો અનુભવ કરશે.આનંદના વધામણા : વૈશાખ વદ ૧ - તા. 02/05/2026 ( શનિવાર) સવારે 9:00 કલાકે આઝાદ ચોકથી ભવ્ય સામૈયુ સ્વાગત યાત્રા નીકળશે, જેમાં ઢોલ-નગારા ના ગુંજતા તાલ સાથે ભક્તિમા મસ્ત બની વૈષ્ણવોના આનંદ અને ઉત્સાહ વચ્ચે મંદિર સુધી પ્રસ્થાન કરવામાં આવશે. બડો મનોરથ દર્શન : બપોરે 12-00 થી 3-00 કલાક જબુગામ દ્વારકાધીશ મંદિર આ પવિત્ર અવસરે, વૈષ્ણવોની અનન્ય શ્રદ્ધા અને ભક્તિ વચ્ચે આનંદ અને ઉમંગથી ભરપૂર વાતાવરણમાં પ્રભુના દિવ્ય દર્શનનો અલૌકિક લાભ મળશે.પ્રભુપ્રેમના અમૃતરસ,પરંપરાની પ્રિત, અને વૈષ્ણવ સેવાના અવિરત પ્રવાહનો શાશ્વત ઉત્સવ બની રહેશે. ભવ્ય શોભાયાત્રા : સાંજે 5-30 કલાકે સ્વ હરેશકુમાર એમ. શાહના નિવાસ સ્થાનેથી ભવ્ય આતિશબાજી,



ઢોલ-નગારા અને ડંકાના ગાજતા સ્વરો વચ્ચે, વૈષ્ણવોના હરખભર્યા મહેરામણ સાથે, ભક્તિ અને આનંદના રાગ સાથે સમગ્ર નગરમાં વિહાર કરશે. મહાપ્રસાદી : સવાર - સાંજ સ્થળ- જુના બજાર, જબુગામના તેમજ બહારગામથી પધારનાર તમામ વૈષ્ણવશ્રી મહા પ્રસાદીનો લાભ લેશે પાતરની વ્યવસ્થા શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે કરવામાં આવેલ છે. તા. 03/05/2026 (રવિવાર)કેસર સ્નાન સવારે 9-00 કલાકે, મંદિરના પ્રાંગણમાં વલ્લભકુળ પરિવારના ચરણ સ્પર્શ તથા કેસર સ્નાનનો લાભ લઈ વૈષ્ણવો અપરંપાર કૃપા અને અનંત આશીર્વાદોની અનુભૂતિ જીવંત બની રહેશે .ફૂલબંગલા અને ફૂલ મંડળી મહોત્સવ સવારે - 10-00 કલાકે, વૈષ્ણવ જનમંડળની ઉમંગસભર ઉપસ્થિતિ, પરંપરાની નિષ્ઠા અને ભક્તિનું ઊર્જામય વલય આ મહોત્સવને ભવ્યતાથી અલંકૃત કરે છે અને પ્રભુના દિવ્ય દર્શન નો લાભ લઈ વૈષ્ણવો ધન્યતા અનુભવશે. નંદ મહોત્સવ બપોરે - 12-00 કલાકે, સમસ્ત વૈષ્ણવો ગોપ-ગોપી ભાવમાં લીન થઈ, પ્રભુના આનંદમય દર્શન કરી અલૌકિક આનંદની આ ક્ષણોમાં જબુગામની પવિત્ર ધરા પ્રભુમય, ભક્તિમય અને આનંદમય બની વ્રજ ભૂમિ બની ઊઠશે, અલૌકિક ષષ્ઠિ પૂર્તિ સત્કાર સમારંભ સાંજે - 6-00 કલાકે, અનંત વિભૂષિત જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી શ્રદ્ધાદ્વૈત તૃતીય ગૃહાધીશ કાંકરોલી નરેશ પરમ પૂજ્ય ગોસ્વામી 108 શ્રી વાગીશકુમારજી મહારાજશ્રીની ષષ્ઠિપૂર્તિ સત્કાર સમારંભ સાથે સન્માનપત્ર દ્વારા સન્માનિત થતા આ ઉત્સવ દિવ્યતા અને આધ્યાત્મિક ઊંચાઈ સાથે અવિસ્મરણીય બની રહેશે. મહાપ્રસાદી : સવાર - સાંજ સ્થળ- જુના બજાર, જબુગામના તેમજ બહારગામથી પધારનાર તમામ વૈષ્ણવશ્રી મહા પ્રસાદીનો લાભ લેશે પાતરની વ્યવસ્થા શ્રી દ્વારકાધીશ મંદિર ખાતે કરવામાં આવેલ છે. આ અવિસ્મરણીય, અલૌકિક અને અદભુત ક્ષણ જબુગામના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશેઆવો આ માત્ર ઉત્સવ નથી, આ તો ભક્તિનો મહાસાગર છે આવો અને પ્રભુપ્રેમમાં તરબોળ આ પળોને જીવનભર માટે માની લો આવો અને જબુગામના આ ઐતિહાસિક મહોત્સવના સાક્ષી બનો સમસ્ત જબુગામ વૈષ્ણવ સમાજ દ્વારા આપ સહુ વૈષ્ણવ ભાઈઓ-બહેનોને હાર્દિક, ભાવભર્યું અને સ્નેહમય આમંત્રણ પાઠવતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, વૈશાખ સુદ-14**

# પહેલા વિશ્વ યુદ્ધના ભણકારા વચ્ચે સાહસયાત્રા શરૂ થઈ

શેકલટનની સાહસયાત્રા શરૂ થતાં પહેલાં જ સમસ્યાઓ શરૂ થઈ ગઈ હતી. ભંડોળની ખાતરી મળ્યા પછી જ જાન્યુઆરી મહિનામાં સાહસયાત્રાની જાહેર જનતાને જાણ કરનાર શેકલટનને માર્ચ મહિનો આવ્યો છતાં જ્યાંથી મદદની ખાતરી અપાઈ હતી, ત્યાંથી પાઉન્ડ-સ્ટર્લિંગ નહીં આવતા તેઓ નિરાશા અને ચિંતામાં ઘેરાઈ ગયા. 'એન્ડયુરન્સ' જહાજના પૈસા આપવાનો સમય પાકી ગયો હતો, પણ પૈસાનો બંદોબસ્ત તો હજી સુધી થઈ શક્યો નહોતો. સાહસયાત્રા માટે ખરીદેલી ખાદ્ય સામગ્રી અને અન્ય સામાનના પૈસા ચુકવવાના હતા. જહાજના સ્ટાફને પણ એડવાન્સમાં થોડા પૈસા ચુકવવાના હતા. ના છૂટકે શેકલટને મદદ માટેની અપીલ કરવી પડી. સદ્ભાગ્યે અપીલનો તેમને ચોમેરથી સારો પ્રતિસાદ સાંપડયો, છેક ચીન, જાપાન, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાથી તેમને સહાય મળવાની શરૂ થઈ.સ્કોટલેન્ડના ડન્ડી નામના શહેરના એક મોટા ઉદ્યોગપતિ સર જેમ્સ કેર્ડે સૌથી વધારે ૨૪,૦૦૦ પાઉન્ડની મદદ શેકલટનને કરી હતી. બ્રિટનની સરકારે પણ આ અતિ જોખમી સાહસયાત્રા માટે ૧૦,૦૦૦ પાઉન્ડની સહાય મોકલી હતી. ઉદ્યોગપતિ સર જેમ્સ કેર્ડની સહાયનું ઋણ અદા કરવાના શુભાશયથી શેકલટને તેમની 'એન્ડયુરન્સ' જહાજમાંની ત્રણ બચાવ બોટ પૈકીની એક બોટનું નામ જેમ્સ કેર્ડ આપ્યું હતું.આ બચાવ બોટે જ ખરા ટાણે શેકલટનનો જીવ બચાવ્યો હતો. દક્ષિણ ધ્રુવના વેડેલ સમુદ્રના બરફના જાડા થર અચાનક તુટતા શેકલટનનું 'એન્ડયુરન્સ' જહાજ તેમાં ફસાઈને તૂટી જતા જહાજમાંની બચાવ નૌકાઓના સહારે જ શેકલટન અને તેમની ટીમનો બચાવ થયો હતો. આ સાહસયાત્રામાં શેકલટનને ઘણી Destroyer ની જરૂર પડવાની હતી. સાઉથ પોલના બરફાળ પ્રદેશમાં ઘણી વખત સ્લેજ ગાડીઓમાં બેસીને આગળ વધવું પડે છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ગાડા જેમ બળદોથી ચાલે છે તેમ બરફમાં સ્લેજ ગાડીઓ ચલાવવા ખાસ પ્રકારના કૂતરાઓની (Dogs) જરૂર પડે છે. ઈંગ્લેન્ડ અને સ્કોટલેન્ડની ઘણી બધી પબ્લિક સ્કૂલોએ શેકલટનને આ સ્લેજ ગાડીઓ માટેની 'Dogs Teams'' ખરીદવાનું ભંડોળ પુરૂ પાડયું હતું.જુલાઈના અંત સુધીમાં લગભગ બધી જ તૈયારીઓ થઈ ચુકી ત્યારે, અચાનક એક નવી ઉપાધિ એ ઊભી થઈ કે યુરોપ પર મહાયુધ્ધના કાળા ડિબાંગ વાદળો ઘેરાવા માંડયા.આ વિશે શેકલટને લખ્યું છે કે, સોમવારે પંચમ જ્યોર્જ અમારૂ 'Endurance' જહાજ જોવા આવવાના હતા પરંતુ એના બે દિવસ અગાઉ શુક્રવારે જ કિંગની ઓફિસમાંથી અમને મેસેજ મળ્યો કે યુરોપમાં મહાયુધ્ધના ભણકારા વાગતા હોવાથી આવી પરિસ્થિતિમાં રાજા સાહેબ પોર્ટ પર તમારા જહાજના નિરીક્ષણ માટે આવી શકશે નહીં. હું અને મારા સાથીદારો નિરાશ તો થયા જ પરંતુ વિશ્વયુધ્ધ ફાટી નીકળે તો વિશ્વશાંતિ કેટલી હદે ડહોળાઇ જશે તેનો અમે વિચાર કરવા માંડયા.અમે પહેલી ઓગસ્ટ, ૧૯૧૪ને શુક્રવારે લંડનથી અમારી સફર શરૂ કરી અને શનિવારે અમારૂ 'એન્ડયુરન્સ' જહાજ આખો દિવસ સાઉથએન્ડ પોર્ટ પર લાંગરેલું રાખ્યું. રવિવારે બપોરે અમે માર્ગેટ પહોંચ્યા, એ દરમિયાન મહાયુધ્ધ ફાટી નીકળવાના વધારેને વધારે ભણકારા સંભળાતા હતા.સોમવારે સવારે જહાજમાંથી ઊતરી હું માર્ગેટ ટાઉનમાં ગયો. ત્યાં અખબાર વાચતા જાણવા મળ્યું કે યુ.કે. સહિત યુરોપના દેશોમાં લશ્કરી તૈયારીઓ શરૂ કરી દેવાના હુકમો છૂટી ગયા છે.

## સંખેડા જિલ્લા પંચાયત સીટ પર ભાજપના છાયાબેન વસાવાનો ભવ્ય વિજય, 9923 મતે જીત

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાની સંખેડા જિલ્લા પંચાયત બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર છાયાબેન અર્જુનભાઈ વસાવાનો જંગી બહુમતીથી વિજય થયો છે.ચૂંટણી પરિણામ:વિગત માહિતી, જિલ્લો: છોટાઉદેપુર, તાલુકો:સંખેડા, બેઠક: સંખેડા જિલ્લા પંચાયત, વિજેતા ઉમેદવાર છાયાબેન અર્જુનભાઈ વસાવા, પક્ષ: ભાજપ, વિજયનું માર્જિન: 9923 મત, 9923 મતની જંગી સરસાઈથી મળેલી આ જીત



બાદ ભાજપ કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સમર્થકોએ ફટાકડા ફોડીને અને મોં મીઠું કરાવીને વિજયની ઉજવણી કરી હતી.વિજય બાદ છાયાબેન વસાવાએ સંખેડા તાલુકાના તમામ મતદારો, વડીલો, યુવાનો, મહિલાઓ, કાર્યકરો અને આગેવાનોનો આભાર માન્યો હતો. તેમણે જણાવ્યું કે જનતાએ જે વિશ્વાસ મુક્યો છે તેને તેઓ વિકાસના કામો કરીને સાર્થક કરશે. સંખેડા વિસ્તારના પાયાના પ્રશ્નો જેવા કે પાણી, રસ્તા, આરોગ્ય અને શિક્ષણને પ્રાથમિકતા આપીને કામ કરવાની ખાતરી તેમણે આપી હતી.

## બહાદરપુર જિલ્લા પંચાયત સીટ પર ભાજપના જશોદાબેન તડવીનો વિજય, 10354 મત મળ્યા



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાની બહાદરપુર જિલ્લા પંચાયત બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર જશોદાબેન રાજેશભાઈ તડવીનો વિજય થયો છે.ચૂંટણી પરિણામ: જિલ્લો- છોટાઉદેપુર, તાલુકો: સંખેડા, બેઠક-બહાદરપુર જિલ્લા પંચાયત, વિજેતા ઉમેદવાર: જશોદાબેન રાજેશભાઈ તડવી, પક્ષ ભાજપ, મળેલા કુલ મત: 10354.10354 મત સાથે મળેલી આ જીત બાદ બહાદરપુર વિસ્તારના ભાજપ કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છવાયો હતો. વિજયની જાહેરાત થતાં જ કાર્યકરોએ ગુલાલ ઉડાડીને અને મોં મીઠું કરાવીને ઉજવણી કરી હતી.વિજય બાદ જશોદાબેન તડવીએ બહાદરપુર સીટના તમામ મતદાર ભાઈ બહેનો, વડીલો, યુવાનો, સરપંચશ્રીઓ અને પક્ષના નિષ્ઠાવાન કાર્યકરોનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે આ જીત જનતાની જીત છે. બહાદરપુર વિસ્તારના ગામોના વિકાસ માટે, ખાસ કરીને પીવાના પાણી, સિંચાઈ, રસ્તા અને આરોગ્યની સુવિધા માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેશે અને લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરશે.

## ફ્રેન્ડ્સ ઓફ કેટલ સ્લોગન સાથે મહાનગર પાલિકા સંચાલિત ગૌશાળામાં માન.કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા એ રૂ.૧૨૦૦૦/- ની કિંમતના ૧૨૦ મણ લીલા ઘાસચારાનું દાન

નરેન્દ્ર દવે જૂનાગઢ : મહાનગરપાલિકા, જુનાગઢ શહેરને સ્વચ્છ રાખવા તેમજ રખડતા ભટકતા અને જાહેર માર્ગો ઉપર અડચણરૂપ થતા ગૌવંશને અટકાવવા પ્રયત્નશીલ છે.પરંતુ શહેરીજનો દ્વારા દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં અનધિકૃત ઘાસ ચારો વેચતા ઈસમો પાસેથી અનધિકૃત ઘાસ ચારો લઇ જાહેર માર્ગ પર જ ગૌવંશને આપવામાં આવે છે.જેના કારણે આસપાસ ના વિસ્તારમાં ગંદકી ફેલાય છે. તેમજ જાહેર માર્ગ અથવા જાહેર સ્થળોમાં ગૌવંશ અડચણરૂપ બને છે. જુનાગઢ મહાનગર પાલિકા દ્વારા શહેરમાંથી રખડતા ભટકતા ગૌવંશને પકડી મહાનગરપાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં રાખવામાં આવે છે. આ ગૌશાળામાં હાલ ૪૩૯ ગૌવંશ રાખવામાં આવેલ છે.જેમાં તા.૨૯/૦૪/૨૦૨૬ના રોજ મહાનગરપાલિકા સંચાલિત ગૌશાળામાં જુનાગઢ જીલ્લાના માન.કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયા એ રૂ.૧૨૦૦૦/- ની કિંમતના ૧૨૦ મણ લીલો ઘાસચારો દાનમાં આપેલ છે.તેમજ સૌ જુનાગઢના રહેવાસીઓને દાન પુણ્ય કરવા અર્થે જાહેરમાં ઘાસચારો ન નાખવા અને મહાનગરપાલિકા,જુનાગઢ સંચાલિત ગૌશાળામાં દાન આપવા અપીલ કરવામાં આવી હતી.

## નખત્રાણા લોહાણા મહાજન દ્વારા વિજેતા પ્રતિનિધિઓનું સન્માન

જગદીશ દવે | દેશલપર (ગુંતલી)

શ્રી નખત્રાણા લોહાણા મહાજન દ્વારા તાજેતરમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓના સન્માનાર્થે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રસલિયા તાલુકા પંચાયત સીટ પરથી વિજેતા બનેલા શ્રી કલ્પેશભાઈ કનૈયાલાલ સચદે, નખત્રાણા નગરપાલિકા વોર્ડ નં. ૧માંથી ચૂંટાયેલા શ્રીમતી જાગૃતિબેન મિતેશભાઈ પલણ તેમજ વોર્ડ નં. ૫માંથી વિજેતા બનેલા શ્રી ભાવિનભાઈ (શિવા) જગદીશભાઈ પલણ ત્રણે પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ પહેલા ત્રણે વિજેતાઓએ શ્રી દરિયાલાલ અને શ્રી જલારામ મંદિર ખાતે પહોંચી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ લોહાણા મહાજન દ્વારા



આયોજિત સન્માન સમારંભમાં ત્રણે પ્રતિનિધિઓને પુષ્પહાર પહેરાવી અને શુભેચ્છાઓ પાઠવી સન્માનિત કરવામાં આવ્યા હતા.આ અવસરે મહાજનના આગેવાનો અને સમાજના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને વિજેતાઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આગેવાનો દ્વારા જણાવાયું હતું કે જનતાએ વ્યક્ત કરેલા વિશ્વાસને જાળવી રાખીને ચૂંટાયેલા પ્રતિનિધિઓ વિકાસના માર્ગે આગળ વધશે અને વિસ્તારના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહી કાર્ય કરશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.કાર્યક્રમમાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ જોવા મળ્યું હતું, અને અંતે સૌએ વિજેતાઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## વન્યજીવોના લોહીથી ખરડાયા હાઈ-વે વધુ એક માર્ગ અકસ્માત માં દીપડાનું મોત



કિશોર આર. સોલંકી જાફરાબાદ

જંગલ વિસ્તાર ટૂંકા પડી રહ્યા છે અને વન્યણી રેવન્યુ વિસ્તાર માં વસવાટ કરવા મજબૂર બન્યા છે ત્યારે તેમની સુરક્ષા સામે મોટા પ્રશ્નાથી ઉભા થયા છે. આજે મોડી સાંજે સોમનાથ-પોરબંદર કોસ્ટલ હાઈવે પર માંગરોળના લોએજ ગામ નજીક એક અજાણ્યા વાહનની ઠોકરે દીપડાનું કમકમાટીભર્યું મોત નિપજતા વન્યજીવ પ્રેમીઓમાં ભારે નારાજગી વ્યાપી છે. સોમનાથ-પોરબંદર કોસ્ટલ હાઈવે પર લોએજ નજીક અજાણ્યા વાહનની હડફેટે દીપડાએ જીવ ગુમાવ્યો, વન્યપ્રેમીઓમાં રોષની લાગણી. આ અંગેની પ્રાપ્ત વિગતો મુજબ| ખોરાક અને રહેઠાણની શોધમાં રેવન્યુ વિસ્તાર સુધી પહોંચી આવેલા આ દીપડાને હાઈવે પર પૂરઝડપે પસાર થતા કોઈ અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે દીપડાનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. હાઈવે પર પડેલા દીપડાના મૃતદેહને જોઈને પસાર થતા વાહનચાલકો પણ સ્તબ્ધ થઈ ગયા હતા. વન વિભાગ દ્વારા વન્ય પ્રાણીઓની સુરક્ષા માટે કરોડોના ખર્ચ અને મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે. પરંતુ, વાસ્તવિકતા કંઈક અલગ છે. અગાઉ જાફરાબાદ અને રાજુલા પંથકમાં પણ ટ્રેન અને વાહન અકસ્માતમાં સિંહોના અકાળે મોત થયા છે.જંગલની બહાર નીકળેલા પ્રાણીઓ માટે રેવન્યુ વિસ્તાર હવે ડેથ ઝોન સાબિત થઈ રહ્યો છે. હાઈવે પર વન્યજીવોની અવરજવર હોવા છતાં વાહનોની ગતિ પર કોઈ અંકુશ રાખવામાં તંત્ર નિષ્ફળ ગયું છે. સ્થાનિક વન્યજીવ પ્રેમીઓમાં આ ઘટનાને પગલે ભારે નારાજગી વ્યાપી છે. તેમનું કહેવું છે કે જો વન વિભાગ ખરેખર ગંભીર હોય તો વન્યજીવોની અવરજવર વાળા હાઈવે પર સ્પીડ બ્રેકર અને સાઈન બોર્ડ મૂકવા જોઈએ. સીસીટીવી ફૂટેજના આધારે દીપડાને કચડી નાખનાર વાહનચાલકને શોધવા માટેની તપાસ શરૂ કરવામાં આવી છે. રેવન્યુ વિસ્તારમાં વન્યજીવો ની સુરક્ષા માટે વિશેષ કોરિડોર બનાવવાની દિશામાં નક્કર કામગીરીને બદલે માત્ર મોટા મોટા આયોજનો થાય છે.

## રાજુલા ટાઉન વિસ્તારમાં થયેલ ઘરફોડ ચોરીનો ગણતરીની કલાકોમાં આરોપી ઓને દબોચ્ચી લેતી રાજુલા પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી જાફરાબાદ

મ્હે.ભાવનગર રેન્જ આઈ.જી શ્રી આર.વી.અસારી સાહેબ,ભાવનગર વિભાગ,ભાવનગર નાઓએ ભાવનગર રેન્જનાં જિલ્લાઓમાં રજી. થયેલ અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરવાં સુચના આપેલ હોય, જે અનુસંધાને મ્હે.અમરેલી પોલીસ અધિક્ષક શ્રી સંજય ખરાત, સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં બનવાં પામેલ મિલ્કત સંબધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપવામાં આવેલ,




ગઈ તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ આ કામના ફરીયાદી બપોરના આશરે પોણા એકાદ વાગ્યે રાજુલા તત્વ જયોતિ વિસ્તારમાં આવેલ પોતાના રહેણાંક મકાનેથી રાજુલા બસ સ્ટેશન પાસે જમવાં ગયેલ અને જમીને પરત બે વાગ્યે આવતા આ સમય દરમ્યાન ફરી.ના રહેણાંક મકાનમાં કોઇ અજાણ્યા ચોર ઈસમે ગે.કા પ્રવેશ કરી, ફરીયાદીના રહેણાંક મકાનની ગ્રીલ તોડી મકાનમાં પ્રવેશ કરી મકાનના હોલમાં રાખેલ થેલામાંથી રોકડા રૂ.૯૫,૦૦૦/- તથા આઇફોન મોબાઈલના બે ચાર્જર સહિત કુલ રૂ.૯૬,૦૦૦/- ના મુદામાલની ચોરી કરી ગુનો કરેલ હોય જે બાબતે ફરી.શ્રીએ અજાણ્યા ચોર ઈસમ વિરૂધ્ધ ફરીયાદ આપતા રાજુલા પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૬૦૩૪૯/૨૦૨૬બી. એન.એસ, ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૬૦૩૪૯/૨૦૨૬ બી.એન.એસ કલમ ૩૦૫(એ),૩૩૧(૧) મુજબનો ગુનો રજિસ્ટર થયેલ હતો.જે અનુસંધાને રાજુલા ડીવીઝનના મ્હે.નાયબ પોલીસ અધિક્ષક શ્રી નયના ગોરડીયા સાહેબના માર્ગદર્શન હેઠળ રાજુલા પો.સ્ટે.ના પો.ઈન્સ શ્રી વી.એમ.કોલાદરા સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ ઘરફોડ ચોરીના ગુનાને અંજામ આપી નાસી ગયેલ આરોપીઓની ખાનગી બાતમીદારો મારફતે આરોપીઓ અંગે ચોકકસ બાતમી મેળવી ઉપરોકત ઘરફોડ ચોરીના ગુનાને અંજામ આપનાર આરોપીઓને પકડી પાડી ફરીયાદીનો ચોરી થયેલ મુદામાલ તેઓને પરત મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવાં રાજુલા પો.સ્ટે.ના પોલીસ સ્ટાફ દ્વારા અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને પેટ્રોલીંગ દરમ્યાન બાતમી તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજુલા તત્વ જયોતિ વિસ્તારમાંથી ત્રણ શંકાસ્પદ ઈસમોને પકડી પાડી, મજકુર ત્રણેય ઈસમોની સઘન પુછપુરછ કરતાં ત્રણેય ઈસમોએ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. 'પકડાયેલ આરોપીઓની વિગત-(૧) મહેશ ઉર્ફે " વાલુ " હિતેશભાઇ સોલંકી ઉ.વ.૨૦ ધંધો.પ્રા.નોકરી રહે.રાજુલા તત્વ જયોતિ વિસ્તાર તા.રાજુલા, (૨) સાગર ઉર્ફે " રાણો " જગુભાઇ માળી ઉ.વ.૨૦ ધંધો.મચ્છીમારી રહે.રાજુલા બીડી કામદાર સોસા.તા.રાજુલા જિ.અમરેલી, (૩) સત્યજિત ઉર્ફે " સતુ " જગુભાઇ ધાખડા ઉ.વ.૨૧ ધંધો.ખેતી રહે.રાજુલા ગઢની રાંગ તા.રાજુલા જિ.અમરેલી.આરોપીઓ પાસેથી મળી આવેલ મુદામાલ-રોકડા રૂ.૯૫,૦૦૦/- તથા આઇફોન કંપનીના બે મોબાઇલ ચાર્જર કિ.રૂ.૧,૦૦૦/- મળી કુલ કિ.રૂ.૯૬,૦૦૦/- નો મુદામાલ, પકડાયેલ આરોપી મહેશ ઉર્ફે 'વાલુ' હિતેશભાઇ સોલંકી રહે.રાજુલાનો ગુનાહિત ઈતિહાસ-પીપાવાવ મરીન પો.સ્ટે ચેપ્ટર કેસ નં.૧૫/૨૦૨૫ બી.એન.એસ.એસ કલમ ૧૨૮ મુજબ'પકડાયેલ આરોપી સાગર ઉર્ફે 'રાણો' જગુભાઇ માળી રહે.રાજુલાનો ગુનાહિત ઈતિહાસ-(૧)રાજુલા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૦૧૩૯૭જુગારધારા કલમ ૧૨ મુજબ, (૨) રાજુલા પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦૨૨૦૫૭૬ જુગારધારા કલમ ૧૨ મુજબ, (૩) રાજુલા પો.સ્ટે ચેપ્ટર કેસ નં.૦૧૨૫/૨૦૨૧ સી.આર.પી.સી કલમ ૧૦૯ મુજબ, (૪) રાજુલા પો.સ્ટે ચેપ્ટર કેસ નં.૦૩૩૧/૨૦૨૨ સી.આર.પી.સી કલમ ૧૧૦ મુજબ, (૫) રાજુલા પો.સ્ટે ચેપ્ટર કેસ નં.૦૩૬૬/૨૦૨૪ સી.આર.પી.સી કલમ ૧૧૦ મુજબ, (૬) ઉના પો.સ્ટે જિ.ગીર સોમનાથ ચેપ્ટર કેસ નં.૦૦૨૪/૨૦૧૮ સી.આર.પી.સી કલમ ૧૦૯ મુજબ 'પકડાયેલ આરોપી સત્યજિત ઉર્ફે 'સતુ' જગુભાઇ ધાખડા રહે.રાજુલાનો ગુનાહિત ઈતિહાસ-પીપાવાવ મરીન પો.સ્ટે ચેપ્ટર કેસ નં.૧૪/૨૦૨૫ બી.એન.એસ.એસ કલમ ૧૨૮ મુજબ, [કામગીરી કરનાર અધિ.શ્રી/કર્મચારીઓ : આ કામગીરી રાજુલા પો.સ્ટેના પો.ઈન્સ શ્રી વી.એમ.કોલાદરા સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. શ્રી એસ.બી.જાની સાહેબ તથા ટાઉન બીટ એ. એસ.આઇ ભરતભાઇ મુહાભાઇ વાળા, સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઇ મધુભાઇ નથુભાઇ પોપટ, બહાદુરભાઇ દાનાભાઇ વાળા, તથા હેડ.કોન્સ સુરેશભાઇ ઠાકરશીભાઇ મેર, સુરજભાઇ સોમાતભાઇ બાંભણીયા, પ્રકાશભાઇ શામજીભાઇ બાંભણીયા, મનુભાઇ રામભાઇ માંગાણી, હરેશભાઇ ભાયાભાઇ વાળા તથા પો.કોન્સ અમીતભાઇ તુળસીભાઇ મકવાણા, શંભુભાઇ લાભુભાઇ વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

## જૂનાગઢ જિલ્લા તિજોરી કચેરી તથા તાબાની પેટા તિજોરી કચેરીઓમાંથી આઈઆરએલએ યોજના હેઠળ બેન્ક મારફત રાજ્ય તથા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોએ પોતાની વાર્ષિક હયાતીની ખરાઈ કરાવવા અંગે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા તિજોરી કચેરી તથા તાબાની પેટા તિજોરી કચેરીઓમાંથી આઈઆરએલએ યોજના હેઠળ બેન્ક મારફત રાજ્ય તથા કેન્દ્ર સરકારનું પેન્શન મેળવતા પેન્શનરોએ પોતાની વાર્ષિક હયાતીની ખરાઈ તીજોરી કચેરી સાથે સંલગ્ન બેન્ક શાખામાં જ તા. ૧/૫/૨૦૨૬ થી તા.૩૧/૭/૨૦૨૬ સુધીમાં કરાવવાની રહેશે. તા. ૩૧/૭/૨૦૨૬ સુધીમાં જે પેન્શનરોના હયાતીની ખરાઈના ફોર્મ માટેની કચેરીને મળશે નહીં તેવા પેન્શનરનું ઓગસ્ટ ૨૦૨૬ પેઈડ ઈન સપ્ટેમ્બર ૨૦૨૬ થી પેન્શન બંધ કરવામાં આવશે. વયોવૃદ્ધ પેન્શનરની સુવિધા માટે તંત્ર દ્વારા ડિજિટલ વિકલ્પો પણ અપાયા છે. પેન્શનરો www.jeevanpramaan.gov.in ની વેબસાઈટ પર ઓનલાઈન હયાતીની ખરાઈ કરાવી શકશે. આ ઉપરાંત જે પેન્શનરો બહાર જઈ શકે તેમ નથી તેઓ નજીકની પોસ્ટ ઓફિસ અથવા તો જે તે એરિયાના પોસ્ટમેન નો સંપર્ક કરી શકે છે. પોસ્ટમેન રૂબરૂ ઘરે આવીને જીવન પ્રમાણરલો એપ્લિકેશન દ્વારા વિનામૂલ્ય હયાતીની ખરાઈ કરી આપશે વિદેશમાં રહેતા પેન્શનરોએ ફોટા સહિત બેંક/શાખા, બેંક ખાતા નંબર, પીપીઓ નંબર લખીને નોટરી પાસે તેઓની હયાતીની ખરાઈ કરાવવાની રહેશે. અત્રેની કચેરીને પૂર્વ મંજૂરી વિના જે પેન્શનરે તેઓની બેંકની શાખા બદલાવેલ હશે તેવા પેન્શનરોની હયાતીની ખરાઈ કરવામાં આવશે નહીં. જેની દરેક પેન્શનરોએ નોંધ લેવી. પેન્શનરોએ અત્રેની કચેરીમાં પીપીઓ માં કરેલ સહીના નમુના મુજબની જ સહી હૈયાતી ના ફોર્મ પર કરવી. વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના આવકના પ્રમાણપત્ર https://cybertreasury.gov.in વેબસાઈટ પરથી મેળવી શકાશે. તેમજ કુટુંબ પેન્શનર પુનઃલગ્ન નહીં કર્યા અંગેનું નિયત નમૂનામાં ગેઝેટેડ અધિકારી શ્રી/ પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે. એમ જૂનાગઢ જિલ્લા તિજોરી અધિકારી શ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## રાજકોટમાં એ.સી.બી.નો મોટો ઘા — રૂ.20 લાખની લાંચ સાથે અધિકારી સહિત બે ઝડપાયા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : રાજકોટમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.)એ નોંધપાત્ર કાર્યવાહી કરતાં રૂ.૨૦ લાખની લાંચ સ્વીકારતા સી.જી. એસ.ટી.ના સુપ્રીન્ટેન્ડન્ટ મુકેશકુમાર મનબોધ્ધ કુમાર તથા ટેક્ષ કન્સલ્ટન્ટ આકાશ કલોલીયાને રંગેહાથ ઝડપ્યા છે. ૨૮ એપ્રિલ ૨૦૨૬ના રોજ એસ.ટી. બસ સ્ટેશન પાછળ આવેલા ક્રિએટિવ કોમ્પ્લેક્ષ ખાતે ગોઠવાયેલા ટ્રેપ દરમિયાન આ કાર્યવાહી હાથ ધરાઈ હતી. ફરીયાદ મુજબ, જી.એસ.ટી. ન ભરવા અને ખોટા બિલોના કેસમાં રાહત આપવા બદલ મૂળ રૂ.૨૫ લાખની લાંચની માંગણી કરવામાં આવી હતી, જે બાદમાં રૂ.૨૦ લાખ પર સમાધાન થયું હતું. આ રકમ આક્ષેપીત નં.(૨) મારફતે સ્વીકારવાની ગોઠવણ




કરવામાં આવી હતી. જો કે, જાગૃત નાગરિકે લાંચ આપવા ઈનકાર કરી એ.સી.બી.નો સંપર્ક કરતાં સમગ્ર ટ્રેપ ગોઠવાયો અને લાંચની સંપૂર્ણ રકમ સાથે બન્ને આરોપીઓને ઝડપવામાં આવ્યા. આ સફળ ટ્રેપ પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ. ખોખરના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર એ.સી.બી. ટીમ દ્વારા અમલમાં મૂકાયો હતો. સહાયક તરીકે પી.એ. દેકાવાડિયા તથા સુપરવિઝનમાં મદદનીશ નિયામક જે.ડી. મેવાડા અને નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલાની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. એ.સી.બી.ની આ કાર્યવાહી ફરી એકવાર સ્પષ્ટ કરે છે કે ભ્રષ્ટાચાર સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા લોકોને છોડવામાં નહીં આવે.

## ઉંમર પર નહીં, જુસ્સા પર જીત — વરિષ્ઠ ટ્રેકર્સનો પ્રેરણાદાયક કારનામો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : લગભગ ૬૦ વર્ષની સરેરાશ વય ધરાવતા સંદીપ શાહ અને તેમના ઉત્સાહી મિત્રોનું ટ્રેકિંગ ગ્રુપ ફરી એકવાર સાહસ અને સંકલ્પનું અનોખું ઉદાહરણ બની રહ્યું છે. ૧૨ દંપતીઓના આ ગ્રુપે તરલ બકેરી અને સમીર પટેલના માર્ગદર્શન હેઠળ ઉત્તરાખંડના કૌસાની અને મુક્તેશ્વર વિસ્તારમાં મધ્યમથી કઠિન સ્તરનો ટ્રેક સફળતાપૂર્વક પૂર્ણ કરીને પોતાની ક્ષમતા સાબિત કરી છે. છેલ્લા દાયકાથી દર એપ્રિલમાં ટ્રેકિંગ કરવાની પરંપરા જાળવી રાખનાર આ ગ્રુપ માટે આ સફર માત્ર એક અભિયાન નથી, પરંતુ મજબૂત મિત્રતા, શિસ્ત અને પ્રકૃતિ પ્રત્યેના અખંડ પ્રેમનું જીવંત પ્રતિબિંબ છે. હામ્પ્ટા પાસ, કુઆરી પાસ, ચંદ્રશિલા, બિયાસ કુંડ સહિતના અનેક પ્રતિષ્ઠિત ટ્રેક્સ પૂર્ણ કરનાર આ વરિષ્ઠ ટ્રેકર્સે ફરી સાબિત કર્યું છે કે ઉંમર માત્ર આંકડો છે. તેમનો અડગ જુસ્સો અને સતત પ્રયત્નો આજની પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. સંદીપ શાહ અને તેમના સમગ્ર ગ્રુપે સાહસિક જીવનશૈલીનું જીવંત ઉદાહરણ પૂરું પાડતા હાર્દિક અભિનંદનના હકદાર બન્યા છે.

## એગ્રી સ્ટેક યોજના હેઠળ ફાર્મર રજીસ્ટ્રી કરાવવાની છેલ્લી તક : ખેડૂતોએ તા.૧૦ મે સુધીમાં રજીસ્ટ્રેશન કરવું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૯ ખેડૂત હિતને ધ્યાને રાખી ભારત સરકાર શ્રી દ્વારા એગ્રીસ્ટેક હેઠળ ફાર્મર રજીસ્ટ્રીની કામગીરી ગ્રામ લેવલે ઝુંબેશ સ્વરૂપે કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજ્યના પીએમ કિસાન યોજનાના તમામ લાભાર્થીઓએ આ યોજનાનો લાભ ચાલુ રાખવા ફાર્મર રજીસ્ટ્રી હેઠળ સત્વરે નોંધણી કરાવવાની હોય તેમજ નવા અરજદારોએ પીએમ કિસાન પોર્ટલ પર અરજી કરતા પહેલા ફાર્મર આઈડી મેળવવું જરૂરી છે. આ ઉપરાંત તમામ ખાતેદાર ખેડૂત તારીખ ૧૦/૫/૨૦૨૬ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવી લેવા અનુરોધ કરવામાં આવે છે. પીએમ કિસાન યોજનાના હપ્તા ચાલુ રાખવા અથવા તો જો બંધ થયેલ હોય તો શરૂ કરવા માટે ખેડૂત નોંધણી અવશ્ય કરાવવી. આગામી સમયમાં ફક્ત ખેડૂત નોંધણી કરાવેલા જ ખેડૂતોને સબસીડી યુક્ત રાસાયણિક ખાતરનો લાભ મળે તથા અન્ય એટલે કે ખેડૂત સિવાયના લોકો રાસાયણિક ખાતર ન ખરીદી શકે તે માટેનું આયોજન છે. તો સત્વરે આવા ખેડૂતો પોતાની નોંધણી કરાવી લે. સરકારશ્રીની અન્ય યોજનાઓ જેવી કે ટેકાના ભાવે ખરીદી, પાક નુકસાની સહાય, આઇ ખેડૂત પોર્ટલ અંતર્ગત યોજના ના લાભ જેવી બાબતો પણ ખેડૂત નોંધણી સાથે જોડવાનું આયોજન વિચારણા હેઠળ છે. સમગ્ર બાબતને ધ્યાને લઈને જિલ્લાના તમામ ખેડૂતો પોતાના હિત માટે ખેડૂત નોંધણી અવશ્ય કરાવે તેવી જિલ્લા વહીવટી તંત્ર વતી અપીલ કરવામાં આવી રહી છે. જૂનાગઢ જિલ્લાના હાલના ૨૭,૬૮૯ ખેડૂતો કે જેઓ પીએમ કિસાન યોજનાના લાભ મેળવે છે પરંતુ ખેડૂત નોંધણી કરાવેલ નથી તો આવા તમામ ખેડૂતોને જિલ્લામાં તાત્કાલિક તેમના તલાટી મંત્રીશ્રી, ગ્રામસેવકશ્રી, ગ્રામ પંચાયત ખાતે સંપર્ક કરી ખેડૂત નોંધણી કરાવે તેવી વિનંતી છે.ખેડૂત લાભાર્થીઓ ફાર્મર રજીસ્ટ્રી કરવા માટે જમીનની વિગતો, આધારકાર્ડ તેમજ આધાર લિંક મોબાઈલ નંબરથી ગામની ગ્રામ પંચાયત ખાતે વીસીઈ/ સીએસસી સેન્ટર ખાતે તેમજ ખેડૂત જાતે https://gjfr.agristack.gov.in વેબસાઈટ મારફતે વિના મૂલ્યે ફાર્મર રજીસ્ટ્રી કરાવી શકે છે. વધુ માહિતી માટે ખેડૂતોએ પોતાના વિસ્તારના ગ્રામસેવક, તલાટી કમ મંત્રી, VCE, વિસ્તરણ અધિકારી, ખેતી અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી, મદદનીશ ખેતી નિયામક અથવા જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવો. તેમ એક યાદીમાં જણાવાયું છે.

## NFSUને રાજભાષા સ્પર્ધાઓમાં ચાર પુરસ્કાર — શૈક્ષણિક શ્રેણીમાં પ્રથમ સ્થાન

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ :નગર રાજભાષા કાર્યાન્વયન સમિતિ (નરાકાસ), ગાંધીનગર દ્વારા યોજાયેલી દ્વિ-વાર્ષિક બેઠકમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ



યુનિવર્સિટીએ ઉત્તમ પ્રદર્શન કરી ચાર પુરસ્કારો મેળવ્યા છે. નરાકાસના ચેરમેન સુનિલ સિંહાના અધ્યક્ષપદે યોજાયેલી આ બેઠકમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીને શૈક્ષણિક સંસ્થા શ્રેણીમાં પ્રથમ સ્થાન મળ્યું. નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટીના કેમ્પસ ડાયરેક્ટર પ્રો.(ડૉ.) એસ.ઓ. જુનારેએ આ પુરસ્કાર સ્વીકાર્યો હતો. સાથે જ યુનિવર્સિટીના કર્મચારી-અધિકારીઓએ સ્વરચિત કવિતા પઠન, ગીત ગાયન, સૂત્ર લેખન અને ચિત્ર સંવાદ લેખન જેવી સ્પર્ધાઓમાં ત્રણ પ્રથમ અને એક પ્રોત્સાહન પુરસ્કાર હાંસલ કરીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ બેઠકમાં ભારત સરકારના 50થી વધુ કાર્યાલયોના વડાઓ અને રાજભાષા હિન્દી સાથે સંકળાયેલા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પ્રો. જુનારેએ ઉપસ્થિત સૌને શુભેચ્છા પાઠવી અને રાજભાષા પ્રોત્સાહનમાં આવા પ્રયાસો વધુ ગતિ પામે તેવી આશા વ્યક્ત કરી.

## 'ડિજિટલ ગુજરાત' પર ટોપ-20 સેવાઓ ઓનલાઈન — આધાર પ્રમાણીકરણ ફરજિયાત

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને ઝડપી, પારદર્શક અને સરળ સેવા પૂરી પાડવાના હેતુસર 'ડિજિટલ ગુજરાત' પોર્ટલ પર સૌથી વધુ વપરાતી 'ટોપ-20' સરકારી સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે. ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા આ મહત્વપૂર્ણ નિર્ણયની માહિતી પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આપી હતી. પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું કે, આવકના દાખલા, નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર, સામાજિક-શૈક્ષણિક રીતે પછાત વર્ગના પ્રમાણપત્ર તેમજ રેશનકાર્ડ સંબંધિત સેવાઓ સહિતની હાઈ-વોલ્યુમ સેવાઓ હવે સંપૂર્ણપણે ઓનલાઈન ઉપલબ્ધ બનશે. આ સેવાઓ માટે આધાર આધારિત પ્રમાણીકરણ ફરજિયાત કરવામાં આવ્યું છે, જે ઓ.ટી.પી. અથવા બાયોમેટ્રિક પદ્ધતિ દ્વારા થશે. આ પગલાથી સરકારી સેવાઓમાં પારદર્શિતા અને ચોકસાઈ વધશે તેમજ ડુપ્લીકેશન અટકાવી શકાશે. એકવાર આધાર પ્રમાણીકરણ થઈ ગયા પછી નાગરિકોને ઓળખ અને રહેઠાણ માટે અલગ દસ્તાવેજો આપવાની જરૂર નહીં રહે, જેના કારણે સમગ્ર પ્રક્રિયા પેપરલેસ અને સરળ બનશે. મંત્રીશ્રીએ વધુમાં સ્પષ્ટ કર્યું કે, જો કોઈ નાગરિક પાસે આધાર ન હોય અથવા ટેકનિકલ ખામી સર્જાય તો પણ તેમને સેવાથી વંચિત રાખવામાં નહીં આવે અને વૈકલ્પિક દસ્તાવેજો દ્વારા સેવા આપવામાં આવશે. ડેટા સુરક્ષાને ધ્યાનમાં રાખીને માત્ર 'માસ્ક્ડ આધાર'નો ઉપયોગ કરવામાં આવશે અને યુ.આઈ.ડી.એ.આઈ. ના તમામ નિયમોનું પાલન થશે. રાજ્ય સરકારની આ પહેલ ડિજિટલ ગવર્નન્સને મજબૂત બનાવતી સાથે નાગરિકોને સરળ અને વિશ્વસનીય સેવાઓ પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## વિજાપુરમાં એ.સી.બી.નો ઘા — રૂ.૫ હજારની લાંચ લેતા ગ્રામ સેવક ઝડપાયો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ :મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકામાં ભ્રષ્ટાચાર વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરો (એ.સી.બી.)એ કાર્યવાહી કરતાં ગ્રામ સેવક અજયસિંહ કાનુસિંહ રાજપુતને રૂ.૫ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપ્યો છે. ૨૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ આનંદપુરા સર્કલ ખાતે ગોઠવાયેલા ટ્રેપ દરમિયાન આ કાર્યવાહી હાથ ધરાઈ હતી. ફરીયાદ મુજબ, પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન સહાયના બાકી હપ્તાઓ ઝડપથી અપાવવા માટે આરોપીએ ફરીયાદી પાસે રૂ.૫,૦૦૦/-ની લાંચની માંગણી કરી હતી. જાગૃત નાગરિકે લાંચ આપવાનું નકારતા એ.સી.બી.નો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ગોઠવાયેલા છટકા દરમિયાન આરોપીએ લાંચની રકમ સ્વીકારી અને સ્થળ પર જ ઝડપાઈ ગયો. આ સફળ ટ્રેપ એ.સી.બી. ગાંધીનગર એકમના ફીલ્ડ પોલીસ ઈન્સ્પેક્ટર કે.કે. દેસાઈના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયો હતો. સુપરવિઝનમાં મદદનીશ નિયામક એ.કે. પરમાર તથા ઈન્ચાર્જ તરીકે નાયબ નિયામક હરેશ મેવાડાની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. એ.સી.બી.ની આ કાર્યવાહી ફરી એકવાર સ્પષ્ટ કરે છે કે સામાન્ય નાગરિકોના હકો સાથે રમનારાઓ સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે અને ભ્રષ્ટાચારને કોઈ પણ રીતે બરદાશ્ત કરવામાં નહીં આવે.

## 2 જી મેથી શુકતીર્થમાં પૂ.મોરારિબાપુનાશ્રી મુખેથી રામકથાનો થશે આરંભ

વેળાવદર ( તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂજ્ય મોરારિબાપુના શ્રી મુખેથી 977મી રામકથા હવે શુકતીર્થ એટલે કે શુક્તાલમાં તારીખ 2 મેં શનિવારથી ગાયન થવા જઈ રહી છે.શુકતીર્થ એ ઉત્તર પ્રદેશના મુઝફરપુર મથી 28 કિલોમીટર દૂર આવેલું સ્થાન છે. ગંગા નદીના તટ ઉપર આવેલું આ પવિત્ર સ્થાન જે 5000 વર્ષ પહેલાં ભાગવતનું પ્રથમ વખત જ્યાં ગાન થયું હતું તે પાવન જગ્યા છે. અભિમન્યુનો પુત્ર અને



અર્જુનનો પૌત્ર રાજા પરીક્ષિત કે જેને એવો શ્રાપ આપવામાં આવ્યો હતો કે આઠ દિવસ પછી તને તક્ષક નામનો નાગ કરડશે અને તારું મૃત્યુ થશે. ત્યારે શુકદેવ મુનિ તેને મોક્ષ અપાવવા માટે ભાગવતજીની કથા સંભળાવે છે.જ્યાં ભાગવતજીની કથા સંભળાવવામાં આવી તે વટ આજે પણ ત્યાં ઉભો છે. તેવું માનવામાં આવે છે આ વટ એવો વટ છે કે જેને ક્યારેય પાનખર આવતી નથી. આ પવિત્ર સ્થાને 35 ફૂટ ઊંચી ગણેશજીની ,72 ફૂટ ઊંચી હનુમાનજીની, 108 ફૂટ ઊંચી શિવજીની અને 80 ફૂટ માતા દુર્ગાજીની મૂર્તિઓ સ્થાપિત થયેલી છે. આ પવિત્ર સ્થાને પૂજ્ય બાપુની વાણી મુખર્ થવા જઈ રહી છે. જ્યારે તે સ્થાનની ગરિમા વધુ તેજોમય બનશે તેમ માનવામાં આવે છે. કથાનો આરંભ શનિવારથી 2 મેના રોજ થશે અને કથાને રવિવાર તારીખ 10 મે ના રોજ વિરામ આપવામાં આવશે.

## ઉનાળે વિજ્ઞાનની મજા — GUJCOSTનો સમર સાયન્સ કેમ્પ 2026 શરૂ




ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : ગુજરાતના વિદ્યાર્થીઓ માટે ઉનાળાનું વેકેશન હવે ગમ્મત સાથે વિજ્ઞાન શીખવાની અનોખી તક બની રહ્યું છે. ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા 1 થી 30 મે, 2026 દરમિયાન રાજ્યના પાટણ, ભાવનગર, રાજકોટ અને ભુજ ખાતે આવેલા રીજનલ સાયન્સ સેન્ટરોમાં 3 દિવસીય સમર સાયન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ 6 થી 10ના વિદ્યાર્થીઓ માટે રચાયેલ આ કેમ્પમાં દરેક બેચમાં 50 વિદ્યાર્થીઓને સામેલ કરવામાં આવશે. કેમ્પમાં 'વૈજ્ઞાનિક કેવી રીતે બનવું?', સ્પેસ, મરીન બાયોલોજી/મશીન એન્જિનિયરિંગ, એઆઈ અને રોબોટિક્સ તેમજ પ્રકૃતિ અન્વેષણ જેવી પાંચ આકર્ષક થીમો દ્વારા વિજ્ઞાનને સરળ અને રસપ્રદ રીતે રજૂ કરવામાં આવશે. કેમ્પ દરમિયાન પ્રયોગાત્મક પ્રવૃત્તિઓ, વિજ્ઞાન પ્રદર્શન, નાઈટ સ્કાય ઑબ્ઝર્વેશન, ફિલ્ડ વિઝિટ, ક્વિઝ અને ગેમ્સ દ્વારા વિદ્યાર્થીઓને ગમ્મત સાથે શીખવાની તક મળશે. ઉપરાંત, નિષ્ણાતો સાથે સંવાદ અને કારકિર્દી માર્ગદર્શન પણ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' તેમજ મુખ્યમંત્રી જ્ઞાન સાધના અને જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ જેવી યોજનાઓ વિશે માહિતી આપી, વિજ્ઞાન ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહિત કરવામાં આવશે. રાજ્ય સરકાર અને ગુજરાત કાઉન્સિલ ઑફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીની આ પહેલનો હેતુ વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન પ્રત્યે રસ વધારવાનો, એસ.ટી.ઈ.એમ. ક્ષેત્રે કારકિર્દી માટે પ્રેરણા આપવાનો અને ગુજરાતને ભવિષ્યના ટેક્નોલોજી હબ તરીકે મજબૂત બનાવવાનો છે.

## ગુજરાત પ્રવાસનમાં સુરક્ષાનું નવું અધ્યાય — ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન સ્થાપવાની તૈયારી



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ : ગુજરાતના મુખ્ય પર્યટન જિલ્લાઓમાં પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધા વધારવા રાજ્ય પોલીસ દ્વારા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરાઈ છે. રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને ડાંગ જિલ્લામાં આધુનિક 'ટુરિસ્ટ ફ્રેન્ડલી પોલીસ સ્ટેશન' સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ અમલમાં આવનાર આ યોજનાનો હેતુ માત્ર કાયદો અને વ્યવસ્થા જાળવવાનો નહીં, પરંતુ દેશ-વિદેશથી આવતા પ્રવાસીઓને સુરક્ષિત અને મિત્રસભર વાતાવરણ પૂરો પાડવાનો છે. જ્યાં પોલીસ ચોકીઓ પહેલેથી કાર્યરત છે, ત્યાં જ ઉપલબ્ધ સંસાધનોનો ઉપયોગ કરીને તેને અત્યાધુનિક ટુરિસ્ટ પોલીસ સ્ટેશન તરીકે અપગ્રેડ કરવામાં આવશે. પ્રવાસીઓ માટે સહેલાઈથી ઓળખી શકાય તે માટે પોલીસ કર્મચારીઓ માટે વિશેષ યુનિફોર્મ અને વાહનો માટે અનન્ય લોગો ડિઝાઈન કરવાની યોજના પણ ચર્ચાઈ હતી. ઉપરાંત, મુખ્ય પર્યટન સ્થળોએ ત્વરિત સહાય માટે હેલ્પ ડેસ્ક અને કિયોસ્ક સ્થાપવા પર ભાર મૂકાયો છે. આ સાથે, પ્રવાસીઓને એક જ પ્લેટફોર્મ પર તમામ માહિતી અને સુરક્ષા સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે 'ઈન્ટરેક્ટિવ ટુરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવાની દિશામાં પણ સૂચનાઓ આપવામાં આવી છે. દરેક ટુરિસ્ટ પોલીસ સ્ટેશનમાં પૂરતું માનવબળ, આધુનિક સુવિધાઓ અને નવા વાહનો સુનિશ્ચિત કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પોલીસ વડા ડૉ. રાવે સ્પષ્ટ કર્યું કે આ પહેલ ગુજરાતના પ્રવાસન ક્ષેત્રને વધુ સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે આકર્ષક બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જીત બાદ કેબિનેટ બેઠક — જનતાના વિશ્વાસ બદલ આભાર પ્રસ્તાવ પસાર

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પ્રાપ્ત ઐતિહાસિક વિજય બાદ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. આ બેઠકમાં ભાજપ પર જનતાએ મુકેલા અતૂટ વિશ્વાસને બિરદાવતા મંત્રીમંડળે સર્વાનુમતે અભિનંદન પ્રસ્તાવ પસાર કરીને રાજ્યના નાગરિકોનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, જનતાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસ વિઝન અને રાજ્ય સરકારના નેતૃત્વ પર ફરી મહોર મારી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં વિકાસયાત્રા વધુ વેગવાન બની રહી છે. અભિનંદન પ્રસ્તાવમાં ગુજરાતના છેલ્લા અઢી દાયકાના વિકાસ કાર્યો, ગ્રામ અને શહેરી વિકાસ, ઔદ્યોગિક વૃદ્ધિ, કૃષિ સુધારા તેમજ ગરીબ કલ્યાણ યોજનાઓનો ઉલ્લેખ કરીને જનતાના સહકાર માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ'ના મંત્રને આગળ વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી. મંત્રીમંડળે વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાજ્ય સરકાર વિકાસના માર્ગ પર આગળ વધી જનતાના આશા-અપેક્ષાઓ પર ખરો ઉતરશે અને 'વિકસિત ગુજરાત'ના નિર્માણમાં સતત કાર્યરત રહેશે.

## હિટવેવ સંદર્ભે ખેડુતોએ ખેતી કાર્યો માટે રાખવાની થતી સાવચેતી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગરમીના પ્રકોપ સામે કૃષિ પાકોના રક્ષણ માટે ખેડૂતોએ લેવાના સાવચેતીના પગલાં અંગે કૃષિ વિભાગ તરફથી માર્ગદર્શિકા બહાર પાડવામા આવી છે. આ માર્ગદર્શિકા મુજબ ખેડૂતોએ સિંચાઈનું યોગ્ય આયોજન વહેલી સવારે અથવા સાંજે મોડે પાણી આપો, બપોરના તાપમાં નહિ.જમીનમાં ભેજ જળવાઈ રહે તે માટે હળવી પરંતુ સમયસર સિંચાઈ કરો.વધુ પાણી ભરાઈ રહે નહિ તેની કાળજી રાખો, ખાસ કરીને મગ, અડદ અને તલમાં મલ્ચિંગ (ભેજ જાળવવા) માટે પાકની હરોળ વચ્ચે સુકું ઘાસ, પાકના અવશેષ અથવા ઓર્ગેનિક મલ્ચ પાથરો તેનાથી જમીનનું તાપમાન ઓછું રહે અને પાણીનું બાષ્પીભવન ઘટે.પોષક તત્ત્વોનું સંચાલન માટે ગરમીમાં વધારે યુરિયા એકસાથે ન આપવું. પોટાશ આપવાથી છોડમાં ગરમી સહન કરવાની શક્તિ વધે જરૂર હોય તો 1% 19:19:19 અથવા 1% પોટાશિયમ નાઈટ્રેટનો છંટકાવ કરી શકાય.તીવ્ર ગરમીમાં ફૂલ ખરી જવાની શક્યતા રહે છે.એમા સૂક્ષ્મ પોષક તત્ત્વો (બોરોન, ઝીંક)નો હળવો છંટકાવ ફાયદાકારક રહે. ગરમીમાં થ્રિપ્સ, સફેદ માખી, ચૂસીયા જીવાતો વધી શકે છે. આ માટે નિયમિત ખેતર નિરીક્ષણ કરો અને જરૂર મુજબ નિયંત્રણ લો.પાક પ્રમાણે ખાસ કાળજી લેવી જરૂરી છે. જેમાં તલમાં શરૂઆતની અવસ્થામાં ભેજ જળવાઈ રહે એ ખૂબ જરૂરી. પાણી ભરાવો નુકસાનકારક છે. મગ / અડદમાં ફૂલ આવવાની અને શીંગ ભરાવાની અવસ્થાએ પાણીની અછત ન પડે.વધારે ગરમીમાં ફૂલ ખરી શકે છે. મગફળીમાં ફૂલ અને પેગિંગ (ગાંઠ જમીનમાં જવાની અવસ્થા) સમયે પૂરતી ભેજ રાખવી. કઠણ સુકી જમીન બનવા ન દેવી. વધુમાં ખેડુતોએ બપોરના કલાકો દરમિયાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી તેમજ પરિપક્વ પાકની વહેલી તકે લણણી અને ઝુડણીની કાર્યવાહી ઠંડા પહોરમાં પૂર્ણ કરવી અને હવામાન વિભાગ તરફથી આવતી સુચનાઓનું પાલન કરવા યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# ભક્ત અને ભગવાન

આપણા ધાર્મિક ગ્રંથો માં આવતી કથાઓ એ માત્ર કથાઓ જ નથી એ જીવન જીવવાનો બોધ છે. ગ્રંથો માં કથા દ્વારા સમાજ માં ખાસ સંદેશ આપવામાં આવતો હોય છે. રાસલીલાની કથા,ગોપીઓના વસ્ત્રાહરણ ની કથા,વેણુ ગીત,ભમર ગીત કે ગોપી ગીત વગેરે વગેરે કથાઓ માંથી ભક્ત એ બોધ સાર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.જેમ દેહ ક્ષણભંગુર છે ને આત્મા શાશ્વત છે એ જ રીતે ધાર્મિક ગ્રંથોની કથાનો બોધ "આત્મા" એ ભક્તો યાદ રાખીને ધર્મ ગ્રંથો ની ચર્ચા પર પૂર્ણ વિરામ મૂકવો જરૂરી છે. "ભગવાન રામ એ ધોબી ના કહેવાથી સીતાજી નો ત્યાગ કર્યો" આ પ્રસંગ પર કવિઓ,લેખકો વગેરે વગેરે એ કેટકેટલા ગ્રંથો કવિતાઓ લખી નાખ્યા ને પ્રસિદ્ધ થયા બાદ લોકપ્રિય પણ બન્યા. દ્રૌપદી અને શ્રી કૃષ્ણ ની અષ્ટ પટરાણીઓ ના પાત્ર પર નવલ કથાઓ લખાઈ ને લોકપ્રિય બની એની પાછળ નું મુખ્ય કારણ આપણે ભગવાન શ્રી કૃષ્ણ અને શ્રી રામ ને આરાધ્ય તો માનીએ છીએ પણ એના કર્તવ્યો ની સામે આંગળી ચીંધવા નું કામ પણ કરીએ છીએ.આ પ્રકાર ના ધાર્મિક કથાઓ પરથી બનતી,ફિલ્મો,સાહિત્ય,ગીતો લોકપ્રિય થાય છે ત્યારે એનું તારણ હિન્દુ ધર્મ ના લોકો એના આરાધ્ય કરતા ધાર્મિક કથા ને વધારે અનુસરે છે એ સ્પષ્ટ થાય છે. હિન્દુ ધર્મ ને બાદ કરતા વિશ્વ માં અન્ય ધર્મ માં તમે એના ગોડ,ખુદા,અહુરા મઝદા પેગમ્બર વગેરે વિશે ધાર્મિક ગ્રંથોની બહાર નાની અમથી ટીપ્પણી પણ લખાઈ છે નથી લખાતી,કેમ? ધાર્મિક ગ્રંથ વિરોધી ટીપ્પણી કે પ્રશ્ન મતલબ મૃત્યુની સજા.હિન્દુ ધર્મ સિવાઈ ના બધા ધર્મ માં ધાર્મિક ગ્રંથો જ સર્વ માન્ય છે એટલે ઈશ્વર ની સામે પ્રશ્ન ન થાય શરણાગતી સ્વીકારાય.આ કારણોસર જ મોજુદા સમય માં આ બધા દેશ પ્રગતિના પંથ પર અગ્રેસર છે. જ્યાં સુધી ભક્ત પૂર્ણપણે ભગવાન ની શરણાગતી સ્વીકારતો નથી ત્યાં સુધી એ કાચો ઘડો સમજો. ધાર્મિક ગ્રંથો એ જીવનની ઉન્નતિનો માર્ગ અને જીવન જીવવાની ચાવી છે. જે રીતે ઘરના દરવાજાનું તાળું ચાવી વગર ખુલતું નથી એ જ રીતે આધ્યાત્મિક માર્ગમાં સફળતા ભગવાનનો ભરોસો જીત્યા વગર મળતી નથી. આધ્યાત્મિક માર્ગ નો રસ્તો "ધાર્મિક શાસ્ત્ર" ને તાર્કિક દૃષ્ટિ એ સમજ્યા વગર મળતો નથી. જીવનની કર્મ કુંડળી કપાળ પર જમતાવેંત માણસ લખી ને જન્મે છે એટલે કર્મ કુંડળી ની આંટીઘૂંટી મુજબ જ બધું ચાલતું હોય છે ન કોઈ કોઈને સુખ આપી શકે છે ના તો કોઈનું દુઃખ બીજા ભોગવી શકે છે.દુઃખ ના અવસર ને સુખ શાંતિ ના અવસર માં ફેરવવા માંગતા હોવ તો ભરોશો ભગવાન પર રાખો,કેમ? એવા અસંખ્ય દુઃખો હશે જેને તમારા સુધી આવતા પહેલા એણે નષ્ટ કર્યા છે તો તમે કરેલા પાપ નું પ્રાયશ્ચિત પણ એ જ કરાવશે. પુષ્ટિમાર્ગ માં ભગવાન ના અષ્ટ સખાની કથા માની એક સખાની કથા: સિંહ એ જંગલ માં દિકરા ને મારી નાખ્યો ત્યારે ભગવાન ના સખા ખૂબ દુઃખી થયા. એના



\- રુપાલી દવે

ચહેરા પરનું દુઃખ જોતા વૈષ્ણવો એ આપસ માં વાતો કરતા કહ્યું કે એક ના એક દિકરા નું મૃત્યુ સહન કરવું અસહ્ય છે એટલે જ ગુરુજી નું મન દુઃખી ને ઉદાસ છે. જ્યારે હરિરાય જી ના કાને લોકોની વાત પડી ત્યારે તેમણે રડતા રડતા કહ્યું કે અરે!!વૈષ્ણવો,દીકરો મૃત્યુ પામ્યો છે એનું દર્દ નથી એનું મૃત્યુ જન્મ સાથે લખાઈ ને આવ્યું હતું.બાર દિવસ દીકરા ના મૃત્યુ ને કારણે ઘરમાં અપસવ્ય રહેશે એના લીધે મારા ઠાકુર ને બાર દિવસ ભૂખ્યા રહેવું પડશે.મારા લાલજી ને મારા હાથ ની સેવા અને આરોગવા ની આદત છે એટલે મને ભય છે મારો ઠાકોર કોઈના ત્યાં મારા વગર રહેશે નહી.ભગવાનની સાચી ભક્તિ,ભરોસો અને શ્રદ્ધા કલાકો પૂજા પાઠ કરવાથી કે દેખાડા વગેરે કરવાથી નથી થતી.ભાગવતજી ના દસમા સ્કંધ વર્ણવતા વરુણ લોક અધ્યાયની કથા વિસ્તાર થી કહી: ગ્રીષ્મ ઋતુના અસહ્ય તાપ ને લીધે દિવસ તો ગમે તેમ વીતતો હતો પણ રાત વિતાવી મુશ્કેલ થતા વ્રજજનો એ રાત્રિનો સમય વૃંદાવન ના વનમાં વિતાવવા નું નક્કી કર્યું. એકાદશી ના દિવસે વૃંદાવન વાસીઓ એ વિધિવત વ્રત કરીને પ્રભુ સ્મરણ માં જાગરણ પણ કર્યું.બીજે દિવસે બરસ ના પારણા હતા એટલે નંદ બાબા ૩ થી ૪ વચ્ચે ના ગાળા માં ઉઠીને નિત્ય નિયમ થી પરવારી ને યમુનાજી માં સ્નાન કરવા માટે ગયા. જેવા નંદ બાબા એ યમુનાજી માં પ્રવેશ કર્યો એ ભેગા વરુણ ભગવાન ના દૂતો એને પકડીને વરુણ લોક લઈ ગયા. ૫ થી ૬ ના સમય ગાળામાં વ્રજવાસીઓ નિત્ય નિયમ અને સ્નાન માટે ઊઠ્યા ત્યારે નંદ બાબા ન દેખતા ચિંતા કરવા લાગ્યા. આખા વ્રજ માં બધેય નંદ બાબા ને શોધ્યા પણ પતો ન લાગ્યો. એકાએક પિતાજી ગુમ થતા ભગવાન શ્રી કૃષ્ણ એ ધ્યાન માં જઈને જોયું તો નંદ બાબા ને વરુણ લોક ના કેદ ખાના માં જોયા. તાત્કાલિક ભગવાન શ્રી કૃષ્ણ સૂક્ષ્મ સ્વરૂપે વરુણ લોક પધાર્યા.વરુણ દેવ ને એના આરાધ્ય શ્રી કૃષ્ણ ના દર્શન થતાંજ એણે ભગવાનની પૂજા,આરતી, પ્રદક્ષિણા અને નૈવેદ્ય અર્પણ કર્યું. ભગવાન શ્રી કૃષ્ણ ને પ્રણામ કરતા વરુણ દેવ એ પૂછ્યું કે પ્રભુ,આપની આજ્ઞા કૃપા કરીને કહો.ત્યારે ભગવાન એ નંદબાબા ને જેલ માંથી મુક્તિ આપવી અને નિર્દોષ નંદબાબા પકડવાનું કારણ વરુણ દેવ ને પૂછ્યું ત્યારે એણે કહ્યું હતું કે સવારના ૩ થી ૪ વચ્ચેનો સમય આસુરી કાળ હોય છે એટલે આ સમયે નદીના જળ માં સ્નાન કરવું વર્જ્ય છે.ચોમાસાં ની ઋતુ માં નદીઓ રજસ્વલા થતી હોય છે એટલે ચોમાસાની ઋતુમાં નદી માં સ્નાન ટાળવું જોઈએ.આસુરી કાળમાં નંદબાબા સ્નાન કરતા હતા એટલે વરુણ લોકના દૂતો એ એને પકડ્યા હતા. જ્યારે નંદબાબા ને વરુણ લોકના એના પુત્ર શ્રી કૃષ્ણ ના સાક્ષાત વિષ્ણુ સ્વરૂપ ના દર્શન થયા ત્યારે એણે ભગવાન ના સ્વરૂપ નું વર્ણન વ્રજવાસીઓને કર્યું હતું. નંદ બાબા ની વાત સાંભળતા જ વ્રજવાસીઓ મનોમન "વૈકુંઠ લોક" ના દર્શન ની આશા મનમાં કરવા લાગ્યા. ભક્ત ની નાના માં નાની વાત ભગવાન થી છુપી રહેતી નથી. ભક્ત નું સુખ દુઃખ,દર્દ,હાની,લાભ બધુજ ભગવાન સાંભળતા હોવાથી ભક્ત ને મન માન અપમાન હોતું નથી મળ્યું તો હરિ હરિ ને ન મળ્યું તો પણ હરિ હરિ. વસ્ત્રાહરણ અધ્યાય માં ગોપીઓના વસ્ત્ર ની ચોરી કરીને એની લાજ લજ્જા છોડાવીને "હું સ્ત્રી કે પુરુષ નહીં હું આત્મા પૂર્ણ પરમાત્મા નો અંશ છું" વાત શ્રી કૃષ્ણ એ સમજાવી હતી. ભગવાન શ્રી કૃષ્ણ ની પતિ સ્વરૂપે પ્રાપ્તિ થાય એ હતું થી ગોપીઓ માઁ મહાકાલી નું વ્રત કરતી હતી.વ્રત ના હેતુ માગશર માસ ની કડકડતી ઠંડી માં ગોપીઓ નિર્વસ્ત્ર યમુનાજી માં સ્નાન કરતી હતી.ભાગવતજી ના દસમા સ્કંધ માં વસ્ત્રાહરણ અધ્યાય માં ભગવાન શ્રી કૃષ્ણ એ ગોપીઓને ઉપદેશ આપતા ભક્તો ને સમજાવ્યું છે કે નદીના જળની પવિત્રતા સાચવવા માટે સચેલ વસ્ત્ર જ નદી માં સ્નાન કરવું જોઈએ.

## જૂનાગઢના ઈવનગર આંગણવાડી કેન્દ્ર ખાતે 'પૌષ્ટિક વાનગી સ્પર્ધા' યોજાઈ: મિલેટ્સ અને પોષણનું મહત્વ સમજાવ્યું



નરેન્દ્ર દવે જૂનાગઢ

આઈ.સી.ડી.એસ. (ICDS) જૂનાગઢ-૨ ઘટક દ્વારા પોષણ અભિયાન અંતર્ગત ડુંગરપુર સેજાના ઈવનગર આંગણવાડી કેન્દ્ર-૪ ખાતે 'પૌષ્ટિક વાનગી સ્પર્ધા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્થાનિક માતાઓ અને બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો.જિલ્લા પંચાયતના પ્રોગ્રામ ઓફિસરશ્રી વત્સલાબેન દવેના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમમાં આંગણવાડી ના લાભાર્થી બહેનોએ સરકારશ્રી દ્વારા મળતા THR (ટેક હોમ રાશન) અને મિલેટ્સ (શ્રી અન્ન) નો ઉપયોગ કરીને વિવિધ પ્રકારની પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ પ્રદર્શિત કરી હતી. પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવે દ્વારા ઉપસ્થિત તમામ બહેનોને મિલેટ (જાડા ધાન્ય) ના આરોગ્યપ્રદ ફાયદાઓ અને THR માંથી મળતા પોષણયુક્ત આહાર વિશે ઊંડાણપૂર્વક સમજણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ શ્રેષ્ઠ દેખાવ કરનાર બહેનોને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય વિભાગના CHO, FHW (ફીમેલ હેલ્થ વર્કર), સ્થાનિક પ્રાથમિક શાળાના આચાર્યશ્રી, આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનો તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માતાઓ અને બાળકોમાં પોષણ પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ સ્થાનિક આહાર અને મિલેટ્સના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો હતો.





# સ્પ્લિટ્સવિલા કન્ટેસ્ટન્ટ પ્રીત સિંહ સાથે ક્લબમાં મારામારી

## તૂટેલા દાંતે અને સોજેલી આંખો સાથેનો વીડિયો શેર કર્યો, કહ્યું- હજી પણ હું ધ્રૂજી રહી છું

(એજન્સી) મુંબઈ | તા.29

ટીવી શો સ્પ્લિટ્સવિલામાં જોવા મળેલી પ્રીત સિંહ એ દાવો કર્યો કે મુંબઈના એક ક્લબમાં તેની સાથે મારપીટ કરવામાં આવી, જેના કારણે તેનો દાંત તૂટી ગયો અને આંખોમાં સોજો આવી ગયો. પ્રીતે ઈન્સ્ટાગ્રામ પર શેર કરેલા વીડિયોમાં પોતાના ચહેરાનો ક્લોઝઅપ બતાવ્યો, જેમાં તેમના ચહેરાની હાલત ખૂબ ખરાબ દેખાઈ રહી છે. સાથે જ કેપ્શનમાં તેમણે લખ્યું, 'મેં હંમેશા સાંભળ્યું હતું કે મુંબઈ છોકરીઓ માટે સૌથી સુરક્ષિત શહેરોમાંનું એક છે, પરંતુ મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મારું સ્વાગત આ રીતે થશે. હજી પણ હું ધ્રૂજી રહી છું, મારી આંખો સૂજેલી છે, ચહેરો ઘાયલ છે અને હું હજી પણ સમજવાનો પ્રયાસ કરી રહી છું કે શું થયું.'

તેણે આગળ લખ્યું, 'હું મારા મિત્ર સાથે એક ક્લબમાં બેઠી હતી. ત્યારે એક છોકરી અચાનક બૂમો પાડવા લાગી અને પૂછવા લાગી કે અમને અંદર આવવાની પરવાનગી કેવી રીતે મળી. વાત પહેલા દલીલ સુધી હતી, પરંતુ પછી તેના એક પુરુષ મિત્રએ વચ્ચે આવીને અમારી સાથે મારપીટ કરી.' પ્રીતે એ પણ લખ્યું કે તેને એટલી જોરથી મારવામાં આવી કે તેનો દાંત તૂટી ગયો અને ચહેરો સોજી ગયો. લોકોના વચ્ચે પડ્યા બાદ મામલો શાંત થયો. પછીથી તેમને ખબર પડી કે તે છોકરી પોતાને ઈન્ફ્લુએન્સર ગણાવે છે. જોકે, પ્રીતે પોતાની પોસ્ટમાં તે ઈન્ફ્લુએન્સરનું નામ જણાવ્યું નથી.

સ્પ્લિટ્સવિલા 16 ના ઘણા સ્પર્ધકોએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી. ઝલક ગોહિલે લખ્યું, 'તે રાત અમારા માટે કોઈ ભયાનક સ્વપ્ન જેવી હતી. હું જાણું છું પ્રીતે શું સહન કર્યું. આ વિશે બોલવા માટે ખૂબ હિંમત જોઈએ.' રુરુ ઠાકુરે લખ્યું, 'આ ખૂબ ખોટું છે. આશા છે કે તમે ઠીક હશો. તમારું ધ્યાન રાખો. તમે ખૂબ મજબૂત છો.'

જ્યારે હિમાંશુ અરોરાએ કોમેન્ટ કરી, 'પ્રીત, તમારું ધ્યાન રાખો. જો કોઈ વસ્તુની જરૂર હોય તો મને ફોન કરજો.' પ્રીત સિંહ MTV સ્પ્લિટ્સવિલા સીઝન 16માં 'પૈસા વિલા'ની એક કન્ટેસ્ટન્ટ તરીકે જોવા મળી હતી. શરૂઆતમાં, કન્ટેસ્ટન્ટ્સને બે અલગ-અલગ વિલા, પ્યાર વિલા અને પૈસા વિલામાં વહેંચવામાં આવ્યા હતા,

જેનું બાદમાં મર્જર થઈ ગયું. વિશાલ બાજાજ સાથે ઓરેકલ ગયા પછી તેમને આઈડિયલ મેચ જાહેર કરવામાં આવ્યા ન હતા, જેના પછી તેમનું એલિમિનેશન થઈ ગયું. સ્પ્લિટ્સવિલા 16ને સની લિયોની અને કરણ કુંદ્રા હોસ્ટ કરી રહ્યા છે. આ શો જિયોહોટસ્ટાર પર સ્ટ્રીમ થઈ રહ્યો છે.



# 18 લાખની સ્કર્ટ, 1.6 લાખના સેન્ડલ...:અંબાણી પરિવારની નાની વહુ રાધિકા મર્ચન્ટનો લક્ઝરી લુક છવાયો!

(એજન્સી) મુંબઈ | તા.29

રાધિકા મર્ચન્ટનો ફેશન સેન્સ હંમેશા ક્લાસિક અને એલિગન્ટ હોય છે. તાજેતરમાં જ્યારે પોપ સિંગર રિહાના એન્ટિલિયા પહોંચી ત્યારે રાધિકાનો ખૂબ જ સિમ્પલ-સોબર લુક સામે આવ્યો. ફોટોઝમાં તે બેજ અને વ્હાઈટ કલરના ખૂબ જ સુંદર કો-ઓર્ડ સેટમાં જોવા મળી રહી હતી. પરંતુ તેના સાદગીભર્યા લુકની કિંમત પણ લાખોમાં હતી.

મિયુ મિયુ ફેશન બ્રાન્ડ રાધિકાએ લક્ઝરી ઈટાલિયન ફેશન હાઉસ 'મિયુ મિયુ'નો આઉટફિટ પહેર્યો હતો. તેનો આ લુક ઉનાળાની સીઝન મુજબ ખૂબ જ સારો લાગી રહ્યો હતો. આ આઉટફિટમાં તેણે ન્યુટ્રલ કલર્સ સાથે પોતાની નેચરલ સુંદરતાને ફ્લોન્ટ કરી હતી.

સફેદ એમ્બ્રોઈડર્ડ વેસ્ટ ટોપ સ્કર્ટ સાથે રાધિકાએ સફેદ રંગની એમ્બ્રોઈડરીવાળી સાઈડ-ટાઈ શર્ટ પહેરી હતી, જેના પર પણ જીણવટભર્યા ફ્લોરલ મોટિફ્સ બનેલા છે. સાઈડ ટાઈ-અપ ડિટેલ્સવાળો આ ટોપ તેના લુકને મોડર્ન અને કૂલ વાઈબ આપી રહ્યો છે.

સ્કર્ટની વિશેષતા રાધિકાનો સ્કર્ટ સાદા ફેબ્રિકમાંથી બનેલો ન હતો. તેને પ્રીમિયમ કોટન સૅટિન ફેબ્રિકમાંથી બનાવવામાં આવ્યો હતો, જેના પર હાથથી નાજુક ફૂલોનું ભરતકામ કરવામાં આવ્યું હતું. તેમાં સજાવેલા ક્રિસ્ટલ્સ અને બીડ્સ તેને એક લક્ઝરી અને સ્પાર્કલિંગ ટચ આપી રહ્યા હતા.

સ્કર્ટની કિંમત MiuMiuની ઓફિશિયલ વેબસાઈટ પર રાધિકાના આ એમ્બ્રોઈડર-કોટન સૅટિન મિડી સ્કર્ટ (Embroidered cotton satin midi-skirt)ની કિંમત AED 71,000 છે જે ભારતીય રૂપિયામાં લગભગ 18.21 લાખ રૂપિયા થાય છે.

સ્ટાઈલિશ એમ્બ્રોઈડર્ડ ડ્રિલ સેન્ડલ લુકને પૂર્ણ કરવા માટે રાધિકાએ મેચિંગ સેન્ડલ પહેર્યા હતા. આ પણ મિયુ મિયુ બ્રાન્ડના 'એમ્બ્રોઈડર્ડ ડ્રિલ સેન્ડલ' છે. તેમની સૅટિન ફિનિશ અને ફ્લોરલ ડિઝાઈન તેમના એકંદર આઉટફિટ સાથે સંપૂર્ણપણે મેચ થઈ રહી હતી.

સેન્ડલની કિંમત પણ ઘણી વધારે MiuMiuની ઓફિશિયલ વેબસાઈટ મુજબ, લક્ઝરી સેન્ડલની કિંમત SAR 6,700 એટલે કે ભારતીય રૂપિયામાં લગભગ 1.68 લાખ રૂપિયા થાય છે.મિનિમલ મેકઅપ અને ખુલ્લા વાળ રાધિકાએ પોતાના આ મોંઘા લુકને ખૂબ જ સિમ્પલ રાખ્યો હતો. ખુલ્લા વાળ, કાનમાં સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ અને ન્યૂડ મેકઅપ રાખ્યો હતો.

# પ્રેગ્નન્સી જાહેર કર્યા પછી જોવા મળી દીપિકા પાદુકોણ

## રણવીર પ્રોટેક્ટિવ મોડમાં દેખાયો; પત્નીની પાછળ હાથ રાખીને ભીડથી બચાવતો જોવા મળ્યો



(એજન્સી) મુંબઈ | તા.29

બોલિવૂડ એક્ટ્રેસ દીપિકા પાદુકોણ પોતાની પ્રેગ્નન્સી જાહેર કર્યા બાદ પહેલીવાર જોવા મળી છે. દીપિકાને પતિ રણવીર સિંહ સાથે મુંબઈ એરપોર્ટ પર સ્પોટ કરવામાં આવી હતી. એરપોર્ટ પર રણવીર સિંહ પોતાની પત્ની દીપિકાની પાછળ ચાલતો જોવા મળ્યો.

આ દરમિયાન રણવીર ખૂબ જ કાળજી રાખતો અને પ્રોટેક્ટિવ મોડમાં જોવા મળ્યો. તેણે કારમાંથી ઉતરવામાં દીપિકાને મદદ કરી અને એરપોર્ટની અંદર જતા સમયે પણ દીપિકાની પાછળ હાથ રાખીને તેને ભીડથી બચાવતો જોવા મળ્યો.

જ્યારે દીપિકા આ દરમિયાન ખૂબ જ રિલેક્સ અને આરામદાયક કપડાંમાં જોવા મળી. બંનેએ પાપારાઝી સાથે કોઈ વાતચીત કરી નહીં અને સીધા એરપોર્ટની અંદર ચાલ્યા ગયા.

દીપિકા અને રણવીરે 19 એપ્રિલે એક કોલોબ્રેશન ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા તેની બીજી પ્રેગ્નન્સીની જાણકારી શેર કરી હતી. આ પોસ્ટમાં તેની મોટી દીકરી 'દુઆ' એક પોઝિટિવ પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડેલી જોવા મળી રહી હતી. દીપિકાએ આ પોસ્ટના કેપ્શનમાં બે Evil Eye વાળા ઈમોજી લગાવ્યા હતા. દીપિકા અને રણવીરની લવ સ્ટોરી વર્ષ 2013માં ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા'ના સેટ પરથી શરૂ થઈ હતી. ઘણા વર્ષોની ડેટિંગ પછી આ કપલે 14 નવેમ્બર 2018ના રોજ ઈટાલીના લેક કોમોમાં શાહી અંદાજમાં લગ્ન કર્યા હતા. તેના લગ્ન કોંકણી અને સિંધી, બંને રીતિ-રિવાજોથી થયા હતા. 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેણે તેની પહેલી દીકરી 'દુઆ'નું સ્વાગત કર્યું હતું.

# કરિશ્મા કપૂરે પાપારાઝીને આપી ચેતવણી:પાછળ ફરતી વખતે એક્ટ્રેસે ટોકતાં કહ્યું- વધુ ઝૂમ ન કરતા; લોકોએ વાતને સમર્થન આપ્યું

(એજન્સી) મુંબઈ | તા.29

કરિશ્મા કપૂરે ટીવી શો ઈન્ડિયાઝ બેસ્ટ ડાન્સરના સેટ પર પાપારાઝીને ઝૂમ કરીને તેના ફોટા-વીડિયો ન લેવાની ચેતવણી આપી. સોમવારે શોના શૂટિંગ દરમિયાન જ્યારે તે ગીતા કપૂર, ટેરેન્સ લુઈસ અને જાવેદ જાફરી સાથે સેટ પર પહોંચી, ત્યારે પોઝ આપ્યા પછી તેણે કેમેરામેનને કહ્યું, 'વધુ ઝૂમ ન કરતા.' તાજેતરના સમયમાં ઘણી એક્ટ્રેસના પાછળથી ઝૂમ કરીને ફોટા-વીડિયો ઘણા સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી પોસ્ટ કરવામાં આવે છે. વીડિયો સામે આવ્યા પછી ઘણા યુઝર્સે કરિશ્માને સમર્થન આપ્યું.

એક યુઝરે લખ્યું કે તેણે એક વીડિયોમાં જોયું હતું, જ્યાં સિદ્ધાર્થ મલ્હોત્રા અને કિયારા અડવાણી સાથે પોઝ આપી રહ્યા હતા, પરંતુ પાપારાઝીએ સિદ્ધાર્થને ફ્રેમમાંથી હટાવીને કિયારાના ઉપલા શરીર પર ઝૂમ કર્યું, જે અપમાનજનક હતું. અન્ય એક યુઝરે લખ્યું કે તમામ એક્ટર્સ અને એક્ટ્રેસિસ આ મુદ્દે એક થવા જોઈએ અને એવો સ્ટાફ રાખવો જોઈએ જે પાછળથી તસવીરો લેતી વખતે તેમને કવર કરે.

# ઈરફાન ડાકુ બન્યા, એડીમાં ઈજા થઈ હતી એક્શન સાંભળીને દર્દ ભૂલી દોડ લાગતા

મુંબઈ | 29 એપ્રિલે ઈરફાન ખાનની 6ઠ્ઠી પુણ્યતિથિ માત્ર એક તારીખ નથી, પરંતુ યાદોનો સાગર છે - એક એવા કલાકારની, જેણે અભિનયને સત્યની જેમ જીવ્યું. તેમનું જીવન, પાત્રો અને સફર કોઈ ફિલ્મી વાર્તાથી ઓછું નહોતું. આ સફરને રંજીતા કૌરે પોતાની ડોક્યુમેન્ટરી 'અ સ્ટોરી ધેટ રિફ્યુઝ્ડ ટુ ડાઈ'માં સાચવી છે, જે પાન સિંહ તોમરના નિર્માણ અને ઈરફાનની અજાણી દુનિયા દર્શાવે છે.

આજે તેનું સ્ક્રીનિંગ મુંબઈના નીતા મુકેશ અંબાણી કલ્ચરલ સેન્ટરમાં રાખવામાં આવ્યું છે. આ માત્ર ડોક્યુમેન્ટરી નથી, પરંતુ તે પળોનો વારસો છે. ઈજા હોવા છતાં ઈરફાન શૂટિંગ કરતા રહ્યા. તે બકરીના બચ્ચા સાથે રમતા જોવા મળ્યા. દરેક નાની વસ્તુમાં ખુશી શોધતા હતા અને પાત્રની સત્યતા માટે પોતાને ભૂલી જતા હતા. રંજીતાના શબ્દોમાં, ઈરફાન માત્ર એક અભિનેતા નહોતા, પરંતુ એક અહેસાસ હતા, જેમણે દરેક દિલમાં જગ્યા બનાવી.

તેમની વાર્તા ખરેખર મરવાનો ઈનકાર કરે છે, કારણ કે ઈરફાન આજે પણ પોતાના કામ, સાદગી અને ઊંડાણ દ્વારા આપણી વચ્ચે જીવંત છે.

રંજીતા કૌર કહે છે કે ડોક્યુમેન્ટરીનું શીર્ષક માત્ર સર્જનાત્મક નામ નથી, પરંતુ ઈરફાન ખાનની વિચારસરણી અને ફિલ્મની સફરનો સાર છે. તેમના મતે, પાન સિંહ તોમર બનાવવું સહેલું નહોતું. ફિલ્મે ઘણી મુશ્કેલીઓ જોઈ - લોકેશનના પડકારો, મર્યાદિત સંસાધનો અને શૂટિંગની અડચણો. રંજીતા કહે છે કે તે આ પ્રક્રિયાને બહારથી જોઈ રહી હતી, પરંતુ દરરોજ અનુભવી રહી હતી કે ફિલ્મ હાર માનવાની નથી. દરેક મુશ્કેલી પછી ટીમ વધુ મજબૂત બનતી હતી. ઈન્ટરવ્યુ દરમિયાન ઈરફાને કહ્યું - "આ વાર્તા મરવા તૈયાર નહોતી." આ જ ક્ષણે રંજીતાને હચમચાવી દીધી. તેમને લાગ્યું કે મનની ભાવનાને ઈરફાને શબ્દો આપ્યા છે. તેથી તે શીર્ષકનો શ્રેય ઈરફાનને આપે છે.



# અક્ષય સાથે ડાન્સ કરતા-કરતા અચાનક ભૂમિ પેડનેકર ઢળી પડી: ખિલાડી કુમારના શ્વાસ અધ્ધર થઈ ગયા...

(એજન્સી) મુંબઈ | તા.29

અક્ષય કુમારના લોકપ્રિય રિયાલિટી શો 'વ્હીલ ઓફ ફોર્ચ્યુન'ના ફિનાલે એપિસોડમાં તાજેતરમાં બોલિવૂડનો જબરદસ્ત તડકો જોવા મળ્યો હતો. શોના ગ્રાન્ડ ફિનાલેમાં ફરાહ ખાન, ભૂમિ પેડનેકર અને જેકલીન ફર્નાન્ડીઝે હાજરી આપીને શોમાં ચાર ચાંદ લગાવી દીધા હતા. જોકે, આ દરમિયાન એક એવી ઘટના બની કે સેકન્ડો માટે સેટ પર સન્નાટો છવાઈ ગયો હતો.

શો દરમિયાન ભૂમિ પેડનેકર અને અક્ષય કુમારે એક રોમેન્ટિક કપલ ડાન્સ કર્યો હતો. બંનેની સિઝલિંગ કેમિસ્ટ્રી જોઈને ફેન્સ અને ત્યાં હાજર લોકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. પરંતુ ડાન્સના અંતે જે થયું તેની કોઈએ કલ્પના પણ કરી નહોતી. ડાન્સના સ્ટેપ્સ કરતા-કરતા ભૂમિ પેડનેકર અચાનક ચક્કર ખાઈને જમીન પર પડી ગઈ હતી. ભૂમિને આ રીતે અચાનક નીચે પડતી જોઈને અક્ષય કુમાર ખરેખર ગભરાઈ ગયો હતો. તે તરત જ ભૂમિ પાસે પહોંચ્યો અને ક્રૂ મેમ્બર્સ પર બૂમો પાડવા લાગ્યો, 'પાણી લાવો, જલ્દી પાણી લાવો!' અક્ષયના ચહેરા પર ભૂમિની ચિંતા સ્પષ્ટ દેખાતી હતી. બીજી તરફ જજની ખુરશી પર બેઠેલી ફરાહ ખાનના પણ હોશ ઉડી ગયા હતા. ફરાહ જોરથી ચીસપાડતી દેખાઈ, 'અરે! કયા હુઆ?'

જ્યારે આખો સેટ ચિંતામાં હતો, ત્યારે જ ભૂમિ પેડનેકર ખડખડાટ હસતી ઊભી થઈ ગઈ! ખરેખર ભૂમિને કોઈ ચક્કર આવ્યા નહોતા, પરંતુ તે અક્ષય કુમાર સાથે એક મજાક (Prank) કરી રહી હતી. ભૂમિએ હસતા-હસતા કહ્યું કે, 'ભલે હું બહુ સારી ડાન્સર નથી, પણ એક્ટિંગ તો મને આવડે જ છે!' ભૂમિનો આ મજાક જાણીને અક્ષય કુમારે પણ રાહતનો શ્વાસ લીધો અને સેટ પર ફરીથી હાસ્યનું મોજું ફરી વળ્યું.

આ એપિસોડમાં, અક્ષય કુમારે હાઈ હીલ્સ પહેરીને પણ ડાન્સ કર્યો હતો. શોના મહેમાન જેકલીન ફર્નાન્ડીઝના કહેવા પર, અક્ષય 'લાલ પરી' ગીત પર ડાન્સ કરતો જોવા મળ્યો હતો. શો દરમિયાન, જેકલીન અને ભૂમિએ ફરિયાદ કરી હતી કે સેટ પર અક્ષય તેમની સાથે ડરામણી મજાક કરે છે. તેનો બદલો લેવા માટે, જેકલીનએ અક્ષયને એક ટાસ્ક આપ્યો: તેને એક મિનિટ માટે હાઈ હીલ્સ પહેરીને ડાન્સ કરવાનું કહ્યું.

જેકલીનએ એક શરત મૂકી: જો અક્ષય અધવચ્ચે જ રોકાઈ જાય, તો તેણે તેના બેંક ખાતામાં 1 લાખ ટ્રાન્સફર કરવા પડશે. શરૂઆતમાં, અક્ષય ગભરાઈ ગયો અને બૂમ પાડી, 'શું તું પાગલ છે? મારા પગમાં મોચ આવી જશે! મેં મારા આખા જીવનમાં આવું ક્યારેય કર્યું નથી.'

ફરાહ ખાન દ્વારા સમજાવ્યા પછી, અક્ષય આખરે હીલ્સ પહેરવા સંમત થયો. તેણે તેની ફિલ્મ 'હાઉસફુલ 4'ના 'લાલ પરી' ગીત પર હીલ્સ પહેરીને એક શાનદાર ડાન્સ નંબર રજૂ કર્યો. અક્ષયને હીલ્સ પહેરીને ફરતો જોઈને, ફરાહ અને ભૂમિ પણ ડાન્સમાં જોડાયા.

ટાસ્ક પૂર્ણ થયા પછી, ફરાહ ખાને અક્ષયને સલામ કરી. ડાન્સ દરમિયાન, હીલ્સ ખરેખર તૂટી ગઈ; આ ઘટના પર હસતાં હસતાં અક્ષયે ટિપ્પણી કરી, 'બધી સ્ત્રીઓને સલામ - તમે લોકો આ કેવી રીતે પહેરી શકો છો? હું એકદમ ગભરાઈ ગયો હતો!'

અક્ષય કુમારની તાજેતરની રિલીઝ, 'ભૂત બાંગ્લા', ભારતમાં 100 કરોડ અને વિશ્વભરમાં 150 કરોડનો આંકડો પાર કરી ગઈ છે. તેની આગામી મોટી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ' છે, જે 26 જૂન, 2026 ના રોજ થિયેટરોમાં રિલીઝ થવાની છે.

અક્ષય કુમાર અને ભૂમિ પેડનેકરની જોડીએ મોટા પડદા પર હંમેશા સંદેશાત્મક ફિલ્મો આપી છે. આ જોડીએ નીચે મુજબની યાદગાર ફિલ્મોમાં સાથે કામ કર્યું છે:

ટોયલેટ: એક પ્રેમ કથા (2017): આ બ્લોકબસ્ટર ફિલ્મમાં બંનેએ પતિ-પત્નીની ભૂમિકા ભજવી હતી. સામાજિક સંદેશ આપતી આ ફિલ્મમાં તેમની કેમિસ્ટ્રીને પ્રેક્ષકોએ ખૂબ જ પસંદ કરી હતી.

રક્ષાબંધન (2022): આ ફિલ્મમાં પણ ભૂમિએ અક્ષયના બાળપણના પ્રેમની ભૂમિકા ભજવી હતી. ભાઈ-બહેનના પવિત્ર સંબંધની આ વાર્તામાં બંનેની એક્ટિંગના વખાણ થયા હતા.

# રાજસ્થાન રોયલ્સના વૈભવ સૂર્યવંશીએ કમાલનો રેકોર્ડ બનાવ્યો



**વૈભવ સૂર્યવંશીએ પંજાબ સામે રાજસ્થાનને તોફાની શરૂઆત અપાવી. તેણે લોકી ફર્ગ્યુસન જેવા બોલરની ઓવરમાં 2 છગ્ગા ફટકારી દીધા. માર્કો યાનસન અને અર્શદીપ સિંહ સામે પણ બેટિંગનું આક્રમક વલણ રાખ્યું.**

મુંબઈ : પંજાબ કિંગ્સ સામે વૈભવ સૂર્યવંશી ભલે અડધી સદી ન ફટકારી શક્યો, પરંતુ 15 વર્ષના આ ખેલાડીએ 16 બોલમાં 5 છગ્ગા અને 3 ચોગ્ગાની મદદથી 43 રન ફટકારી દીધા. આ ખેલાડીએ આ ઈનિંગ દરમિયાન એક એવો રેકોર્ડ પોતાના નામે કર્યો જે ખરેખર અદભૂત સિદ્ધિ છે. વૈભવ સૂર્યવંશીએ પંજાબ સામે 43 રન બનાવતાની સાથે જ આ સિઝનમાં સૌથી વધુ 400 રન બનાવી લીધા છે. આ સાથે ઓરેન્જ કેપ પણ તેના માથે સજ્જ થઈ ગઈ છે. સાથે જ વૈભવ IPLમાં સૌથી ઝડપી 400 રન ફટકારનાર ખેલાડી પણ બની ગયો છે. વૈભવ સૂર્યવંશી IPLની એક સિઝનમાં સૌથી ઓછા બોલમાં 400 રન બનાવનાર ખેલાડી બની ગયો છે. વૈભવે 167 બોલમાં 400 રન પૂરા કર્યા જે એક રેકોર્ડ છે. સૂર્યવંશીએ આન્દ્રે રસેલનો રેકોર્ડ તોડ્યો છે, જેમણે વર્ષ 2019માં 188 બોલમાં 400 રન પૂરા કર્યા હતા. વર્ષ 2024માં અભિષેક શર્માએ 195 બોલમાં 400 રન બનાવ્યા હતા. ગયા વર્ષે નિકોલસ પૂરને 197 બોલમાં 400 રન પૂરા કર્યા હતા. પરંતુ હવે આ રેકોર્ડ સૂર્યવંશીના નામે થઈ ગયો છે. 15 વર્ષના આ ઓપનિંગ બેટ્સમેને આ સિઝનમાં 37 છગ્ગા અને 34 ચોગ્ગા ફટકાર્યા છે. તે એક સદી અને 2 અડધી સદી ફટકારી ચૂક્યો છે. વૈભવ સૂર્યવંશીએ ગયા વર્ષે જ IPLમાં ડેબ્યૂ કર્યું હતું અને આ ખેલાડી અત્યાર સુધીમાં 61 છગ્ગા ફટકારી ચૂક્યો છે. તેના ડેબ્યૂ પછી કોઈપણ બેટ્સમેને સૂર્યવંશીથી વધુ છગ્ગા માર્યા નથી.



# રોહિત મુંબઈ માટે કમબેક કરી શકે છે

## IPLમાં હૈદરાબાદ સામે મેચ; ઈન્ડિયન્સે સનરાઈઝર્સ સામે 56% મેચ જીતી છે

**મુંબઈ : આ સીઝનમાં મુંબઈને 7માંથી 5 મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. ટીમ પોઈન્ટ્સ ટેબલમાં નવમાં સ્થાને છે. બીજી તરફ હૈદરાબાદ સારા ફોર્મમાં છે. ટીમ સતત ગત 4 મેચ જીતીને ટેબલમાં ત્રીજા સ્થાને છે. બંને ટીમ વચ્ચે અત્યાર સુધી કુલ 25 મેચ રમાઈ છે. જેમાં મુંબઈ ઈન્ડિયન્સનું પલડું ભારે છે. મુંબઈએ 14 મેચમાં જીત મેળવી છે, જ્યારે હૈદરાબાદને 10 મેચમાં સફળતા મળી છે. બંને વચ્ચે એક મેચ ટાઈ પણ રહી છે, જે મુંબઈએ સુપર ઓવરમાં જીતી હતી. બંને ટીમ વાનખેડેમાં 9 વાર સામસામે આવી છે. આ દરમિયાન 7 મેચમાં MI અને 2માં SRHને જીત મળી છે.**

### અભિષેક સીઝનનો ટૉપ સ્કોરર

**સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આ સીઝનમાં અભિષેક શર્મા શાનદાર ફોર્મમાં છે. તેણે 8 મેચમાં 212.29ની સ્ટ્રાઈક રેટથી 380 રન બનાવ્યા છે, જેમાં 3 ફિફ્ટી અને 1 સદી સામેલ છે. અભિષેક ટીમની સાથે સીઝનનો પણ ટૉપ સ્કોરર છે. બીજી તરફ, બોલિંગમાં ઈશાન મલિંગા ટીમનું મુખ્ય હથિયાર સાબિત થયો છે. મલિંગાએ 8 મેચમાં 14 વિકેટ ઝડપી છે. વાનખેડે સ્ટેડિયમને બેટર્સ માટે સ્વર્ગ માનવામાં આવે છે. અહીંની પીચ તેમને ખૂબ માફક આવે છે. અહીંની બાઉન્ડરી અન્ય સ્ટેડિયમની સરખામણીમાં થોડી નાની છે.**

**મુંબઈ માટે તિલક-અશ્વનીનું પ્રદર્શન : મુંબઈ ઈન્ડિયન્સ તરફથી તિલક વર્માએ મિડલ ઓર્ડરમાં મજબૂતી બતાવી છે. તેણે 7 મેચમાં 170.75ના સ્ટ્રાઈક રેટથી 181 રન બનાવ્યા છે. બોલિંગમાં અશ્વની કુમારે ઓછી મેચમાં મોટો પ્રભાવ પાડ્યો છે. તેણે માત્ર 2 મેચમાં 6 વિકેટ લીધી છે.**

# જયસ્વાલ-ફરેરાની ફિફ્ટી

## રાજસ્થાને 6 વિકેટથી હરાવ્યું, વૈભવ સૂર્યવંશીએ 16 બોલમાં 43 રન બનાવ્યા



મુંબઈ : પંજાબ કિંગ્સને IPL 2026માં પ્રથમ હારનો સામનો કરવો પડ્યો છે. મંગળવારે રાજસ્થાન રોયલ્સે 6 વિકેટથી જીત નોંધાવી અને 19.2 ઓવરમાં ટાર્ગેટ ચેઝ કરી લીધો. ન્યૂ ચંદીગઢના મહારાજા યાદવેન્દ્ર સિંહ સ્ટેડિયમમાં ટૉસ હારતી પહેલી બેટિંગ કરતા પંજાબે 20 ઓવરમાં 4 વિકેટના નુકસાને 222 રન બનાવ્યા હતા. ટીમ માટે માર્કસ સ્ટોઈનિસે 62 રન બનાવ્યા હતા, જ્યારે પ્રભસિમરન સિંહે 59 રનની ઈનિંગ રમી હતી. કેપ્ટન શ્રેયસ અય્યરે 30 રનનું યોગદાન આપ્યું હતું. 223 રનના ટાર્ગેટને ચેઝ કરતા રાજસ્થાને પાવરપ્લેમાં જ 84 રન જોડ્યા હતા. વૈભવ સૂર્યવંશીએ 16 બોલમાં 43 રન બનાવ્યા હતા. ત્યારબાદ યશસ્વી જયસ્વાલે 27 બોલમાં 51 રનની ફિફ્ટી ફટકારી હતી. ડોનેવાન ફરેરાએ 52 રનની અણનમ ઈનિંગ રમી હતી. શુભમ દુબેએ 31 રન બનાવી તેને સાથ આપ્યો હતો અને બંનેએ મળીને પાંચમી વિકેટ માટે 32 બોલમાં 77 રન જોડ્યા હતા.



### પંજાબના 2 બેટર્સની ફિફ્ટી, 222 રન બનાવ્યા

**પંજાબ તરફથી માર્કસ સ્ટોઈનિસે 62 અને ઓપનર પ્રભસિમરન સિંહે 59 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી. કેપ્ટન શ્રેયસ અય્યરે 30 રન બનાવ્યા હતા. રાજસ્થાન તરફથી યશરાજ પૂંજાએ 4 ઓવરમાં 41 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. જોફ્રા આર્ચર અને નાન્દ્રે બર્ગરને એક-એક સફળતા મળી હતી.**

# BCCIએ પંજાબ કિંગ્સની જર્સી કેમ બેન કરી?

IPL 2026 માં અસાધારણ રીતે સારું પ્રદર્શન કરી રહેલી પંજાબ કિંગ્સની જર્સી હવે તેની અગાઉની જર્સી કરતા ઘણી અલગ છે. IPL ની શરૂઆત સમયે, પંજાબની જર્સીમાં લાલ અને ચાંદી બંને રંગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, પરંતુ પાછળથી ફ્રેન્ચાઈઝીએ આ રંગ બંધ કરી દીધો. પ્રશ્ન એ છે કે આવું કેમ થયું? શું આ રંગ દૂર કરવાનું કોઈ ચોક્કસ કારણ હતું? ટીમના માલિક પ્રીતિ ઝિન્ટાએ હવે આ પ્રશ્નોના જવાબ આપ્યા છે. પ્રીતિ ઝિન્ટાએ X પર એક ચાહકના પ્રશ્નનો જવાબ આપ્યો. X. પર એક યુઝરે લખ્યું કે પંજાબે તેની જૂની લાલ અને ચાંદીની જર્સી પાછી લાવવી જોઈએ,અને કહ્યું કે તે શ્રેષ્ઠ છે.પ્રીતિ ઝિન્ટાએ જવાબ આપ્યો કે BCCIના કહેવા પર ફ્રેન્ચાઈઝીને તેની જર્સીમાંથી ચાંદીનો રંગ દૂર કરવો પડ્યો.પ્રીતિ ઝિન્ટાએ સમજાવ્યું કે BCCI હવે જર્સીમાં સફેદ, રાખોડી અને ચાંદીના રંગોનો ઉપયોગ કરવાની મંજૂરી આપતું નથી.પ્રીતિ ઝિન્ટાએ કહ્યું,BCCI એ ચાંદીના રંગ પર પ્રતિબંધ મૂક્યો કારણ કે અન્ય ટીમોએ ફરિયાદ કરી હતી કે સફેદ બોલ જોવામાં મુશ્કેલી પડી રહી છે.



# ડ્રેસિંગ રૂમમાં રિયાન પરાગે ઈ-સિગારેટ પીધી

## વૈભવની ધમાકેદાર શરૂઆત, યશનું હાથ જોડીને સેલિબ્રેશન, ફરેરાની 105 મીટર લાંબી સિક્સ

**મુંબઈ : રાજસ્થાન રોયલ્સે IPL 2026ની 40મી મેચમાં પંજાબ કિંગ્સને 6 વિકેટે હરાવ્યું. આ હાર સાથે પંજાબ IPLમાં 200+ રન ડિફેન્ડ કરતા સૌથી વધુ વખત હારનારી ટીમ બની ગઈ. રાજસ્થાને પોતાનો ત્રીજો સૌથી મોટો રનચેઝ કર્યો. ડોનોવન ફરેરાએ 105 મીટર લાંબો સિક્સર ફટકાર્યો. IPL 2026 ની એક હાઈ-વોલ્ટેજ મેચ દરમિયાન એક એવું દ્રશ્ય જોવા મળ્યું જેણે ક્રિકેટ ચાહકોને આશ્ચર્યચકિત કરી દીધા. ન્યૂ ચંદીગઢના ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં મેચ હતી. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગ મેચ દરમિયાન ડ્રેસિંગ રૂમમાં વેપ એટલે કે ઈ-સિગારેટ પીતા કેમેરામાં કેદ થયા હતા, ત્યારબાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ ચોંકાવનારી ઘટના 28 એપ્રિલના રોજ રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાયેલી IPL 2026 ની 40મી મેચ દરમિયાન પ્રકાશમાં આવી હતી. રાજસ્થાનની ઈનિંગની 16મી ઓવર દરમિયાન પરાગ તેના સાથી ખેલાડીઓ ધ્રુવ જુરેલ અને યશસ્વી જયસ્વાલ વચ્ચે ડ્રેસિંગ રૂમમાં આરામથી ઈ-સિગારેટ પીતો જોવા મળ્યો હતો.**



**સ્ટેડિયમ અને ડ્રેસિંગ રૂમમાં ધૂમ્રપાન પર સખત પ્રતિબંધ છે, સિવાય કે નક્કી કરેલો એરિયા. પરાગ દ્વારા ઈ-સિગારેટ અથવા વેપ રાખવાનો આરોપ વધુ ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. ભારતમાં ઈલેક્ટ્રોનિક સિગારેટ પ્રતિબંધ અધિનિયમ (PECA), 2019 હેઠળ ઈ-સિગારેટ/વેપનું ઉત્પાદન, વેચાણ, ખરીદી, આયાત, નિકાસ અને જાહેરાત સંપૂર્ણપણે પ્રતિબંધિત છે. આ કાયદાના ઉલ્લંઘન પર જેલ અને ભારે દંડની સજા છે. BCCI સચિવ દેવજીત સૈકિયાને આ બાબતે ટિપ્પણી કરવા માટે કહેવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે બોર્ડ તેને ગંભીરતાથી લેશે. વેપિંગ (ઈ-સિગારેટ) એથ્લેટ્સના સ્વાસ્થ્ય માટે ખતરનાક છે. તે સલામતીના ધોરણોનું ઉલ્લંઘન કરે છે કારણ કે તેના ઘટકો સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યા નથી. તે દેશમાં પ્રતિબંધિત છે. BCCI કેપ્ટન અને ફ્રેન્ચાઈઝી પાસેથી જવાબ માંગી શકે છે.**

# IPL પછી 5 બોલરોની ટીમ ઈન્ડિયામાં થશે ધમાકેદાર એન્ટ્રી!

**ભારતમાં અત્યારે IPL 2026ની ધૂમ મચી છે, જેમાં દરેક ટીમના ખેલાડીઓ શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. BCCI પણ આ ટુર્નામેન્ટ પર ચાંપતી નજર રાખી રહ્યું છે, કારણ કે અહીં સારું પ્રદર્શન કરનારા ખેલાડીઓ માટે ટીમ ઈન્ડિયાના દરવાજા ખોલી શકે છે. એક રિપોર્ટ અનુસાર, બોર્ડે ખાસ કરીને 5 એવા બોલરોની પસંદગી કરી છે જેમના પ્રદર્શનથી મેનેજમેન્ટ પ્રભાવિત છે. આ લિસ્ટમાં અનુભવી ખેલાડીઓની સાથે બે અનકેપ્ડ(જેઓ હજુ સુધી આંતરરાષ્ટ્રીય મેચ નથી રમ્યા) ખેલાડીઓનો પણ સમાવેશ થાય છે. રાજસ્થાન રોયલ્સના સ્ટાર સ્પિનર રવિ બિશ્નોઈએ આ સીઝનમાં 8 મેચમાં 11 વિકેટ ઝડપીને કમાલ કરી છે. જાન્યુઆરી 2026માં છેલ્લી મેચ રમનાર બિશ્નોઈની ફરીથી ટીમ ઈન્ડિયામાં વાપસી થવાના સંકેતો મળી રહ્યા છે. બીજી તરફ, ગુજરાત ટાઈટન્સના યુવા ઝડપી બોલર અશોક શર્માએ પોતાની તેજ ગતિથી સૌને પ્રભાવિત કર્યા છે. 6 મેચમાં 6 વિકેટ લેનાર આ અનકેપ્ડ ખેલાડી ટૂંક સમયમાં બ્લુ જર્સીમાં જોવા મળી શકે છે. ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી રમતા ખલીલ અહેમદ પણ આ રેસમાં સામેલ છે, જેણે આ સીઝનમાં ઈજા પહેલા શાનદાર સ્પેલ નાખ્યા હતા. આ ઉપરાંત, ગુજરાત જાયન્ટ્સના પ્રસિદ્ધ કૃષ્ણા અત્યારે પર્પલ કેપની રેસમાં છે. તેણે 7 મેચમાં 12 વિકેટ લઈને સિલેક્ટર્સનું ધ્યાન ખેંચ્યું છે. છેલ્લે, કેકેઆરના યુવા બોલર કાર્તિક ત્યાગીની સ્પીડ અને લાઈન-લેન્થ પણ ચર્ચાનો વિષય બની છે. મેનેજમેન્ટ સતત તેના પર નજર રાખી રહ્યું છે. જો આ પાંચેય ખેલાડીઓ પોતાનું પ્રદર્શન જાળવી રાખશે, તો આગામી ટી20 સીરીઝમાં તેમને ટીમ ઈન્ડિયાનો હિસ્સો બનાવવામાં આવી શકે છે. આ ખેલાડીઓની મહેનત અને વ્યૂહનીતિ તેમને ભારતીય ક્રિકેટના આગામી સ્ટાર બનાવી શકે છે.**

# પીએસજીએ રેકોર્ડબ્રેક સેમિફાઈનલ પહેલા લેગમાં બાયર્નને 5-4થી હરાવ્યું



ડિફેન્ડિંગ ચેમ્પિયન પેરિસ સેન્ટ જર્મને મંગળવારે ચેમ્પિયન્સ લીગ સેમિફાઈનલના પ્રથમ લેગમાં મુલાકાતી બેયર્ન મ્યુનિકને 5-4થી હરાવ્યું હતું, જેમાં સ્પર્ધાના આ તબક્કે રેકોર્ડ સંખ્યામાં ગોલ થયા હતા. એક ક્લાસિક મેચમાં, પીએસજી ગોલથી પાછળ રહીને ખ્વિચા ક્વારત્સ્ખેલિયા અને ઓસ્માન ડેમ્બેલેના બે ગોલ સાથે 5-2થી આગળ આવી, ત્યારબાદ બેયર્નએ કલાક પહેલા ત્રણ મિનિટમાં બે વાર ગોલ કરીને મ્યુનિકમાં આગામી સપ્તાહના રિટર્ન લેગ માટે તેમની તકો વધારી. આ મેચમાં સિઝનની સૌથી આક્રમક ચેમ્પિયન્સ લીગ ટીમો એકબીજા સામે રમાઈ, અને તે ઝડપથી અવિરત ગતિ સાથે તેના બિલિંગ પર ખરા ઉતરી, બેયર્ન કોચ વિન્સેન્ટ કોમ્પેની સ્ટેન્ડમાં હતા, સસ્પેન્શનની સેવા આપી રહ્યા હતા, અને તેમના સહાયક એરોન ડેન્ક્સ ડગઆઉટમાં હતા. “અમે ખરેખર ખુશ છીએ, અને મને લાગે છે કે અમે જીતવાને લાયક હતા, પણ અમે ડ્રો પણ લાયક હતા, અને અમે હારવાને પણ લાયક હતા, કારણ કે આ રમત એટલી અદ્ભુત હતી,” PSG કોચ લુઈસ એનરિકે કહ્યું.

“મેં પહેલાં ક્યારેય આવી લયવાળી રમત જોઈ નથી. તમારે વિરોધીઓને, ખેલાડીઓને અભિનંદન આપવા પડશે. જ્યારે તમે 5-2 ની આટલી લીડ રાખો છો, ત્યારે વિરોધીઓ ઘણા જોખમો લે છે - તેઓ એક ઉચ્ચ સ્તરની ટીમ છે. તે મુશ્કેલ હતું, અને બીજો લેગ પણ હશે,” એનરિકે કહ્યું

હેરી કેને 17મી મિનિટે પેનલ્ટીમાં PSG ગોલકીપર માટવેઈ સફોનોવને હરાવ્યો અને સતત છ ચેમ્પિયન્સ લીગ ફિક્સરમાં ગોલ કરનાર પ્રથમ અંગ્રેજી ખેલાડી બન્યો. ત્યારબાદ ઇંગ્લેન્ડના કેપ્ટને માઈકલ ઓલિસ માટે યોગ્ય સમયસર પાસ આપ્યો, પરંતુ તેનો ક્લોઝ-રેન્જ શોટ લાઇનની બહાર નીકળી ગયો. ડેમ્બેલે બ્રેક થ્રો થતાં યજમાન ટીમે બરાબરી કરી લેવી જોઈતી હતી, પરંતુ 23મી મિનિટે તેનો ફિનિશ ખૂબ જ પહોળો થયો. ક્વારાત્સ્કેલિયાએ બોક્સમાં કાપ મૂક્યા પછી ટ્રેડમાર્ક મૂવ અને લો શોટ સાથે ગોલ કર્યો. ઓલિસે એકલા રન અને તેના ડિફ્લેક્ટેડ પાસ પછી બાયર્ન પોસ્ટ પર હિટ થયું, પરંતુ પીએસજીએ 33મી મિનિટે જોઆઓ નેવેસના હેડરથી ફરીથી ગોલ કર્યો.

પહેલા હાફમાં ઘણો નાટક બાકી હતો જેમાં ઓલિસે તેની અગાઉની ભૂલ સુધારી અને બોક્સની આસપાસ ખૂબ જગ્યા આપ્યા પછી 41મી મિનિટે શોટ સાથે બેયર્નને બરાબરી પર લાવી દીધો.

### ટ્રમ્પની સોનેરી સહી અને ચહેરો ચમકશે પાસપોર્ટ પર: અમેરિકાની સવા બસો વર્ષની ઉજવણીમાં નવું આકર્ષણ

# અમેરિકી પાસપોર્ટ પર હવે ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટો

(એજન્સી) અમેરિકા | તા.29

યુએસ પાસપોર્ટમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના ફોટોગ્રાફનો સમાવેશ તેમની છબીનો ઉપયોગ કરવાનો નવીનતમ અને સૌથી અનોખો દાખલો દર્શાવે છે. અમેરિકન સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠની આસપાસના ઉજવણીઓ માટે બનાવવામાં આવેલી વસ્તુઓ માટે તેમની સમાનતાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ઈરાન સાથે ચાલી રહેલા સંકટ વચ્ચે, યુનાઈટેડ સ્ટેટ્સ તેની સ્વતંત્રતાના 250મા વર્ષની ઉજવણી ખૂબ જ ધામધૂમથી કરવા માટે તૈયારી કરી રહ્યું છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના એક અધિકારીએ ગઈકાલે, મંગળવારે જણાવ્યું હતું કે સરકાર ટૂંક સમયમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટોગ્રાફ ધરાવતા પાસપોર્ટ જારી કરવા માટે તૈયાર છે. અધિકારીએ નોંધ્યું હતું કે આ પાસપોર્ટ 'વોશિંગ્ટન પાસપોર્ટ એજન્સી દ્વારા જારી કરાયેલ ડિફોલ્ટ પાસપોર્ટ' તરીકે સેવા આપશે (એકવાર ઉપલબ્ધ થયા પછી) જે વ્યક્તિઓ તેમના પાસપોર્ટ રિન્યુ કરવા માટે રૂબરૂમાં સુવિધાની મુલાકાત લે છે.અધિકારીએ ઉમેર્યું હતું કે, 'ઓનલાઈન ચેનલો અથવા અન્ય સ્થળોએ મેળવેલા પાસપોર્ટની ડિઝાઇન વર્તમાન ડિઝાઇન જેવી જ રહેશે.' યુએસ પાસપોર્ટમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પના ફોટોગ્રાફની હાજરી તેમની છબીના ઉપયોગનું નવીનતમ અને સૌથી વિશિષ્ટ ઉદાહરણ રજૂ કરે છે. અમેરિકન સ્વતંત્રતાની 250મી વર્ષગાંઠ નિમિત્તે ઉજવણીના ભાગ રૂપે બનાવવામાં આવેલી વસ્તુઓ માટે તેમના નામનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ખાસ કરીને ટંકશાળિત સિક્કાઓ અથવા નેશનલ પાર્ક પાસથી વિપરીત, યુએસ પાસપોર્ટ એક આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત ઓળખ દસ્તાવેજ છે જે સામાન્ય રીતે 10 વર્ષ માટે માન્ય હોય છે.







**■ પાસપોર્ટ પર ટ્રમ્પનો ફોટો અને સહી** નવા પાસપોર્ટના મોકઅપ મુજબ, રાષ્ટ્રપતિ ટ્રમ્પનો ચહેરો અને તેમના હસ્તાક્ષર - સોનામાં રેન્ડર - અંદરના કવર પર દેખાશે. સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટોમી પિગોટે ગઈકાલે જણાવ્યું હતું કે, 'જેમ જેમ યુનાઈટેડ સ્ટેટ્સ આ જુલાઈમાં તેની 250મી વર્ષગાંઠ ઉજવવાની તૈયારી કરી રહ્યું છે, તેમ તેમ સ્ટેટ ડિપાર્ટમેન્ટ આ ઐતિહાસિક પ્રસંગને ચિહ્નિત કરવા માટે મર્યાદિત સંખ્યામાં ખાસ ડિઝાઇન કરેલા યુએસ પાસપોર્ટ જારી કરવાની તૈયારી કરી રહ્યું છે.' તેમણે જણાવ્યું હતું કે, 'આ પાસપોર્ટમાં અનન્ય કલાકૃતિ અને ઉત્કૃષ્ટ છબીઓ હશે, જ્યારે તે જ સુરક્ષા સુવિધાઓ જાળવી રાખવામાં આવશે જે યુએસ પાસપોર્ટને વિશ્વનો સૌથી સુરક્ષિત દસ્તાવેજ બનાવે છે.

### યુએસ કેટલા ખાસ પાસપોર્ટ જારી કરશે?

